૨૦૦૫

गुजराती चोथी चोपडीना अर्थ.

કવિતાની સમજુતી તથા વાઘેલા વંશ સુધી ગુજરાત
દેશના સંક્ષિપ્ત ઇતિહાસ સાથે.

ફકીરભાઇ કાસીદાસ

સુરતની નામદાર સર જમસેદજી જીજીભાઇવાળી નંબર
પેહેલાની છોકરાઓની નિશાળના વડા માજી---માસ્તર-
ના છોકરા નગીનદાસ ફકીરભાઇ કાસીદાસની
વતી રાધાભાઇ જગજીવનદાસે છપાવી
પ્રસિદ્ધ કર્યા.

(ત્રીજી આવૃત્તિ, સુધારા સાથે)

મુંબઈ :

રીપન પ્રીનતીંગ પ્રેસમાં છાપ્યું છે.

સન ૧૮૮૩.

કિમ્મત સાડા ચાર આના.

गुजराती चोथी चोपडीना अर्थ.

હાલમાં છોકરાઓએ ગુજરાતી ત્રીજા ધોરણમાં ચોથી ચોપડી શીખવા માંડી, એટલે પાઠમાં આવેલો દર એક શબ્દ વ્યાકરણમાં કયા વર્ગનો ગણાય છે તે તેઓએ સારી પેઠે જાણવું જોઇએ; તેટલા સારૂ દર એક શબ્દના અર્થની સાથે વ્યાકરણનો વર્ગ લખી જણાવ્યો છે, અને તેની સમજવાની નિશાની ટુંકામાં નીચે મુજબ કરી છે તે પ્રમાણે વાંચીને સમજી લેવું.

(ના) નામ.
(સ) સર્વનામ.
(વિ) વિશેષણ.
(ક્રિ) ક્રિયાપદ.
(અ) અવ્યય.
(કૃ) કૃદંત.

પાઠ ૧ લો.

મંડાવીશું (ક્રિ) શરૂ કરાવીશું.
ગમશે (ક્રિ) પસંદ પડશે; સારૂં લાગશે.
વાર (ના) વખત.
પાછલી (વિ) પછાડીની.
રાજી (વિ) મગન; ખુશી
સુંદર (વિ) સારી.
ચાહે (ક્રિ) માગે; ઇચ્છે.
કામ (ના) ધંધો.
નવરા (વિ) કામથી પરવારેલા.
પહેલાં (અ) અગાઉ.
વસ્તુ (ના) ચીજ.
પરમેશ્વર (ના) મોટો ઇશ્વર; પ્રભુ.
પશુ (ના) ચોપગાં જાનવર; ચોપગાં પશુ.
પંખી (ના) પાંખવાળાં પક્ષી.
આકાશ (ના) ગગન.
પૃથ્વી (ના) દુનિયા.
સાંભરેછે (ક્રિ) યાદ આવે છે.
ભાઇડા (ના) મરદો.
બાઇડી (ના) બઇરાંઓ.
છોડીઓ (ના) છોકરીઓ.
કીડા (ના) જીવડાં.
ચંદ્રમા (ના) ચાંદો.
જગત (ના) દુનિયા.
સર્વે (વિ) બધું; સઘળું.
સરજ્યું (ક્રિ) પેદા કીધું.
વિના (અ) વગર.
દેખતા (ક્રિ) જોતા.
સદા (અ) રોજ.

હરઘડી (અ) વારેવારે.
માલમ (વિ) યાદ; ફ્રેમ.
છાનું (વિ) ગુપ્ત.
ભોઠું (વિ)ખરાબ;ભુંડું.
શિક્ષા (ના) સજા.

પાઠ ૨ જો.

જગત(ના)પૃથ્વી;દુનિયા
રેનડીઅર (ના) સાબ
રના જેવું સીંગડા
વાળું જનાવર.
ગરૂડ (ના) મોટા પક્ષી-
નું નામ છે.
શીખવાનું (કૃ)ભણવાનું
દેશ (ના) મુલક.
વસે છે (ક્રિ) રેહે છે.
બોલી (ના) ભાષા.
જાત (ના) તરેહ; પ્રકાર.
જનાવર (ના) ચોપગાં
જાનવર–પશુ.
સિંહ (ના) મોટા જબ-
રા પશુનું નામ છે.
આંબા (ના) કેરીનાંઝાડ.
નાળિએરી (ના) નાળિ
એરનાં ઝાડ.
ખજૂરી (ના) ખજૂરા
નાં ઝાડ.
ટાઢ (ના) ઠંડ; હીમ.
મૂલક (ના) દેશ.
અનાજ (ના) દાણો.
ફળ (ના) લીલો મેવો.
નીપજે છે (ક્રિ) પાકે છે.
ભોંય (ના) જમીન.
ધાતુ (ના) સોનું, રૂપું,
ત્રાંબું, લોઢું વગેરે.
પર્વત(ના)મોટો પાહાડ.
ફાતર (ના) ગુફા.
મેદાન (ના) મોટી પો-
હોળી ખુલ્લી જગ્યા.
સરોવર (ના) મોટું ત-
લાવ; (ચોતરફજમી
નને વચમાં પાણી તે.
અવાજ (ના) સાદ.
કિનારે (ના કાંઠે.
દરિઓ (ના) સમુદ્ર.
છોળો (ના) છાલકો.
અથડાતી (કૃ)અફળાતી.
પાહાડ (ના) મોટા ડુંગ
રો જોડાઇને ઊંચા
ગયલા તે.
ઉના (વિ) ગરમ.
ઝરણ (ના) ધીમે ધીમે
પાણી વેહે,તેઃ વેહેળા.
જગ્યા (ના) ઠેકાણું.
પાલીઆં (વિ) ખરાબ;
પીએને માંદા પડે એવાં.
માંદા (વિ) કાહેલી.
મુદ્દલ (વિ) બીલકુલ.
થંડા (વિ) ટાઢવાળા.
ભોંયરા(ના) ભોંય તળિ-
આ નીચેનાં ઘર.
હેઠે (અ) નીચે; હેઠળ.
હુંફ (ના) ગરમી.
ગુજરાતી (વિ) ગુજરા-
તના.

પાઠ ૩ જો.

પ્રાર્થના (ના) સ્તુતિઃ
ભક્તિઃ બંદગી.
સંસાર (ના) દુનિઆ.
પર્વત (ના)મોટા પાહાડ.
જોમ (ના) જોર.
દાતાર (ના) સખીઃઆપ-
પનારઃ દોલો માણસ.
પ્રાણીઆ (ના) જીવડાઃ
જીવવાળો માણસ.
હરવું (ક્રિ) ફરવું.
ઇશ્વર (ના) પ્રભુ.
તૈયાર (વિ) તરત કામ-

...માં આવે એવા.
શોભિતા (વિ) શોભાયમાન: શોભાવંતા.
સોમ (ના) ચંદ્રમા.
રચ્યાં (ક્રિ) બનાવ્યાં.
જબરૂં (વિ) ભારે: મોહોટું.
અદકાં (વિ) વધારે.

જ્ઞાન (ના) સમજણ; અક્કલ.
ભૂલે (ક્રિ) વિસરે.
પાપી (વિ) ચંડાળ: દુષ્ટ.
ઉપકાર (ના) પાડ.
કાપ (ક્રિ) મટાડ.
કલેશ (ના) કજીઓ: કંકાસ.

કંકાસ (ના) કજીઓ; લડાઇ.
પરિતાપ (ના) સંતાપ.
કુમતિ (ના) નઠારી બુદ્ધિ; ખરાબ વિચાર.
કરૂણા (ના) દયા; મેહેર.
કષ્ટ (ના) દુ:ખ.
સુખ (ના) ચેન; મજા.

(કવિતાની સમજુતી.). (૧).

અરે ! પ્રભુ તું તો એકજ છે. તેં આખી દુનિયા પેદા કરી છે, પૃથ્વી, પાણી, અને પર્વતો એ બધુ તેંજ બનાવ્યું છે. (૧) તારા મઝાના-શોભાયમાન, સૂરજ ને વળી ચંદ્રમા, તે બધાને તેંજ બનાવ્યા છે, એ તારૂં પ્રભુ મોટું જોર છે. (૨) અમને બધી વાતની સમજણ ને અમારામાં બધા ગુણો છે, તેનો પ્રભુ તુંજ આપનાર છે; કોઇ ચંડાળ માણસ હોય તે એ બધો તારો આભાર ભૂલી જાય. (૩) માટે હે ઇશ્વર તું કજીઆ લડાઇટંટા જે હોય તેનું મોં કાળું કર એટલે તે કાહાડી નાંખ, ને પાપનો મોટે જે સંતાપ તેને પણ દૂર કર, અને અમારા બધા દુ:ખ મટાડીને સઘળી વાતે અમને સુખી કર. (૪).

પાઠ ૪ થો.

પરગજુ (વિ) પરોપકારી, પર કલ્યાણી.
ઢેબરાં (ના) જુવાર બાજરીના જાડા રોટલા.
ભો (ના) બીક, ડર.

અધમુઓ (વિ) અડધો મરેલો, મુડદાલ.
દેખાડ્યું (ક્રિ) બતાવ્યું
ગમ (ના) તરફ, બાજુ.
દયા (ના) રેહેમ.
વેહેલો (વિ) જલદી.

માંદા (વિ) કાયલી આજારી
કૂવા (ના) ખાડા.
લેવાઇ ગયો (ક્રિ) મુડદાલ જેવો થઇ ગયો.
શક્તિ (ના) જોર.
ઉઠાડવા (કૃ) ઉભો કરવા.

દુઃખ(ના) સંકટ; પીડા.
છોડવું(ક્રિ)કાહાડવું.
સંભાળ(ના)બરદાસ.
કલ્લા(ના)બાચકા;ચોડા
તપેલી(ના) પાતેલી.
ટટાર (વિ) હોંશિયાર.
ચરવા(કૃ)ઘાસ ખાવા.

પાઠ ૫ મો.

આથડીઆં (ના) તમ્મર,
ફાંફાં.
મેહેનત(ના)કોશિશ.
સૂઝતો(કૃ)દેખાતો.
બાપુ(ના)બચ્ચા;ભાઇ.
ખલ્લીશ(ક્રિ) ભીજાઇશ.
ભણી(અ)તરફ.
કાઢું(ક્રિ)બાંહાર આંણું.
સાદ(ના)અવાજ.
ડૂબી(કૃ)બૂડી.
આશિષ(ના)સારી દુઆ.
ગરીબ(વિ)કંગાળ.
કાખ(ના)બગલ.
ટેકો(ના)આધાર.
ખોડંગતો(કૃ)લંગડાતો.
હીંડતો(કૃ)ચાલતો.
લંગડાણી(કૃ)ખોડાઉં.
ઉતાવળો(વિ)ઝડપથી.

પાઠ ૬ ઠો.

આય(ના)શકિત.
ભૂલો પડયો=રસ્તો વિસરી ગયો.
જંગલ(ના)વગડો; રાન.
આડોઅવળો(અ)વાંકોચુકો;આણીગમપેલીગમ.
ભટકયો (ક્રિ) રખડયો.
ગભરાઇ (કૃ) અકળાઇને.
પોકેપોક (વિ) મોટે સાદે.
રોયો (ક્રિ) રડયો.
પોતીઉં (ના) ધોતીઉં.
ધરાયો (ક્રિ)તરપત થયો.
કટકો (વિ) જરા; થોડું.
ગુણ (ના) ઉપકાર.
વળતી (અ) પછી.
વગડો (ના) વન;રાન.
ચરતો (કૃ) ઘાસ ખાતો.
ભોમિઓ (ના) જાણીતો.
જીવાડયો (ક્રિ) બચાવયો.
નજર (ના) ધ્યાન;નીધા.
પક્કું (વિ) ખરેખરૂં.

પાઠ ૭ મો.

લૂટવું (ક્રિ) જોરાવરીથી ખૂંચી લેવું.
મનસૂબો (ના) વિચાર.
અટકળ (ના) વિચાર.
પરોણાગત (ના)પરોણા ચાકરી.
ઘટારત (વિ) લાયક.
ઉજડ (વિ) લોકોનીઆવ જાવ નહીં તે;અવાગરો.
પકડો (ક્રિ) ઝાલો.
બૂમ(ના)સાદ;ઘાંટો.
પાંગળો (વિ) પગે લૂલો.
વેળાસર(અ) વખતસર.
વાળવાને(કૃ)બદલો આપવાને.
લંગડો (ના)લૂલો; લૂલા પગ વાળો માણસ.
મદદ (નાં)કુમક.
ટાંટિઆ(ના)પગ.
ખભે (ના) ખાંધ ઉપર.
લગણ (અ)સુધી.
ભલું.(વિ) સારૂં રૂડું
ઇચ્છતો (કૃ) ચાહાતો.

પાઠ ૮ મો.

ભોજન (ના) જમવાનું.

ભજીઆં(ના) ચણાના લોટના ખીરામાં મસાલા સાથે રતાળું, કેળાં ભાજી વગેરે નાંખીને ઉના તેલમાં તળી કાઢેલી ચીજ.

વર્ણન(ના)વિસ્તાર.

શીરો(ના)ઘઉંના લોટને ઘીમાં શેકી માંહે ખાંડનું પાણી રેડી લચકા જેવું કરેલું તે.

કમોદ(ના) ઊંચી જાતના ચોખા.

પકવાન(ના) લાડવા, જલેબી, દંહીંતરા ઘેબર વગેરે માઠાઇ.

વડી (ના) ચોખાની દાળ ભીનાળીને વાટી માંહે આંદુ, મરચાં નાંખીને સોગઠા જેવી બનાવેલી ચીજ.

વડાં(ના)ચોળાકેઅડદની દાળ વાટીને પતાસા જેવો આકાર કરીને તેલમાં તળી કાઢેલું તે.

પૂરણપોળી(ના)પડ વાળી રોટલી; વેડમી.

પાપડ(ના)અડદની દાળનો લોટ કરી માંહે સંચોરો મરી વગેરે નાંખી પૂરી જેવડી બનાવેલી ચીજ

કચોરી (ના) ધારી જેવું ખાંડવાળું ખાવાનું.

સેવો(ના)ચણાનો લોટકે ઘઊંની પરસૂદીને ભીનાળીને તેના લાંખાતાર કરી ગુંચળા જેવું કરેલું તે.

સુણજો(ક્રિ)સાંભળજો.

અતિ (વિ) ઘણી; બહુ.

ભાગીને (કૃ) વલોવીને.

ભાતભાત(ના)જાતજાત.

તળ્યાં(ક્રિ)તેલમાં વઘાર્યા

દૂધપાક (ના)દૂધમાં ચોખા ખાંડ નાંખી પાક કરેલો તે.

લાડૂ(ના)લાડવા.

સાર (વિ) સારા.

કંસાર (ના) ઘઊંના છેક ઝીણાઝીણા કટકા કરી પછી તેને ગોળ કે ખાંડના પાણીમાં બાફેછે તે.

સ્વાદ (ના) લેહેજત.

અપાર (વિ) ઘણાજ.

(કવિતાની સમજુતી). (૨).

અમે આજે જે જમણ જમ્યા, તેની વાત તમે સાંભળો; કમોદના ચોખાનો ભાત કીધો હતો, અને દાળ ઘણી સરસ બની હતી (૧) દહીંને વલોવીને જાડી છાશની કઢી કીધી હતી, અને માંહે સારી વડી નાખી હતી; જૂદી જૂદી જાતનાં શાક તળ્યાં હતાં, ખાસુદી, પૂરીને દૂધપાક કર્યા

હતા. (૨) વેડમાને લાડવા સારા હતા, ને વડાં કચોરીને કંસાર કીધો હતો; ભજીઆં તળેલાં નેસારી ભાજી કરી હતી, ને શીરો સારો ને રોટલી બનાવી હતી. (૩). પાંચે પકવાન કરેલા તે જમતાં જમતાં ઘણી મઝા પડે; ને વડાં પાપડ ને સેવો સારી હતી, ને તળેલા ચણાનો સ્વાદ ઘણો સારો હતો. (૪).

પાઠ ૯ મો.

આંબા (ના) કેરીનાં ઝાડ.
મરવા (ના) નાની કુમળી કેરી.
કાછીઓ (ના) તરકારી વેચનારો; પસ્તાગીઓ.
શાખ (ના) પાકવા પર આવેલી કેરી.
ટોપલા (ના) વાંસની છાલની બનાવેલી મોટી ટોપલી.
આફૂસ (ના) બીન રેસાદાર કેરીની જાત.
કલમ (ના) લાંબડી કેરીની જાત.
થીર (વિ) હાલ્યાવગરનો.
મૂળ(ના) મૂળિઆં; જડ.
થડ(ના) ઝાડનો નીચલો ગોળ ભાગ.
ડાળાં (ના) ઝાડની મોટી શાખા.
ડાળીઓ (ના) ડાળામાંથી ફૂટેલી મોટી શાખા.
પાંદડાં (ના) પાંતરાં.
મોર (ના) આંબાનાં ફૂલ
તૂરા (વિ) ફિક્કા.
જીણ(ના) પડ.
કઠણ (વિ) સખત.
અથાણાં (ના) આથણાં.
ખરો (વિ) સખત; ઘણો.
ગળી (વિ) મીઠી.
લટકેલી (કૃ) ટીંગાએલી.
બજાર (ના) ચૌટું.
સરસ (વિ) સારી.

પાઠ ૧૦ મો.

માબાપ (ના) માતા પિતા; માત તાત.
આજ્ઞા (ના) હુકમ.
સંભાળ (ના) બરદાસ.
ધર્મ(ના) ફરજ; કામ.
પાડ (ના) ઉપકાર.
ભોગવવું (ક્રિ) વાપરવું; ફોડી લેવું.
બદલો (ના) પાડ.
આભાર (ના) ઉપકાર.
ભૂંડા (વિ) ખરાબ.
માનવી (ક્રિ) પાળવી.
સારૂં નરસું (વિ) સારૂં નઠારૂં.
આડું (વિ) વાંકું; ઉલટું.
રળીને (કૃ) પેદા કરીને.
નભાવેછે (ક્રિ) ચલાવેછે
માન (ના) આબરૂ.
ઉછેર્યાં (ક્રિ) મોટા કર્યાં
વેઠ્યું (ક્રિ) ખમ્યું.

ઘરડાં (વિ) બુઢ્ઢાં; જઇફ.
હેત (ના) પ્યાર.
વેળા (ના) વખત.
પજવવા (ક્રિ) કાયરકરવા; દુઃખ દેવું.

પાઠ ૧૧ મો.

નઠારે (વિ) ખરાબ.
પરખવું (ક્રિ) જાણવું.
બેફિકરૂં (વિ) ચિંતા વગરનું.
કાયર (વિ) હેરાન.
ઠરતા (ક્રિ) સ્થિર રેહેતા.
પૂરો (વિ) બરાબર.
ભૂલો (ના) ચૂકો.
ઠામઠામ (ના) ઠેકાણે ઠેકાણે.
અચકાય (ક્રિ) અટકે; ખાંચો ખાય.
શરમાતો (કૃ) લજવાતો.
આળસ (ના) સુસ્તી.
બેફિકરાઇ (ના) બેપરવા
મેલા (વિ) ધુળવાળા.
ઝટ (અ) જલદી.
વર્ગ (ના) હાર; કલાસ.
દસ્કત (ના) અક્ષર.
બેવકૂફ (વિ) મૂર્ખ.
અથડાય (ક્રિ) અફળાય
પંડે (વિ) જાતે; પોતે.
કડવો (વિ) નઠારો.
મન (ના) ચિત્ત.
છુટ્ટી (ના) રજા.
વાટ (ના) રાહા.
નડે (ક્રિ) કાયર કરે.
મસ્તી (ના) તોફાન.
ફજેત (વિ) બેઆબરૂ.

પાઠ ૧૨ મો.

ગુરૂજી (ના) મેહેતાજી.
સમીસાંજ (ના) સંધ્યાકાળ.
પાય (ના) પગ.
લવારો (ના) બકબકાટ.
ગવાળો (ના) બખેડો; છાબ.
પોથી (ના) ચોપડી..
લીખ (ના) જૂ; જૂનાં ઈંડાં.
આપ (સ) પોતે; જાતે.
ધારે (ક્રિ) માને વિચારે.
ધારો (ના) કાયદો.
ધ્રૂજે (ક્રિ) થરથરે; કાંપે
જોડણી (ના) અક્ષરજોડવાનું કામ.
અતિશે (વિ) ઘણીજ.
ચિંતા (ના) ફિકર.
ચૂક (ના) ભૂલ.
લેખણો (ના) કલમો.
ઘેલી (ના) ગાંડી.
લેખીએ (ક્રિ) જાઇએ.
લૂગડાં (ના) કપડાં.

(કવિતાની સમજુતી). (૩).

જે નઠારો નિશાળીઓ હોય તે નિશાળમાં બધા છોકરા આવી રહ્યા પછી પોતે આવે, ને બીજા સૌ બેશી રહ્યા પછી પોતે બેસે; મેહેતાજી જે ધારા પ્રમાણે ચાલવાને કેહે તે પ્રમાણે ચાલે નહીં, તો તે નઠારો નિશાળે જઇને

શું શીખવાનો હતો, (કંઇજ નહીં). (૧). તેનઠારા નિશાળીઆને સાંઝ પડે કે સૂવાનું મન થાય, પછી પાઠ વાંચતાં પોતાના પગ થરથર ધ્રૂજ્યા કરે; લખવા બેસેતો લીસોટા લીસોટા પાડે ને ભણવા બેસે તો બકબકાટ કર્યા જાય, તો તે નઠારો નિશાળે જઇને શું શીખવાનો હતો. (૨). શબ્દોની બરાબર જોડણી પણ તેને આવડે નહીં, ને મનમાં ઘણી ફિકર નહીં તેથી ઘણી ભૂલો તેને પડે; કલમો ભાંગીને બધી તે એકઠી કર્યાકરે, તો તે નઠારો નિશાળે જઇને શું શિખવાનો હતો. (૩). તેના ધૂળવાળા હાથથી તે ચોપડી પણ મેલી કરે, જેમ કોઇ ગાંડી છોકરી હોય ને તે બધું એકઠું કર્યા કરે તેમ તે કરે; તેના લૂગડાંમાં આપણે હજારો જૂ જોઇએ, તો તે નઠારો નિશાળે જઇને શું શીખવાનો હતો. (૪).

પાઠ ૧૩ મો.

આરો (ના) પાર; છેડો.
માંકડો (ના) રાતામોંનો વાંદરો.
સંગ (ના) સોબત.
પિતા (ના) બાપ; તાત.
પ્રકાશવું (ક્રિ) તેજ કરવું
માતા (ના) મા; માજી.
રૂપ (ના) કાન્તિ.
પુત્ર (ના) છોકરો.
કર્મ (ના) નસીબ; કામ.
ઠોઠ (વિ) અણઘડ.
વડી (વિ) મોટી.
બાળકો (ના) બચ્ચાંઓ.
ટાળો (ક્રિ) મૂકી દેઓ.
કશી (વિ) કંઈ પણ.
વઢે (ક્રિ) લડે.
આડ પાસે=આડી બાજુએ.
પૂરૂં (વિ) બરાબર.
ખરો બોલ=સાચી શીખામણ.
સૂણી (કૃ) સાંભળી.
ખૂબ ખારો (વિ) ઘણો નઠારો.
ફૂટ્યો (ક્રિ) ફુટેલો, અભાગીઓ.
પ્યારો (વિ) વહાલો.
જોર (ના) બળ,
ઠીક (ક્રિ) બરાબર.
ઠાલો (વિ) અમથો.
ભીખીને (કૃ) ભીખ માંગીને.

(કવિતાની સમજુતી.) (૪).

તે નઠારો નિશાળીઓ કંઈ વાત માંડી કે તેમાં તૈયાર એટલે વાતો કરવા મંડી જાય, તેથી બચ્ચાંઓ તમે તે નઠારાની સંગત મૂકી દેઓ;

એમ કરશો તો કશી વાતનો છેડો તમારો આવવાનો નથી. તો તે નઠારો નિશાળે જઇને શું શીખવાનો હતો. (૫). તે નઠારો બીજા જોડે લડે ને વઢયા કરે કે આડી બાજુએ પડે, પછી તેનું ખરું ડોળ તે જણાઇ આવે તેને કોઇ સારી શીખામણ દે તે કડવી ઝેર જેવી લાગે, તો તે નઠારો નિશાળે જઇને શું શીખવાનો હતો. (૬). તે નઠારો કીસમતનો ફુટેલો નિશાળમાં મેહેતાજીને પણ કાયર કર્યાકરે, ને નિશાળમાંથીછૂટે ત્યારે વાંદરાંની પેઠે કુદકો મારી દોડયો જાય; પછી તે છોકરો માબાપને પણ વહાલો લાગે નહીં; તો તે નઠારો નિશાળે જઇને શું શીખવાનો હતો. (૭). તે નઠારાને ઘણા જોરથી (પકડીને) નિશાળમાં લાવીને ગોંધો, તો પણ તે બરાબર શીખવાનો નહી ને મુરખોજ રેહેવાનો; પછી ભીખ માંગીને પોતાનો અથવા ભારો વેચીને ગમે તેમ ગુજારો કરે, તો તે નઠારો નિશાળે જઇને શું શીખવાનો હતો. (૮).

પાઠ ૧૪ મો.

કમાયો (ક્રિ) પેદા કીધો.
પત(ના) પતીજ; ભરૂંસો
સાટું (ના) કરાર; વેચાણનો બંદોબસ્ત.
ઉજાણી (ના) મેજબાની; જીઆફત.
કને (અ) પાસે; સોડે.
બાળક (ના) બચ્ચું.
લુચ્ચા (વિ) દોંગા.
છેતર્યો (ક્રિ) ઠગ્યો.
વિશ્વાસ (ના) ભરોસો.
જૂઠું (ના) ખોટું.
ઠગ્યો (ક્રિ) છેતર્યો.
કાળું કર; મોં છુપાવ.
ઠગ(ના) ઠગારો; ધૂતારો.
હરામ (વિ) અધરમ.
જન્મ (ના) જીંદગાની.
ફજેતી(ના) ગેર આબરૂ.
મા (અ) નહીં.
છેતરાય (ક્રિ) ઠગાય.
ભૂલી ગયો(ક્રિ) વિસરી ગયો.
નફો (ના) ફયદો; હાંસલ

પાઠ ૧૫ મો.

દેવ (ના) પ્રભુ; પરમેશ્વર.
ગાડીવાન (ના) ગાડીવાળો; ગાડીહાંકનારો.
ખંત (ના) ચેટક.
વગડો(ના) વન; જંગલ
ઉદ્યમ(ના) ધંધો; વેપાર.
ચીકણો (વિ) ચીકાશવાળો; ચોંટી જાય એવો.
ચોટી(કૃ) વળગી; બાઝી.
વાટ (ના) રાહા.
રોઈ (કૃ) રડી.

વિનંતી (ના) કાલાવાલા. અરજ.
સહાય (ના) મદદ.
વાણી (ના) વાચા.
મૂરખ (વિ) બેવકુફ.
ટેકો (ના) આધાર.
આળસુ (વિ) સુસ્ત.
આશરો (ના) મદદ.
જોડી કાઢેલી (કૃ) બનાવટની; બનાવેલી.
ભરોસો (ના) વિશ્વાસ.
પંડેજ (વિ) પોતેજ.
આધાર (ના) આસરો.
ગરજ (ના) દરકાર; પરવા
ગુનો (ના) અપરાધ.
આજ્ઞા (ના) હુકમ.
મેહેનત (ના) શ્રમ; ઉદ્યમ

પાઠ ૧૬ મો.

કેળ (ના) કેળાનું ઝાડ.
તાપોડીઆં (વિ) ખાસડીઆં; લાંબા જાડી છાલના.
સોનેરી (વિ) ટુંકાં; પાતળી છાલનાં.
ટુંકણી (વિ) ચોધારાં; લાલ તથા લીલી છાલનાં.
મથાળે (ના) ઉપર; ટોચે
આસપાસ (અ) આજુબાજુએ.
જથો (ના) ઝૂમખો.
ફળેછે (કિ) ફળઆવેછે.
પીલા (ના) ફણગા.
લૂમ (ના) કાતરો.
ટુંકી (વિ) થોડી.
મુદત (ના) વખત.
મેવો (ના) ફળ.
બાફીને (કૃ) રાંધીને.
ફરાળ (ના) વ્રતમાં ખાવાનાં ફળ વગેરે; ફળખાવાં તે.
મુખ્ય (વિ) મોટી.
જણસ (ના) ચીજ; વસ્તુ
રેસા (ના) દોરા.
સ્વાદે (ના) લેહેજતમાં.
બારેમાસ = આખું વર્ષ.
કોહોતાં (કૃ) કોહી જતાં; સડતાં.

પઠા ૧૭ મો.

નીળ (ના) કાળા ડીલના વાંદરા.
કાઠું (ના) શરીરનું કદ.
પવાલું (ના) જામ; પ્યાલું
ગરમ (વિ) તાપવાળા.
જાત (ના) તરેહે.
ડીલે (ના) શરીરે.
માંકડાં (ના) રાતા મોંના વાંદરાં.
કૂદવાનું (કૃ) કૂદકો મારવાનું; છલંગ મારવાનું
ફાળ (ના) કૂદકો ફલંગ.
વળગી (કૃ) બાઝી
લાગ (ના) દાવ.
રાંધેલું (કૃ) બાફેલું.
ધાન્ય (ના) અનાજ.
પાળી (કૃ) પોષી; ખવડાવી પીવડાવી.
ઘાટ (ના) આકાર; ડોળ.
મળતો (કૃ) સરખો.
બેટો (ના) ટાપુઓ.
ઝુંપડી (ના) નાનું ઘર.
વાળ (ના) બાલ.
અજાણ્યો (વિ) ઓળખાણ વગરનો; અતરાપી.
આઘેથી (અ) દૂરથી.

ભૂલમાં (ના) ગફલતમાં
જંગલી (વિ) રાનમાં રે
હેનારો, રાંની.
વિલાયત (ના) અંગ્રેજ
લોકોનો દેશ.
ખારવા (ના) ખલાસી.
હળીગયો (ક્રિ) મળી
ગયો.
ભિખારો (વિ) બાપડો.
સંભાળીને (કૃ) ખરદાસ
લઇને; સાચવીને.

પાઠ ૧૮ મો.

ખોદે તે પડે=આપણે કો
ઇનું ભુંડું કરવા જઈ
એ તો આપણુંજ મા
ઠું થાય.
દાનત (ના) નિષ્ઠા; નજર
ગીધ (ના) લોહી માંસ
ખાનારૂં મોટું પક્ષી,
નગરશેઠ (ના) શેહેરનો
શેઠીઓ.
માલ (ના) માલમતા;
ભંડોલ પાણી.
વહેંચી લેવાને (કૃ) ભા-
ગ પાડવાને.

ઝાડી (ના) નાનાં મોટાં
ઝાડ એક બીજા ઝાડ
સાથે આવી ગુફા જેવું
બનેલું તે.
તરસ (ના) સોસ.
વેઠી (ક્રિ) ખમી; સહી.
નિરાંતે (ના) ચેનથી.
ગમી (ક્રિ) પસંદ પડી.
છુઠગો (ક્રિ) આઠ્યો.
તાલેવાન (વિ) પૈસાદાર.
કપાળે (ના) નશીબે.
કંદોઇ (ના) મીઠાઈ, ભ-
જીઆં વગેરે વેચના-
રો.
મીઠાઇ (ના) કોરી સુખ
ડી (બરફી, પેંડા વગે
રે).
ઝેર (ના) વિખ; સોમલ.
ખુશ (વિ) મગન.
મોત (ના) મરણ.
મડદાં (ના) લાસ; લોથ.
ફોલી (કૃ) કોતરી; ફોડી.
કહેવત (ના) કેહેવાતી; કા
હાણી.
ચોરની મા ચંડાળે જાય
=ચોરનો માલ ચંડાલ
ને હાથ ચઢે.
પાપી હાથ ઘસંતા જાય.
=પાપી લોકો કંઈ પુ-
ન્ય દાન કર્યા વગર હા
થ ઘસતા મરી જાય.
ચંડાળ (વિ) પાપી; દુષ્ટ.
ઘસંતા (કૃ) ઘસતાં; ઘસ
ડાયા.

પાઠ ૧૯ મો.

ભીંત (ના) કાદવનો કરો
જઈશમાં=જઈશ નહીં.
ઉકળાતું (વિ)ગરમ થતું
મહાખોટું (વિ) ઘણુંખ
રાબ; બહુ નઠારૂં.
માનવું (ક્રિ) કહ્યું કરવું;
કબૂલ કરવું.
ઉગર્યું (ક્રિ) બચ્યું; જી
વ્યું.
શીખામણ (ના) બોધ;
ફાયદાની કહેલી વાત.
સમજીને (કૃ) જાણીને.
હસવા (કૃ) ઠઠ્ઠિઆરા
કરવા; હાંસી કરવા.
ટોશી (ના) ઘરડી બઇરી

ફિકર (ના) ચિંતા.
અક્કલ (ના) બુદ્ધિ.
પુંજી (ના) ગાંસડો.
ડાહીડાહી (વિ) ડાહા પણ ભરેલી.
ટેવ (ના) ખો; આદત.
ચરૂ (ના) બે કડાવાળું, તાંબાનું કે પિત્તળનું-વાસણ.
ઉની (વિ) ગરમ.
વરાળ (ના) બાફ.
તમ્મર (ના) ચકરી.
મૂરખાઇ (ના) બેવકૂફાઇ.
માની (ક્રિ) કબૂલ કરી.
વલે (ના) હાલ; હવાલ.
નાદાન (વિ) અણસમજુ; થોડી બુદ્ધિનું.
કડવી (વિ) નઠારી.
ડાહ્યાં (વિ) શાણાં.
મરજી (ના) ઇચ્છા.

પાઠ ૨૦ મો.

ઉનામણો (ના) ઉના પાણીનો દેગડો.
ચોટ (ના) ટક્કર; દાવ.
ડોળવું (કૃ) હાલવું; ધુણવું.
તત્કાળ (અ) તરત.
અંજાઇ (કૃ) તમરખાઇ
વિનાશ (ના) નાશ.
મુખ (ના) મોઢું.
પ્યારા (વિ) વાહાલા.
પાસ (અ) પાસે.
ઉકળેછે (ક્રિ) ગરમ થાય છે.
ચૂકે ક્રિ) ભુલે.
જીવ (ના)પ્રાણ; આત્મા
જોખમ (ના) નાશ થવાની ધાસ્તી; સંકટ.
બુદ્ધિબાળ = થોડી અક્કલ.
ડહાપણ (ના) શેખી; ચતુરાઇ.
વેહેમ (ના) શક.
બોલ (ના) શબ્દ.
ચાલ (ના) રીત.
હાલ (ના) હવાલ.

(કવિતાના સમજુતી). (પ).

એક માખીએ મોંડે થકી બોલીને કહ્યું કે હે મારા વાહાલા બચ્ચાં, જ્યાંહાં સુધી હું જઇને પાછી આવું ત્યાં સુધી તું ઉડીને ઊંચે આકાશમાં જતું નહીં. (૧) ત્યાં ઉના પાણીનો દેગડો ઉકળે છે, ને તેની પાસે જો કોઇ જાય, ને એવામાં તેની કાંઇ નજર ચૂકી તો તે વખતે તરત તેનો જાન જતો રેહેછે (માટે તું ત્યાં જઇશ નહીં). (૨) એવી શીખામણ બચ્ચાને દઇને માખી તો ઉડી ગઇ. પણ બચ્ચું નાદાન બુદ્ધિનું, તેથી તુરત તેના મનમાં એ બાબતનો ઘોલાટ કરવા લાગ્યું (૩). તે બચ્ચું મનમાં વિચારવા લાગ્યું કે ઘરડા માણસો વેહેમ ઘાલીને ઘણી વા-

તો કરે છે. પણ આટલે ઉડીને પાછું આવું તેમાં તે હું શીરીતે મરી જઇશ! (૪). એવો મનમાં વિચાર કરીને તે બચ્ચું ઉડી ગયું, ને તે પાણીના ચરૂ કે દેગડા પાસે પહોંચ્યું, તેવુંજ પહોંચતાવારને તમ્મર ખાઇને તેમા પડ્યું કે હું મરી જવાનું એમ તેણે જાણ્યું. (૫). પછી તે મરતા મરતા બોલ્યું કે, જે છોકરા આવી ચાલ ચાલે, માબાપનું કહ્યું માને નહીં ને પોતાની જીદ્દ ચલાવે, તેના આવા હાલ થાય. (૬).

પાઠ ૨૧ મો.

સાચો (વિ) ખરો; સાચા બોલો.

વર્ગ (ના) સરખું શીખનારા છોકરાની હાર.

ભાગજોગે (અ) એકાએક; દૈવયોગે.

નંબર (ના) આંકડો.

સાંભરતું (કૃ) યાદ આવતું.

અજાણતાં (અ) ઓચિંતા; અજાણપણે.

ધારો (ના) કાયદો.

તોડે (ક્રિ) અમલમાં નહીં લાવે.

નાનીસરખી (વિ) નાની જેવી.

બળગાડી (કૃ) બગાડી.

સરત (ના) નજર; ધ્યાન.

ભૂલ્યો (ક્રિ) વિસર્યો.

જૂદું (વિ) જૂદું; નોખું.

જવાબ (ના) ઉત્તર.

નીચું ઘાલી—શરમાઇ.

ઉમેરીશ (ક્રિ) વધારીશ

પાઠ ૨૨ મો.

ટેબલ (ના) લખવાની મેજ.

સાંભર્યાં (ક્રિ) યાદ આવ્યાં.

છાતી (ના) હિમ્મત.

સાચું (ના) ખરૂં.

સાહેબ (ના) મેહેરબાન.

રજા (ના) પરવાનગી.

માફ (ના) ક્ષમા.

કદાપિ (અ) કદી; કબૂ.

છાની (વિ) છૂપી.

ખરેખરૂં (વિ) સાચેસાચું.

માન્યું (ક્રિ) કબૂલ કર્યું

અગાઉ (અ) પેહેલાં.

શરમ (ના) લાજ.

વિચાર (ના) મનસૂબા.

ફોકટ (વિ) નકામા.

ધીરજ (ના) હિંમ્મત.

ત્યારકેડે (અ) ત્યારપછી.

પેહેલાં (અ) આગળ.

ઉઘાડી (ક્રિ) ખોલી.

પડપૂછ(ના) તજવીજ.

પાઠ ૨૩ મો.

આળ (ના) તોહોમત.

નવાઇ (ના) અચરત.

નિત્ય (અ) રોજ.

વાંક (ના) તકસીર.

વગરપૂછે=પૂછયા વિના

સૂઝે (ક્રિ) જણાય.
માંહેમાંહે (અ) એકબીજા; અરસ પરસ.
નક્કી (અ) ખચીત.
છૂટવાની (કૃ) છોડવાની.
પકડાયો (ક્રિ) ઝલાયો.
ખરો (વિ) સાચો.
ઉતર્યું (ક્રિ) ગયું.
પૂરો (વિ) પક્કો; બરાબર
ચાલ (ના) ચાલચલગત
આબરૂ(ના)ઇજત; માન.
વખાણ (ના) તારીફ.

પાઠ ૨૪ મો.

પંચાત (ના) ચૂકાદો.
પલ્લાં (ના) છાબડાં.
આવકાર (ના) આદરમાન; આદરભાવ.
બચકું (ના) ડાકું.
ન્યાય (ના) ઇનસાફ.
ઇનસાફ (ના) ચૂકાદો.
ત્રાજુડી (ના) ત્રાજવા.
કરગરી (કૃ) કાલાવાલા કરી; દલગીર થઈ.
વહેંચતાં(કૃ)ભાગ પાડતાં.
વઢીપડી (ક્રિ) લઢી પડી.
વઢવાડ (ના) લડાલડી.
વાંધો (ના) તકરાર.
તોડ(ના) નીકાલ.
વાજબી (વિ) અદલ.
કશી(વિ)કંઈ;જરાપણ.
કટકા(ના) ટુકડા;કકડા.
નમ્યું ક્રિ) નીચે ગયું.
સમજી (ક્રિ) ચેતી.
ભાઈઓ (ના) બેહેનો.
ધીરજ (ના) સબુરી.
રાહે (ના) રીતે.
છૂટકો (ના) નીકાલ.
લાગેવળગે (ક્રિ) પહોંચે.
ગટ કરી ગયો=ખાઈ ગયો
ઠાઉકું (વિ) ડાહ્યું.
ઉપાય (ના) ઇલાજ.
સુખેથી (ના) મઝાથી.
બેલાશક (અ) નિરભે.
લડાઈ (ના) ટંટો.

પાઠ ૨૫ મો.

પ્રાણી (ના) જીવવાળા પશુ; જાનવર.
ભૂકો (ના) ચૂરેચૂરા.
પશુ(ના)ચોપગાં જાનવર
અટકચાળાં (વિ) આડાં; ચાળા કરનારા.
પંખી (ના) પક્ષી.
માછલાં(ના)નાના મચ્છ.
ઉન (ના) ઘેટાના બાલ.
કર્યાં (ક્રિ) પેદા કીધાં.
ઠીક(અ)દુરસ્ત;બરાબર.
મળતો (કૃ) સરખો.
ફેર (ના) તફાવત.
વાચા(ના)બોલવાનું ભાન
મરજી (ના) ઇચ્છા.
બંડી (ના) બદન.
સુદ્ધાં (અ) સાથે.
હરકત (ના) અડચણ.

પાઠ ૨૬ મો.

રૂવાંટી (ના) ઝીણાબાલ.
રૂપાળા (વિ) શોભીતા.
જ્ઞાન (ના) ભાન; સમજણ.
બસ (અ) બહુ; ઘણું.
સુંવાળા (વિ) કુમળા; નરમ.
ઘટ (વિ) જાડા.
આછા (વિ) થોડા.
લીસા(વિ)સાફ.
ચટાપટાવાળા = કાબરચિત્રાં.
ખરી (વિ) સાચી.

ઝાલવાના (કૃ) પકડવાના	શૂળી (ના) ફાંસી.	આગ (ના) દેવતા.
સીધાં(વિ) પાધરા.	ગલોલ (ના) ગોફણા.	તજો (ક્રિ) મુકી દો.
ઢાંકણુ (ના) કવર.	નમેરા (ના) દયા વગર.	ડરી (કૃ) બીહીને.
સરજનાર(ના) પૈદા કરનાર, (પરમેશ્વર).	સમે (ના) વખતે.	ધારો (ક્રિ) વિચારો.
	ભમે (ક્રિ) ભટકે.	પ્રેમ (ના) હેત.
પાઠ ૨૭ મો.	દયા (ના) મેહેર.	કુળ (ના) વંશ.
હેત (ના) પ્રિતી; પ્યાર.	તજી (કૃ) છોડી દઈ.	કૈક (વિ) કોઇક.
હથોડો (ના) લુવારનું લોઢાનું ટીપવાનું હથિઆર.	દમે (ક્રિ) દુઃખ દે.	ફાંસો (ના) કબજો.
	પરોવી (કૃ) ઘોચી.	તરફડતાં (કૃ) તરફડીઆં ખાતાં.
	કાંતો (અ) નહિંતો.	
અનર્થ (ના) નુકસાન.	છોડે (ક્રિ) મૂકી દે.	ભાળે (ક્રિ) જુવે.
પ્રભુ (ના) ઇશ્વર.	અર્થ (ના) મતલબ.	પાપી (ના) દુષ્ટ માણસ.
મુવાળો (ના) બાલ.	અક્કલ (ના) બુદ્ધિ.	ચિત્ત (ના) મન; ધ્યાન

(કવિતાની સમજુતી). (૬).

કોઇ વખત જ્યારે જાનવરનું મન ભમે છે ત્યારે તે ગમે ત્યાં ફર્યા કરે છે, તેવારે કોઇ માણુસ તે બિચારા પશુને શૂળમા ઘોંચી નિર્દયપણે દુઃખ દેછે; કે નહીંતો પછી તેનો પગ તોડે છે. ને છોડી મૂકેછે કે નહીંતો તેની. આંખ ફોડે છે. કે નહીંતો તેને જોડા વતી માર મારે છે ને પછી હથોડા વતી ધૂળમાં દાટી દે છે; એવું નુકસાન મતલબ વિનાનું ઘણું કરે છે, જેમકે બુદ્ધિ વગરનો માણુસ ઝાડના મૂળમાં આગ મૂકીને તેને બાળી મૂકે તેમ; માટે ઇશ્વરથી બીહીને તમે તેવાં પાપ કરવા મૂકી દો, ને પશુઓ ઉપર પ્યાર રાખવા વિશે પરમેશ્વરનેહેતથી યાદ કરો. (૧).

કોઇ માણુસ પશુના પગને પાંખોને પકડીને તોડી નાંખે છે ને પછી ખુશી થઇને જોવાને તેને છોડી દે છે; વળી કોઇક

તો ખાલથી ફાંસો ઘાલે છે ને પાછી તે પશુના હાથ પગ તરફડે છે તે જુવે છે; તે શુળી કાંટાની સોય જેવી હોય છે તે વગર દયાથી હાથે વતી ઘોચી દે; પક્ષી ઉપર જે ગોફણુ ફેંકે છે તે દુષ્ટ માણુસ મનમાં જરા વિચાર કરતો નથી (કે રએને એને દુઃખ થતું હશે) (૨).

પાઠ ૨૮ મો.

પેચ (ના) આંટો.

મશ્કરી (ના) મજાક.

ચાદર (ના) ખાદીની જાડી પીછોડી.

ઓરવું (ક્રિ) નાંખવું.

સકંજો (ના) સંચો.

જાડેલી (ક) બનાવટની.

તરતજ (અ) પાધરો.

મજે (ના) રમુજ.

અચરજ (ના) નવાઇ.

કપાસ (ના) રૂનાં ઝાડ.

હીંચકા (ના) ઝોલ્લા.

સોબતી (ના) સાથી.

ધાડું (ના) ટોળું.

હીંચવા (કૃ) હીંચકા ખાવા; ઝુલવા.

પછવાડે (અ) પાછળ.

ઝોળીઓ (ના) ઝુલતી ગાંસડીઓ.

ઢગલા (ના) ગંજ.

ચરખા (ના) કપાસ પીલવાના નાના રેંટીઆ.

કપાસીઆ (ના) કપાસના બી.

છુટા (વિ) નોખા; જુદા.

દાબવા (કૃ) ચાંપવા.

ચગદાઇને (કૃ) કચડાઇને; છુંદાઇને.

ટાટ (ના) શણુનું કપડું.

કસ્યા (ક) તાણી કકડીને બાંધ્યાં.

જાળીઆં (ના) ઝીણાં ઝીણાં બાકાં.

પાઠ ૨૯ મો.

ગુંગળાવું (ક્રિ) અકળાવું; ગભરાવું.

કાંતવું (ક્રિ) લાંબા કાચા દોરા કરવા.

વેઠવું (ક્રિ) સેહેવું.

આંટી (ના) સૂતરનું ગોળ ગુંચળું.

તાંત (ના) બકરાના આંતરડાની દોરી.

વેપારી (ના) રોજગાર કરનાર.

પૂણી (ના) રૂના ગાળા ને સળીથી વાળી લાંબો આકાર કરેલો તે.

વણુકર (ના) સાળવી.

મળસકું (ના) સવાર.

રંગરેજ (ના) રંગારા.

સૂતરીઓ (ના) સૂતરનો વેપારી.

કસુંબી (વિ) રાતી.

અથડાતાકુટાતા (કૃ) અફળતા ઝીકાતા.

ગુંગળાઇ (કૃ) અકલાઇ.

અંતે (અ) છેલ્લે.

વારો (ના) વખત.

પીંજારા (ના) રૂને તાંત વડે સાફ કરનાર લોકો

પીંજ્યા (ક્રિ) સાફ કીધા
ઝપાટા (ના) લાકડાના ફૂતકાના સપાટા.
સાળ (ના) લાકડાનું વણવાનું ઓજાર.
આકાર (ના) ડોળ.
નિરાંત (ના) ચેન; સુખ.
પોત (ના) કુમાસ.
ગમ્યું (ક્રિ) પસંદ પડ્યું
સરત (ના) સુરત; ફેમ.

પાઠ ૩૦ મો.

ઓળખાણ (ના) પીછાન; ઓળખ.
ચળકાટ (ના) ઝળકાટ.
ઓચિંતું (અ) એકાએક; એકદમ.
ચાંચવો(ના)કોદાળી જેવું લોઢાનું હથિઆર.
જાણીએ (ક્રિ) ઓળખીએ.
ઝણઝણાટ (વિ) ઝીણો ઝીણો.
અવાજ (ના) સાદ.
ગભરાયો (ક્રિ) અકળાયો.
એકાદ (વિ) એક.

જણ (ના) માણસ.
કાળ (ના) વખત.
સરખો (વિ) જેવો.
હાયહાય (અ) અરે અરે.
અજવાળું (ના) ઉજાસ.
ધીબાધીબ (વિ) ધબ દેતા કે; એક પછી એક.

પાઠ ૩૧ મો.

લગડી (ના) ઢાળકી.
ચીપ (ના) નાની પાટ.
કાનસ (ના) રેતરડી.
જતરડો (ના) કાણાવાળું તાર ખેંચવાનું લોઢાનું હથિઆર.
વેષ (ના) પોષાક બદલીને કોઈના જેવું ડોળ દેખાડવું.
ચપટા (વિ) એક પાસેથી બેહોલા.
મૂસ (ના) ધાતુ ગાળવાનો સંગો; રેચી.
ભાઈબંધ(ના) દોસ્તદાર.
નોખા (વિ) છૂટા.
ભઠ્ઠી (ના) દેવતાનો મોટો ચૂલો.
તપાવી (કૃ) ગરમ કરી.

ભાઈબંધાઈ (ના) દોસ્તી
લપેટી (કૃ) વીટાળી.
સ્નેહ (ના) પ્રિતી.
છોડ્યા (ક્રિ) મૂક્યા.
એરણ (ના) જેના ઉપર ટીપે છે તે ધારવાળું લોઢાનું ઓજાર.
ચપડીને (કૃ)ટીપીને.
હીર (ના) રેશમ.
ફિરકી (ના) કસબ કે રેશમ લપેટવાનું લાકડાનું ઓજાર.
આમળે (ક્રિ) વળ દે.
બદલાઈ(કૃ) ફેરવાઈ.
રાચ (ના) વણવાનું લાકડાનું ઓજાર.

પાઠ ૩૨ મો.

નિર્દય (વિ) ઘાતકી.
અપલક્ષણ (ના) ખરાબ ગુણ, ખરાબ ટેવ.
સલાહ(ના)વિચાર.
જૂઠાણું (ના) જૂઠું.
મહા(વિ) મોટું.
નીચ(વિ) હલકા.
ધિક્કાર(ના)તિરસ્કાર.
હરેક(વિ) ગમે તે.

જોગ (વિ) લાયક.
નુકસાન (ના) હાણી.
વાંક(ના)ગુનો; તકસીર.
ઢાંકવાને (કૃ) છુપાવવાને
માઠું (વિ) ખરાબ.
મતલબ (ના)પેચ;અર્થ.
નાનોસુનો (વિ) જરાક જેટલો.
હરખાતા (કૃ) ખુશીથતા.
ઉઘાડો (વિ) ખુલ્લો.
સ્‌ભાવ (ના) ખાશિઅત; પ્રકૃત્તિ.
ચૂપ (વિ) મૂગાં.
ધૂણાવીને (કૃ) હલાવીને.
ઇશારત (ના) નિશાની.
ઉતારવી (ક્રિ) ઠસાવવી.
છેતરવું (ક્રિ) ઠગવું.

પાઠ ૩૩ મો.

શીકું (ના)વાસણ ભેરવવાનું જાળીવાળું ગુંથેલું દોરડાનું ગુંચળું
તકાવવું (ક્રિ) ધારીરહેવું
છલંગ (ના) ફલંગ.
માંચી (ના) લાકડાની પીઠ વગરની ખુરસી.
અંગારા (ના) દેવતાના શળગેલા કોયલા.
સાચવવું (ક્રિ) સંભાળવું; તપાસવું.
વાસ (ના) સોરમ.
શકિત (ના) જોર.
સોડમ (ના) સુગંધ.
ખસેડી (કૃ) આઘો કરી.
કાના (ના) કોરણ.
ક્યાંક (અ) કઇજગોએ.
ભારે (વિ) મોટી.
વેહેમ (ના) શક.
બોજો (ના) ભાર.

પાઠ ૩૪ મો.

ઉગારવું (ક્રિ) બચાવવું.
આકાર (ના) રૂપ, ડોળ.
ખુશામત(ના)કાલાવાલા.
ફેર (ના) તફાવત.
અજાણ્યું (વિ) અતરાપી; પારકું.
ધણી (ના) શેઠ.
ચેતાવે (ક્રિ) જાણ કરે.
દોરી (કૃ) દોરવી; તેડી.
વરૂ (ના) વાઘના જેવું લોહી માંસ ખાનારૂ જનાવર.
ગુણ (ના) ફાયદો.
બરદાશ (ના) સંભાળ.
સરસ (વિ) સારી.
જન્મથી(ના)જન્મે ત્યારથી.
ફુરકુરીઆં (ના) કુતરીનાં બચ્ચાં; બોકીલાં.
વહાલાં (વિ) પ્યારાં.
ઉલટાં (વિ) સામાં.
લાડે છે (ક્રિ) ગેલકરે છે.
ઉદાસ (વિ) દલગીર.
ઓળખી (કૃ) જાણી.
એકાએક (અ) એકદમ.
ભેગા (વિ) એકઠા.

પાઠ ૩૫ મો.

ઘાયલ (વિ) જખમી.
કાપણી (ના) ઘાસ તથા અનાજ કાપવાનું કામ.
હોજ (ના) પાણીનાંકુંડ, પાણીની ટાંકી.
ઘોરીનસ (ના) ઘોરીરગ.
હૃદય(ના) અંતઃકરણ.
દાતરડું (ના) ઘાસ તથા અનાજ કાપવાનું વાંકું લોઢાનું હથિઆર.
મૂઢ (વિ) ઠોઠ.

સાવચેતી (ના) ખબર-દારી; હોંશિઆરી.
કપાયો (ક્રિ) વઢાયો.
ઘા (ના) જખમ.
જખરો (વિ) ભારે.
ધડધડ (વિ) દડદડ.
વાટે (ના) રસ્તે.
દાખણ (ના) દખાણ.
જોરાવર (વિ) જબરી.
ચંચળ(વિ) હોંશિઆર.
મરણ (ના) મોત.
ઘટતો (વિ) લાયક.
તરતબુદ્ધિ=ઘટતોઉપાય જલદીથી સુઝે એવી અક્કલ.

પાઠ ૩૬ મો.

અનાજ (ના) ધાન્ય.
મુખ્ય(વિ)ઘણું; મોટું.
સાંઠા (ના) અનાજના ઉભા સોટા.
ટોચ (ના) ઉપલો ભાગ.
કૃપા (ના) મેહેરબાની.
વીતવું (ક્રિ) થવું; હોવું.
જાતજાત (ના) તરેહે તરેહે; ભાત ભાત.
ડાંગર (ના) ભાત.
પોચા (વિ) નરમ.
પોલા (વિ) પોકલ.
જથાબંધ (વિ) સામટા.
બાંધો (ના) બંધારણ.
ચતુરાઇ (ના) ડાહાપણ.
નબળા (વિ) કમજોર.
મજબુત (વિ) જોરાવર.
આસ પાસ (અ) પાસે-પાસે; ચોમેર.
ફોતરાં (ના) પડ; છોડા.
ભીનાશ (ના) ભેજ.
ઠંડા (વિ) ટાઢવાળા.
હંમેશા (અ) રોજ.
સેવા (ના) ભક્તિ.

પાઠ ૩૭ મો.

જગકર્તા (ના)જગતનો બનાવનાર ઇશ્વર.
પ્રોઢ (વિ) મોટા.
હય (ના) ઘોડા.
વાહન (ના) ગાડી; ઘોડો વગરે બેસવાનું.
વૈમાન (ના) સ્વર્ગની પાલખી.
સાજ (ના) સામાન.
માનવી (ના) માણસ.
જગ(ના)જગત;દુનિયા.
ઉપજાવી (ક્રિ) પેદા કરી.
વસ્તુઓ (ના) ચીજો.
સંસાર (ના) દુનિયા.
પાર (ના) છેડો.
બળવાન (વિ) જોરાવર.
રવી (ના) સૂરજ.
ઠરાવ્યો (ક્રિ) કીધો.
ઠાઠ (ના) ભપકો.
સમાસમાના (ના) વખતે વખતના.
કાજ (અ) વાસ્તે.

(કવિતાની સમજુતી). (૭).

દુનિયાના બનાવનાર પરમેશ્વરે દુનિયામાં ઘણી ચીજો પેદા કીધી છે, તેથી આખા જગતના લોકો સુખ પામે છે, તેના ગુણ ગાવા બેસીએ છીએ તો પાર આવતો નથી. (૧). પૃથ્વી, પાણી, ને મોટા મોટા પાહાડો, ને આ-

ડીમાં જે ઘણાં ઝાડો હોયછે તે; તેમ બળદો ઘોડા ને જોરાવર હાથી, ને વૈમાન જેવા બેસવાના પ્રભુ તેંજ બનાવ્યા છે. (૨). ચંદ્રમા, સૂરજ, અને તારાનો ચળકાટ, તેનો ભપકો સારો બનાવ્યો છે, અને વખતે વખતના સુખનો સામાન પ્રભુ તેં માણુસને વાસ્તેજ કીધોછે. (૩).

પાઠ ૩૮ મો.

નાળિએરી (ના) નાળિએરનું ઝાડ.
ચિષ્ઠાં (ના) રેસા.
ટટ્ટી(ના)કામડાની વાડ.
ઝાવલી (ના) નાળિએરીના પાંતરાની ગુંથીને કરેલી ટટ્ટી.
ઠેઠ (અ) છેક.
મેર (ના) બાજુ.
સાફ (વિ) ચોખ્ખું.
ચિષ્ટું (વિ) રેસાવાળું
ટોપરૂં (ના) કોપરૂં.
પીલે(ક્રિ)ઘાણીમાંકચડે.
કોપરેલ (ના) કોપરાનું તેલ.
ઢોર (ના) જાનવર.
તાડી (ના) ખજુરનો કે નાળિએરીના ઝાડનો રસ.
કેફ (ના) નિશા..
ઘુમે (ક્રિ) ગુમાવે.
બગાડ (ના) ખરાબી.

પાઠ ૩૯ મો.

કાસદ (ના) ખેપીઓ.
ખંખાવાળો (ના) ખંખો રાખનારો.
બેભાન (વિ) શુદ્ધિ વગરના.
મધરાત(ના) વચલીરાત.
શુમારે (અ) આસરે.
શેરી (ના) મોહોલ્લો.
હોકયા (ક્રિ) અફાળ્યા.
ધશીને (કૃ) જોસ્સાથી દોડીને.
ખખડાવ્યા (ક્રિ) હોકયા.
ભડકા(ના)મોટાંબળતાં.
ફડાફડ (વિ) જોરભેર.
અવાજ (ના) કડાકા.
નીસરણી (ના) સીડી.
મેડો (ના) માળ.
પથારો (ના) બિછાનું.
રૂંધાઇને(કૃ)ગુંગળાઇને.
ઢંઢોળ્યો (ક્રિ) હલાવ્યો.
ઘસડીને (કૃ) ખેંચીને.
વર (ના) માટી.

પાઠ ૪૦ મો.

જાગૃતિ (ના) શુધ્ધિ.
શૂર (ના) બહાદુરી.
ગાંડા (વિ)દીવાના.
કમાડ (ના) બારણાં.
ધડાકો (ના) મોટો અવાજો; ભડાકો.
ચોમેર (અ) ચારેબાજુ.
નવાઇ (ના) અચરતી
ભાઇબંધ(ના) દોસ્તદાર
નિરાંત (ના) ચેન.
લાહે (ના) આગ.
હઠયો (ક્રિ) હાર્યો; ફર્યો.
મિત્ર (ના) દોસ્તદાર.

બચાવવાને (કૃ) ઉગારવાને; જીવાડવાને.
પાડોશ (ના) પાસેનું ઘર.
લાગ (ના) દાવ.
ફાવ્યો (ક્રિ) જડ્યો.
માર્ગ (ના) રસ્તો.
ચીસેચીસ (ના) ઘાંટેઘાંટા.

પાઠ ૪૧ મો

અણીશુદ્ધ (વિ) સહીસલામત.
ઉઘરાણું (ના) કંઈ કામ સારૂ બધાએ શક્તિ પ્રમાણે પૈસા ભરી એકઠા કરવા તે.
ટીપ (ના) યાદી.
ફરખાઈ (કૃ) મગ્ન થઈ.
પાધરોજ (અ) સીધોજ.
હડસેલો=ધક્કો, આંચકો
તન (ના) શરીર.
ધ્રૂજે (ક્રિ) કાંપે; થરથરે.
બચાવનાર (ના) ઉગારનાર.
હિમ્મત (ના) છાતી.
યુક્તિ (ના) તદબીર.
મેદાન (ના) ખુલ્લી જગો.
દયાળુ (વિ) માયાળુ.
પુરૂષે (ના) મરદે.
ઉગાર્યાં (ક્રિ) બચાવ્યાં.
લોઢાં (ના) સૂતારનાં ઘડવાનાં ઓજારો.
રાચરચીલાં (ના) ઘર શણગારને શોભતો લક્કડ વગેરે સામાન.
દાણોદૂણી (ના) અનાજ પાણી.
લૂગડાંલત્તાં (ના) કપડાં વગેરે.
ભેર (અ) સાથે.
કુટુંબ (ના) કબીલો.
પાડોશી (ના) પાસેના ઘરના રહેનારા.
પખવાડીઆં (ના) પંદરવાડીઆં.
ખરેખરી (વિ) સાચેસાચી

પાઠ ૪૨ મો.

તપાસ (ના) તજવીજ.
જવાહિર (ના) એક જાતનું રત્ન.
દરબાર (ના) રાજકચેરી.
ઝાડો (ના) તપાસ જડતી
શાક્ષી (ના) શાહેદ.
અસર (ના) લાગણી.
ફેર (ના) તફાવત.
ફકીર (ના) સાંઈ.
ખોડું (વિ) લંગડું.
સાંઈ (ના) ફકીર.
મેર (ના) બાજુ.
લાધુ છે (ક્રિ) નાંખ્યું છે.
ધારીધારીને (કૃ) તાકીતાકીને.
પારખી (કૃ) ઓળખી.
હીંડો (ક્રિ) ચાલો.
ડાહપણ (ના) પતરાજી.
કશું (વિ) કંઈ પણ.

પાઠ ૪૩ મો.

જાદુગર (ના) મંતરજંતરનો જાણનાર ધૂતારો
શાબાશી (ના) માન.
અનુમાન (ના) કલ્પના.
સજા (ના) શિક્ષા.
રમૂજ (ના) ગમત.
અચંબો (ના) નવાઈ.
ગમ (ના) બાજુ.
આછું (વિ) થોડું.
લંગડું (વિ) પગે લુલું.

બમણુતી (કૃ) બાઝતી.
સમજવાનું (કૃ) અક્કલ લેવાની.
ચિત્ત (ના) ધ્યાન.

પાઠ ૪૪ મો.

આંકડો (ના) આકડાના ફૂલનું ઝાડ.
મળતાં (કૃ) સરખાં.
જૂદાં (વિ) નહીં મળતાં.
ફાડ (ના) ચીરો.
છેક (અ) બહુ; ઘણું.
ડુંગરા (ના) ઊંચા ટેકરા.
અડે (ક્રિ) અડકે.
ઊંટ મેલે આકડે=ઊંટ આંકડાના ઝાડને ખાય નહીં.
બકરી મેલે કાંકરો=બકરી કાંકરાને ખાય નહીં.

પાઠ ૪૫ મો.

સાંભરતું (કૃ) યાદ આવતું.
મેંઢાં (ના) ઘેટાં.
ચપળ (વિ) હોશિઆર.
ઠરેલ (વિ) ખસી ન જાય એવા.
ધીમો (વિ) ટાઢો; ઠંડો.
જન્મારો (ના) જીંદગાની; અવતાર.
ઘડ્યો (ક્રિ) બનાવ્યો.
હોકરાય (ક્રિ) હોકર ખાય.
ભરવાડ (ના) ઘેટાં ચરાવનાર.
ઉન (ના) ઘેટાના બાલ.
ખ્રિસ્તી (ના) ઇસુ ધર્મી.
વેપાર (ના) રોજગાર.
લાખો (વિ) હજારો.
ઉપજે છે (ક્રિ) પેદા થાય છે.
કામળા (ના) ચૂમાળા.
કામળી (ના) નાના ચૂમાળા.
હુંફ (ના) ગરમી.
બફાઇ (કૃ) રૂંધાઇ.
નિમાળા (ના) બાલ.

પાઠ ૪૬ મો.

ગુણવાળી (ના) ફાયદાવાળી.
શીંગાળી (વિ) શીંગડાવાળી.
ખડ (ના) ઘાસ.
પગાળી (વિ) પગવાળી.
આકાર (ના) ઘાટ; ડોળ.
આંચળ (ના) થાન.
ફાટ (ના) ચીરો.
રૂપાળો (વિ) શોભિતો.
ભાળો (ક્રિ) જુઓ.
વાળ (ના) બાલ.
ગોવાળ (ના) ગાયનો ચરાવનાર.
સંભાળ (ના) બરદાસ.
ભલું (વિ) સારૂં.
ખીર (ના) દૂધમાં રાંધેલો ભાત.
થાક (ના) મેહેનત; શ્રમ.
ઠરે (ક્રિ) બંધાઇ જાય.
ઉપજે (ક્રિ) થાય.
ઠંડ (ના) ટાઢક; ઠંડક.

(કવિતાની સમજુતી). (૮).

ફાયદો કરે એવી શીંગડાવાળી ગાય પાણી પીએ ને ઘાસ ખાય છે, એનો ઘાટ કેવો સારો છે? તેને ચાર પગ ને ચાર આંચળ

છે. (૧). તેના પગની ખરીમાં ચીરો છે તે, ને તેનો આકાર સારો છે તે જૂઓ; તેના પૂછડાને છેડે બાલનો ગુચ્છો છે, ને રોજ રોજ ગોવાળીઓ તેની બરદાસ લે છે. (૨). કોઇ વખત બેઠી હોય ત્યારે હોઠ હલાવ્યા કરે છે તેમાં કોઇ કાળી અથવા ધોળી હોય છે, તેમ કોઇ રાતી હોય છે; દોહતી વખતે તેનું દૂધ સારૂં દેખાય છે, ને તે દૂધનાં દહીં, માખણ ને ઘી થાયછે. (૩) વળી દૂધનાં પેંડા, બરફી ને દૂધપાક બને છે, ને ખીર ખાતાં મેહેનત પડતી નથી, તે પણ દૂધની થાય છે; વળી બાસૂદી ને શિખંડ પણ દૂધનાં થાયછે, તે પેટમાં ઠરે છે ત્યારે ઘણી ઠંડક થાય છે. (૪).

પાઠ ૪૭ મો.

ગરમ (વિ) ઉનના; ગરમી રહે એવા.
ઘટ (વિ) જાડા.
ગોકળગાય(ના)એક જાતનો ધીમો ચાલનાર જીવડો.
લાચાર (વિ) કંગાળ.
રૂવાંટાં(ના)ઝીણાં બાલ.
હેરાન (વિ) કાયર.
ગરદન (ના) ડોક.
લબડે (ક્રિ) લટકે.
રક્ષણ (ના) સંભાળ.
હુંફાળાં (વિ) ગરમાવાળાં; ગરમ.
શંખલા (ના) છીપમાનો જીવડો.
અવતરે (ક્રિ)જન્મે.
નરી(વિ)ફકત; એકલી.
સુંવાળી(વિ) નરમ; નાજૂક.
ગજીઆણી (ના) ગજપનાનું રેશમી લૂગડું.
કિનખાબ (ના) કસબનાં બુટ્ટાવાળું લૂગડું.
ઉઘાડું (વિ) ખુલ્લું.
કોમળ (વિ) કુમળું.
સાફ (વિ) ચોખ્ખું.

પાઠ ૪૮ મો.

ગાજવીજ (ના) ગડગડાટ ને વીજળી.
વેગ (ના) જુસ્સો.
વાયુ (ના) વા; પવન.
મોજા (ના) જુવાળના પાણીના ફીણવાળા ખડકા.
ઝબકારો (ના) ચમકારો.
કઠારો (ના) અકળામણ.
મુદ્દલ (વિ) બીલકુલ.
ઘોર (વિ) બીયામણું.
ગડગડાટ (ના) અવાજ.
કડાકા(ના)મોટાઅવાજ.
અધધધ (અ) ઓહોહો.
ઝડી (ના) ઝરમરઝરમર.

વરસાદ આવ્યા કરે તે
પલળીશું (ક્રિ) ભીનાઇ-
શું.
ફોરાં (ના) છાંટા.
અપટું (ના) થોડોવાર
વરસાદ આવીને રહી
જાય તે.
સોંસરી (વિ) પાધરી.
અથડાય(ક્રિ) અફળાય.
ધડાકા (ના) અવાજો.
ગર્જના (ના) ગડગડાટ.

પાઠ ૪૯ મો.

સાચ (ના) સાચું બોલવું
શીખામણ (ના) બોધ; ફા
યદાની વાત.
વચન (ના) વેણ; સુકન.
આંચ (ના) એબ; આળ.
વધતું ઓછું (વિ) કમી
જાસ્તી.
સ્વાદ (ના) રસ; ચરસ.
મીઠું મરચું (ના) ઉમેરો
ભભરાવીને (કૃ) નાખી-
ને; મેળવીને.
હેતેથી (ના) મનથી.
સાંભરતી (કૃ) યાદ આવ-
તી; ફોમ આવતી.
ભાવ (ના) ઇચ્છા.
મશ્કરી (ના) મજાક.
પૂરો (વિ) પક્કો.
બંધાવું(ક્રિ) કબૂલ થવું;
સાહી થવું.
ફલાણું (વિ) ગમે તે;
હરેક.
તોડયું (ક્રિ)નહીં પાળ્યું
બગાડ (ના) નુકસાન.
માર (ના) સજા; શિક્ષા-
ગુન્હાનું ફળ.
પસ્તાવો (ના) ખેદ.
સંભાળી (કૃ) સાચવી.
સાચાબોલા (વિ) ખરા
બોલા.
સામી (વિ) ઉલટી.
માયા (ના) હેત; પ્રીત.
સંતાડે (ક્રિ) છુપાવે.
આસામી (ના) માણસ
નુકસાન (ના) હાણી.
સાચને ન લાગે આં-
ચ=સાચાને કશો ભો
લાગતો નથી.

પાઠ ૫૦ મો.

દોડાદોડ (ના) દોડધામ;
નાસભાગ.
ભૂમેભૂમ (ના) ધાંટે ધાંટા
ઉપાય (ના) ઇલાજ.
મસળી (કૃ) ચોળી.
આળોટવું (ક્રિ) ગુલાંટ
ખાવી:
શેતરંજી(ના) પાથરવાનું
શોભિતું બિછાનું.
લપેટી (કૃ) વીટાળી.
ઓલવી (ના) બૂઝાવી.
સહીસલામત (ના) ક્ષેમ
કુશળ.
પોસો (ના) ખોબો.
રસોઇ (ના) રાંધવુંને.
પેણો (ના) તળવાનું લો
ઢાનું વાસણ.
સાવચેતી(ના)હોંશિઆરી
માટી (ના) મટોડી.

પાઠ ૫૧ મો.

નાળચું (ના) નળી.
આંફળીફાંફળી (વિ) ગ-
ભરાયલી.
લક્ષણ (ના) ગુણ; ટેવ.
બીક (ના) ડર.
ભીંજવે (ક્રિ) પલાળે.
ધીમે ધીમે(અ)હલ્લે હલ્લે.

જુગતી (ના) તદબીર.
અણુગમતું (કૃ)નાપસંદ.
ઇચ્છા (ના) મરજી.
ઇશારત (ના) નિશાની.
રીસ (ના) ગુસ્સો.
અણુકારે (ક્રિ) પત કરે.
અફાળે (ક્રિ) ઠોકે.
ફાળ (ના) કૂદકો.
બીની (ક્રિ) બીધી.
અચંબો (ના) નવાઇ.
ચોપાસ (અ) ચારે બાજુ; ચોગરદમ.

પાઠ ૫૨ મો.

વેગળી (અ) દૂર.
નજીક (અ) પાસે.
હિંમત (ના) ધીરજ.
બેનપણાં(ના)સહીપણાં
લાડે (ક્રિ) ગેલ કરે.
પરગામ (ના) પારકેગામ
સાદ (ના(અવાજ.
લાડીને (કૃ) ગેલ કરીને.
વહાલ (ના) પ્યાર; હેત
ઉપકાર (ના) પાડ; ગુણ
માયા (ના) હેત; પ્રીતિ.
સંભારે (ક્રિ) યાદ કરે.
ખદસો (ના) પાડ.

પાઠ ૫૩ મો.

શાઉડી (ના) સિસોળીઆંનાંપીછાવાળું જાનવર.
સિસોળીઆં (ના) શાઉડીનાં પીછાં.
સાદાં (વિ) ચિત્રવગરનાં
ભાર (ના) બોજો.
ઘોરવું (ક્રિ) ગળામાંથી સાદ કાહાડવો; ઊંઘવું.
દર (ના) નાનું બાકું; બાકો.
વિઆય (ક્રિ) જણે.
રૂવાં (ના) ઝીણાં બાલ.
અણીદાર (વિ) અણીવાળું.
સફેદ (વિ) ધોળી.
બુઠ્ઠું (વિ)અણી વગરનું
રીસેભરાય=ગુસ્સે થાય
હથિઆર (ના) ઓજાર
તીર (ના) વાંકું ફેંકાને મારવાનું હથિઆર.
અધ (ત્રિ) અડધા.
ભુંડ (ના) ડુક્કર.
કળી (ના) ખીલ્યા વગરનાં ફૂલ.
ગરખડ (ના) તોફાન.
છાનીમાની (વિ) મુંગી મુગી.

પાઠ ૫૪ મો.

પૃથ્વી (ના) ચારેખંડની ધરતી; આખું જગત.
પ્રદક્ષિણા (ના) આસપાસ ગોળ ફરી વળવું તે
નજર (ના) નીધાં; દ્રષ્ટી.
ચપટી (વિ) એક પાસે બેઠેલી.
આધાર (ના) ટેકો.
અધર (વિ) અતરંગ.
ઝડપ (ના) ઉતાવળ.
સ્થિર (વિ) હાલે ચાલે નહીં તે.
સદા (અ) રોજ.
ફેરો (ના) ચક્કર.
કલાક (ના) અઢી ઘડી.
ચોવીશ કલાક=સાઠ ઘડી (દાહાડો ને રાત)
પાસું (ના) બાજુ.
ધંધો (ના) રોજગાર.

પાઠ ૫૫ મો.

નકશો (ના) ઘર,ગામ કે

દેશનો ચિત્રેલો નમુનો.
સમુદ્ર (ના) દરિઓ.
ઉત્તર (ના) પૂર્વ તરફ ઉભા રેહેતાં ડાબા હાથની ઉત્તર દિશા.
દક્ષિણ (ના) પૂર્વ તરફ ઉભા રેહેતાં જમણા હાથની દક્ષિણ દિશા.
પૂર્વ (ના) ઉગમણી દિશા.
પશ્ચિમ (ના) આથમણી દિશા.
લાડુ (ના) લાડવો.
ધરતી (ના) જમીન.
ખંડ (ના) જમીનના મોટા ભાગો
આથમણ=પશ્ચિમદિશા.
નક્કી (અ) ખચિત્ત.
નમુનો (ના) મુકાબલો.
ભૂગોળ (ના) પૃથ્વીનો ગોળો.

પાઠ ૫૬ મો.

મથાળું (ના) ઉપલું પાસું
કડકા (ના) ભાગ.
આસ્ટ્રેલિઆ (ના) પૃથ્વીઉપર સૌથી મોટો બેટ.
બેટ (ના) ટાપુ.
વળગેલા (કૃ) જોડાયલા
અળગો (વિ) અલાયદો
મધ્ય (વિ) વચલા.
છેડો (ના) નાકું.

પાઠ ૫૭ મો.

સ્તુતિ (ના) પ્રાર્થના; બંદગી.
નિર્ધન (વિ) ગરીબ.
બખશિસ (ના) બેટ.
સમર્થ (વિ) જોરાવર.
અધિક (વિ) વધારે.
યોગ્ય (વિ) લાયક.
જગજીવન (ના) જગતનો જીવાડનાર ધણી
નીતિ (ના) સારી રીત. સારી વર્ત્તણુંક.
નીસરૂં (ક્રિ) નીકળું.
દુખીઓ (વિ) હેરાન.
મુજને (સ) મને.
સરજનહાર (ના) પેદા કરનાર, (ઇશ્વર.)
ભમે (ક્રિ) ભટકે.
અન (ના) અનાજ.
કીર્તિ (ના) મહિમા.
પ્રકાશ (ના) ચળકાટ.
ભારી (વિ) જબરૂં.
ફોકટ (વિ) નકામું.
ઠામ (ના) ઠેકાણું.
જશ (ના) શાબાશી; માન
ભકિત (ના) સેવા; પ્રાર્થના
સંગ (ના) સંગત; સાથે.
સદાએ (અ) રોજ.
થાપ (ક્રિ) આપ; સ્થાપ.
સંકટ (ના) દુઃખ.

(કવિતાની સમજુતી). (૯).

જ્યારે હું શેહેરના બજાર બહાર ફરવાને નીકળું છઉં, ત્યારે ઘણુ ગરીબ માણસો મારી નજરે પડે છે અને આખી પૃથ્વીના લોકો દુઃખી માલમ પડે છે (૧). સૃષ્ટીનો પેદા કરનાર જોરાવર ઇશ્વર મને જે જે ખોટા

કરે છે, તે બધાનો પાડ હું શી રીતે વાળી શકીશ! (૨). ઘણા ગરીબ લોકો ભૂખને લીધે ઘેર ઘેર ભટકયા કરેછે, પણ જોઇએ તે કરતાં વધારે હે જગતના જીવાડનાર ધણી તેં મને અંન આપ્યું છે. (૩).

પૃથ્વી પાણી ને આસમાન એમાં તારોજ મહિમા ચાલે છે, હું જયાં જોઊં ત્યાં તારૂં ભારે જોર છે, ને તારા વગર કોઇ પણ ખાલી ઠેકાણું માલમ પડતું નથી. (૧). હે પ્રભુ તારા જશ મોટા છે (બહુ તેં સારાં કામો કીધાં છે), હું તારૂં ભજન રોજ કરૂં એમ મને બુદ્ધિ આપ; હું હમેશા સારી ચાલથી ચાલું એમ કર, ને સઘળાં દુઃખને તું મટાડી નાંખ. (૨).

પાઠ ૫૮ મો.

મામલતદાર (ના) તાલૂકાની જમાબંધી ઉઘરાવનાર; (બીજા વર્ગનો મેજીસ્ત્રેટ).
પહેરો (ના) ચોકી.
કચેરી (ના) રાજદરબાર.
વેહ (ના) કાણું છિદ્ર.
ઠલવાઇ (કૃ) ખાલી થઇ.
માથાકૂટ (ના) અડચણ.
ફેરવવી (ક્રિ) ઉંચીનીચી કરવી.
અજાણ્યું (વિ) અતરાપી
નોંધી (કૃ) લખી; ગણી
કામની (ના) ખપની.
શુમાર (ના) આસરો.
ખબર (ના) સમાચાર.

પાઠ ૫૯ મો.

સાહેબ (ના) ટોપીવાળો; ગોરો અમલદાર.
પણે (અ) પાંહાં.
ખૂન (ના) હથિઆરથી કે ઝેર દીધાથી કોઇની હત્યા કરવી તે.
ગીતા (ના) ધર્મની ચોપડી.
તકરાર (ના) રગઝક.
અપમાન (ના) ગેરઆબરૂ
ધોળકા (ના) અમદાવાદ જીલ્લામાં એક કસ્બો છે.
પરગણું (ના) તાલૂકો.
સીમ (ના) સીમા.
ટંટો (ના) ઝઘડો.
ઇંહાં (અ) આંહાં.
સાલ (ના) વરસ.
નીકાલ (ના) તોડ.
કારકૂન (ના) મેહેતો.
છેવટે (ના) આખરે.
તુમ ગાંવમેં જા કર કોઇ બમનકે ઉદરસેં ગીતા લાઓ=તમે ગામમાં જઇને કોઇ બ્રા-

ક્ષણને ત્યાંથી એક ધર્મની ચોપડી લાવો.
બહુત અછા સાહેબ= બહુ સારૂં સાહેબ.
હસ્યા (ક્રિ) દાંત કાઢ્યા.
ઠપકો (ના) દોષ.

પાઠ ૬૦ મો.

એકાકાર(વિ) એકમેક; સરખી.
લોટણ(વિ) ગોલાંટ ખાય એવા.
શોક (ના) દીલગીરી.
ચાહું(વિં) જાડા ગળાનું.
કલગીદાર(વિ) કલગીવાળી; તોરાવાળી.
શિરાજી (વિ) કલગીદાર ટોપીવાળું.
લક્કી (વિ) મોરની પેઠે કળા કરી નાચનારૂં.
થરથરી(વિ)થરથથર ધૂજ્યા કરે એવું.
ગિરેબાજ (વિ) ગોળાંટ ખાનારૂં.
જંગલી (વિ) રાની.
આસમાની (વિ) ભૂરૂં.
ઝળકતા (વિ) ઝળકતા.
લિસોટા (ના) કાપા.
કળા(ના) પાંખ પોહોળી કરીને નાચવું તે.
ગરદન(ના) ડોક.
ખીલેલી (કૃ) પોહોળી થયલી.
રળિયામણું (વિં) શોભાવંતું.
જોડો (ના) સાથી.
ગોતાં(ના) ગોલાંટ.
ગુલાંટ (ના) ગોલાંટીઆં
લોટી(કૃ) ગોલાંટ ખાઈ.
ફુલવે(ક્રિ) મોટું કરે
કુંડાળું(ના)ગોળચકરડું
ડોકે (ના) ગળે.

પાઠ ૬૧ મો

અંગ(ના) શરીરના ભાગ; શરીર.
ખોપરી(ના) માથાનું તાલકું.
મગજ(ના) ખોપરી માંહેનો ભાગ.
થોભા(ના) થોભીઆ; ગુચ્છા.
ટટાર (વિ) સીધું.
તાળવું (ના) મગજ આગળનો ભાગ.
બોચી(ના) ગરદન.
આંચ (ના) નુકસાન.
હડપચી(ના) દાઢી આગળની જગો.
મીચાય (ક્રિ) વીચાય.
ખાળી (કૃ) અટકાવી.
ભમર(ના) આંખની ઉપરના કમાનદાર બાલ.
નસકોરાં(ના) નાકનાં બે કાણાં.

પાઠ ૬૨ મો

ફેફસું (ના) શ્વાસ લેવાની નળી.
રાક્ષી (ના) કચડવાના કે ફાડીખાવાનાબેવડાદાંત
તાળવું (ના) મગજ આગળનો ભાગ.
ડાસું (ના) જડબું
દાઢો (ના) પાછળના બેવડા દાંત.
ફાડવું (ક્રિ) કરડી ખાવું.
લાળ(ના)નીગળતું થૂક.
કોઠો(ના) પેટ તથા વાં-

સા નીચેનો ભાગ.
બજાવેછે (ક્રિ) કરેછે.
શ્વાસ (ના) દમ.
વાચા (ના) બોલવું.
ઇંદ્રિઓ (ના) શરીરના ભાગો., (આંખ, કાન, નાક, જીભ ને ચામડી)

પાઠ ૬૩ મો.

બીડ (ના) ઘાસ ઉગેલી જગ્યા.
નધણીઆતું (વિ) માલીક વગરનું.
ગંજી (ના) મોટો ઢગલો
કાલાવાલા(ના)ખુશામત.
તરણું (ના) તંખલું.
સરખું (વિ) પણ; જેવું
નિરાશ (વિ) ના ઉમેદ; આશાભંગ.
નીચ (વિ) હલકા.
અદેખો(વિ) કીનાવાળો.
અદેખાઇ (ના) કીનો.
જોડી કાઢેલી (કૃ) બનાવટની.
વાવરવા (કૃ) વાપરવા.
સાચવવા(કૃ) સંભાળવા
હક(ના)દાવો; અખત્યાર
સરખો (વિ) બરાબર.
બળવું(ક્રિ) દાઝવું.

પાઠ ૬૪ મો.

ક્રૂર(વિ) ઘાતકી.
સોગન(ના) કસમ; સમ
ઉપદેશ (ના) બોધ.
સુકૃત (ના) સારાં કામ.
હરી(ના) પરમેશ્વર.
પ્રતાપ (ના) જોર; મેહેર
વસ્ત્ર (ના) લૂગડાં.
જન (ના) માણસ.
ખુલ્લે (વિ) ઉઘાડે.
નવરંગ=તરેહેતરેહેના રંગના.
કંગાલ(વિ) ગરીબ; નાચાર.
બિછાનું (ના) પાથરણું
વય (ના) ઉમ્મર.
વચન(ના)શબ્દ; સુકન.
જૂઠા(વિ) ખોટા.
મુખ (ના) મોઢું.
વદે (ક્રિ) બોલે.
દીસે(ક્રિ) દેખાય.
ડર (ના) બીક; ધાક.

(કવિતાની સમજુતી) (૧૦).

ઘણા માણસો રસ્તામાં પડેલા (રઝળતા), તેમને હું ઉઘાડે શરીરે જોઉં છઉં, પણ મને તો સઘળા શરીર પર પેહેરવાનાં જાત જાતનાં લૂગડાં મળે છે. (૧). કેટલાક ગરીબ નાચારોને રેહેવાનાં ઘરબાર મળતાં નથી, પણ મને તો રેહેવાને સારૂ ઘર છે અને સૂવાને સારી પથારી છે. (૨). બીજા કેટલાક માણસો નાની ઉમ્મર થકી મોમાંથી નઠારા શબ્દ બોલતા શીખે છે, તેઓ મોંડે ખોટા કસમ ખાય છે, એવા તે પાપી માણસો માલમ

પડે છે. (૩). મને શીખામણ થકી સારી અક્કલ આવી, એ પરમેશ્વરની મારા ઉપર મેહેર છે; માટે હવે હું બીજીને સારાં કામજ કરૂં, કે તેથી તે પરમેશ્વર મારા ઉપર ખુશી રેહે. (૪).

પાઠ ૬૫ મો

સિક્કા (ના) મોહોરો; છાપ.
નરદમ(વિ) બીલકુલ;તમામ.
વળાં(ના) ગુંચળાં.
ભાષા(ના) બોલી; લિપિ
અડી(ના) સિક્કો પાડવાનો સંચો.
તળીયું(ના)નીચેનોભાગ
ભેળી (કૃ) મેળવી.
ઉપયોગ (ના) ખપ.
નર્યા (વિ) એખલા; ફક્ત
ગઠ્ઠા (ના) ગાંગડા.
ખડક (ના) જમીન કે પાણીમાં ઢંકાયલા મજબુત પથરા.
શોભિતી (વિ)શોભાવાલી
તોલ (ના) વજન.
હિસ્સે (ના) ભાગે.
મેળવે (ક્રિ) ભેળે.
છપાય (ક્રિ) છાપ પડે.

પાઠ ૬૬ મો.

ચાલ (ના)ધારો.
ગાંડાઈ (ના) નાદાની.
કંઠી (ના) ડોકની સોનાની સાંકળી.
શિઆળો (ના) ટાઢની મોસમ.
ઉનાળો (ના) તાપની મોસમ.
નાત (ના) જમણવાર.
પુષ્ટી (ના) મજબૂતી.
ઉજળાં (વિ) ધોએલાં
જરૂરીઆત (વિ)ખપનાં
પૈસાદાર (વિ) તાલેવંત
વાવરતાં (કૃ) વાપરતાં.
કરજ (ના) દેવું.
મૂરખાઈ (ના) બેવકૂફી.
નબળાં (વિ) કમજોર.
ગેરફાયદા (ના) નુકસાન.

પાઠ ૬૭ મો.

ગંધક (ના) સળગી ઉઠે એવો પીળા રંગનો પદાર્થ.
હથિઆર (ના) ઓજાર.
ભરતર (ના) રસ ગાળીનેકરેલીબનાવટનું લોઢું.
ઘડતર (ના)ઘડીનેકરેલું બનાવટનું લોઢું.
પોલાદ (ના) ખરૂં લોઢું
મળેલું (કૃ) ભળેલું.
તપાવી (કૃ) ગરમ કરી.
જુના (વિ) અસલના.
કાળમાં (ના) વખતમાં.
કાંસું (ના) એક જાતની ખરડ ધાતુ.
ભેળ (ના) મેળવણી.
સોંઘું (વિ) સસ્તું.
તોલો (ના) ૩૨ વાલ.
પૈસા (ના) દોડીઆં.
લીસો (વિ) સાફ.

ઉપયોગી (વિ) ખપની
ઈશ્વરકૃપા (ના) પરમેશ્વરની મેહેરબાની.
ઓગળી (કૃ) રસ થઈ.
ઠરે છે (ક્રિ) બંધાઈ જાય છે.
સખત (વિ) મજબૂત.
બરડ (વિ) ભાંગી જાય એવું.
કઢાયાં(ના)છાછરા પેણા; લોઢાની તાવડી.
સામાન (ના) ચીજો

પાઠ ૬૮ મો.

કાટલાં (ના) તોળવાનાં ઓજાર.
ખાંડી (ના) વીસ મણ વજનનો બોજો.
માપુ (ના) પરમાણું.
બેડીઓ (ના)૩૨ મણ વજનનો બોજો.
અધોળ (ના) સાડાચ્યાર ટાંક; અડી પૈસાભાર
કળશી(ના)સોળ મણ વજનનો બોજો.
નવટાંક (ના)પાંચ રૂપીઆ ભાર, (૯ ટાંક.)
ગજ (ના) ૨૪ તસુ.
તોલબંધ (વિ) તોળીને.
ભરતબંધ (વિ) ભરીને.
પ્રકાર (ના) જાત.
અધશેરો (ના) અચ્છેરો
હરકત (ના) અડચણ.
હારો (ના) સાત મણનો બોજો.
ભાર (ના) ૨૪ મણનો બોજો.
રતી (ના) છ ચોખા.
વાલ (ના) ત્રણ રતી.
ગદિઆણો(ના)૧૬ વાલ
ચણોઠી (ના) ગુંજ.

પાઠ ૬૯ મો.

મણિકો (ના) મણ માય એવું વાસણ.
તસુ (ના) બે આંગળ.
વીઘાં (ના) ૨૦ વસાનું ભરત.
વીશવાશી (ના) કાઠી;વસાનો વીસમો ભાગ
વામ (ના) ૬ હાથ.
વગેરે (અ) શિવાય.
પ્રવાહી (વિ)પાણીજેવા; નરમ.
પદાર્થો (ના) ચીજો.
શેરીઓ (ના) શેર માય એવું વાસણ.
માથાકૂટ (ના) કડાકુટ.
ફુટ (ના) સુથારી અડધો ગજ; બાર ઇંચ.
એકર (ના) ૪૮૪૦ ચોરસ વાર.
અંતર (ના) તફાવત
અસલ (અ) અગાઉ.
મૈલ (ના) ૫૨૮૦ ફુટ.
ધંધાદારી (ના) વેપાર કરનારા.
ઘરાક (ના) સોદો ખરીદ કરનાર.
દંડાય (ક્રિ) શિક્ષા થાય.

પાઠ ૭૦ મો.

વિવેક (ના) સલૂકઈ.
મરજાદા (ના) અદબઅદાબો.
તોછડાઈ (ના) હલકાઈ.
નાનપણ (ના) બચપણ.
સલુકાઈ (ના) મરજાદા.
ઓળખીતો (વિ) જાણીતો; પીછાનવાળો.
અદબ (ના) અંદાજો.

વરતવું (ક્રિ) ચાલવું.
નમવું (ક્રિ) વાંકા વળવું.
નમસ્કાર (ના) પ્રણામ.
જેગોપાળ (ના) જુહાર.
જુહાર (ના) જેગોપાળ
પટેલ(ના)ગામનો ઉપરી.
અરસપરસ (અ) સામ સામા; એક બીજાને.
ધારો(ના) ચાલ; રીવાજ.

પાઠ ૭૧ મો.

ચેષ્ટા (ના) મજાક.
વિવેકી (વિ) સલૂકાઇવાળા.
અવિવેકી (વિ) સલૂકાઈ વગરના.
સરત (ના) ધ્યાન.
ફળીશેં (ના) શેરી.
લપ્પોટે (ના) મંજે.
મનસુબો (ના) વિચાર.
કાછડી (ના) વાંસાની નીચે ઘોચવાનો પોતીઆનો છેડો.
ધમકાવ્યા (ક્રિ) ધાક દીધો; ધમકી આપી.
વાર્યા (ક્રિ) અટકાવ્યા.

પાઠ ૭૨ મો.

નીવડ્યો (ક્રિ) નીકળ્યો.
વવાડી (ના) એક જાતની અટક-ઓખાત.
આવકાર (ના) આદરભાવ; આદરમાન.
ધનભાગ્ય=મોટું નસીબ
પગલાં (ના)ડગલાં;કદમ
મજ (સ) મુજ; હું.
આંગણાં (ના) બારણા
વળાવવા(કૃ)વદાય કરવા
સોબતી (ના) સાથી.
રીતભાત (ના) રીત;ચાલ ચલગત.

પાઠ ૭૩ મો.

કકલાણ (ના)બૂમ; સોર.
માંડમાંડ (વિ)મોંડે સાચે; ખાલી ખાલી.
કઠણ (વિ) મુશીબત.
હાંક (ના) બૂમ.
રજા (ના) પરવાનગી.
બાપ તેવા બેટા=જેવા બાપ તેવા દીકરા.
વડ તેવા ટેટા=જેવો વડ તેવાં તેનાં ફળ.

ઠાવકાઇ (ના) ડાહાપણ.

પાઠ ૭૪ મો.

પાથરણું (ના) બિછાનું.
સોટો (ના) કળશીઓ.
કંસાર (ના) લાપસી.
મોટોજાટો (વિ) નાના મોટા કકડા ભરડીને
ભરડીને (કૃ) કચડીને.
ભેટ્યા (ક્રિ) છાતીએ બાઝયા.
ખબરઅંતર (ના) સમાચાર.
માંદો (વિ) આજારી.
શરમાઇ (કૃ) લજવાઇ.

પાઠ ૭૫ મો.

મિત્રાચારી (ના) દોસ્તી
કુશળતા (ના) સુખાકારી
કર(ના) હાથ.
આગમન (વિ) આવવાનું
મગન (વિ) ખુશી.
સહિત (અ) સાથે.
પંડિત (ના) વિદ્વાન.
મિત્રો (ના) દોસ્તદાર.
વદે (ના) બોલે.
મધુરી (વિ) મીઠી

વાણી (ના) વેણુ; શબ્દ.	મિત્રાઈ (ના) દોસ્તી.	ખેલ (ના) રમત.
પ્રથમ (અ) પેહેલાં.	મૂરખ (ના) બેવકૂફ.	લડાલડી (ના) વઢાવઢી.
પરણામ (ના) નમસ્કાર.	ગમત (ના) રમૂઝ.	કપટ (ના) દગો.
ગંગાજળ (ના) ચોખ્ખું પાણી.	પરસ્પર (અ) અરસ પરસ.	સ્વારથ (ના) મતલબ.
શાંત (વિ) ધીમા.	કેફ (ના) નીશા.	સગાઈ (ના) સંબંધ.
સ્નેહ (ના) હેત; પ્યાર.	ખેલી (કૃ) રમી.	જોખમકારી (વિ) ધાસ્તી ભરેલી.

(કવિતાની સમજુતી). (૧૧).

વિદ્વાને વિદ્વાન બંનો દોસ્તદારો મળે તો મોંડેથી સારા સારા શબ્દ બોલે, અને પેહેલાં એક બીજાને નમસ્કાર કરીને પાણી પાય; પછી પાન સોપારીની બીડી આપીને શરીરની સુખાકારી પૂછે. પછી હાથ જોડીને કેહે કે અહિંઆ શા કારણે આપનું પધારવું થયું ? પછી તે વાત ચીત્ત કરી સાંભળી ધીમા પડી હરખ ભેર જુદા પડે, વિદ્વાને વિદ્વાનના અરસ પરસના હેતથી તેમની દોસ્તીમાં તેમનું મન પુરા રેહેછે. (૧).

મૂરખે મૂરખા બંનો દોસ્તદારો મળ્યા કે પેહેલાં તેઓ એકબીજાને ગાળ દઈ આનંદ પામશે, પછી એક બીજાને લાત મારી વાત ચીતમાં મજાક મશ્કરી કરતા જશે; તેઓની દોસ્તીના કારણમાં તેઓ એક એકને નીશા કરાવશે, અને છેલ્લે રમત રમીને લડાઈ ટંટો કરી ઘેર જશે; એવા મૂરખ માણસ મોંડે મીઠા શબ્દ બોલે ને દીલમાં કપટ રાખે તેઓ મતલબ સુધીજ વળગી રેહે એવી જાનને નુકસાન ભરેલી મૂરખ માણસની દોસ્તી જાણવી. (૨).

પાઠ ૭૬ મો.	રક્ષણ (ના) બચાવ.	શ્વાસ (ના) દમ.
કરોડ (ના) બરડાની વચમાંનું ઉભું હાડકું.	ફુક્સો (ના) દમ લેવાની કોથળી.	ઝાલર (ના) કોર; ઝુલતી ચામડી.

પાર (ના) સુમાર.
શકિત (ના) બળ.
ટેરવું (ના.) આંગળીનું દીચકું.
જગ્યા (ના) ઠેકાણું.
ખોળી (કૃ) શોધી.
સમુદ્ર (ના) દરિઆ.
ભાઠું (ના) નદીનો રેતાળ કાંઠો.
સૌકડો (વિ) સો.
વરસોવરસ(અ)હરસાલ.

પાઠ ૭૭ મો.

મોતીઆ (ના) શેવાળ.
મેડેથી (ના) માળેથી.
પરસાળ(ના)ભોંય તળિયાની જમીન.
વરાળ (ના) બાફ.
મળસકું (ના) સહવાર.
ટાઢક (ના) ઠંડક.
તમાશો (ના) ખેલ.
તાસક (ના) ઢાંકણું.
ચત્તી (વિ) સવળી.
ઉપાડીને (કૃ) ઊંચકીને.
ફાટી (ક્રિ) બળી.

પાઠ ૭૮ મો.

ગમ (ના) સમજ.
ચૂશી (કૃ) સોશી.
વાંસે (અ) પાછળ.
રજ (ના) રજકરણ-
છોડીઆં (ના) લાકડાનાં છોડા.
ફુંકીને (કૃ) ફુંક મારીને
ભડકો (ના) બળતું.
મેશ (ના) કાજળ.
પિંઢીઆ (ના) ભારવટીઆ.
ફોરાં (ના) મોટા છાંટા.
ફરફર (ના) ઝીણી છાંટી.

પાઠ ૭૯ મો.

વરસાદ (ના) મેઘ.
આડું અવળું (અ) અહિંઆ તહિંઆ.
અચરજ (ના) નવાઇ.
ઠર્યું (ક્રિ) કેહેવાયું.
બેટા (ના) દીકરા.
ધરતી (ના) જમીન.

પાઠ ૮૦ મો.

બગલું (ના) એક જાતનું લાંબી ચાંચનું પક્ષી-
તાલ (ના) મજા.
શિરોઇ (ના) સાંકડા મોંનું ઊંડું વાસણ.
ટોળ(ના)મજાક;મશ્કરી.
નોતરૂં (ના) જમવાનું કેહેણ.
છાછરી (વિ) પોહોળી, ઊંડી નહીં.
ફાંફાં(ના) ખોટી મેહેનત.
ચપચપ (ત્રિ) ઝડપથી.
પરોણા (ના) પરદેશી ઉતરેલો.
મજા (ના) લેહેજત.
રસોઇ (ના) જમણ.
ગમ (ના) ગુમ; બચ.
તક (ના) વેળા; વખત.
ચૂકવી (ક્રિ) ભૂલાવી.
આગ્રહ (ના) બળાત્કાર.
ટગરટગર(વિ) એકી નજરે.
મલકાવીને (કૃ) હસીને.
દાઝ (ના)બળાપો;ગુસ્સો.

પાઠ ૮૧ મો.

જુગારી (વિ) જુવાખોર.
છકેલ (વિ) છાકેલો.
ખતા (ના) ઠોકર.
ભમેલ (કૃ) ભટકેલ.
કપૂત (ના)નઠારો છોકરો.

ગોઠીઆ (ના) મળતિયા.	ઠોકરો (ના) ખતા; ઠેસ.	હાણ (ના) નુકસાન.
મનખો (ના) જીંદગાની.	પિતા (ના) બાપ; તાત.	વળગે (ક્રિ) બાઝે.
જૂગટું (ના) જૂગાર.	ગમાર (ના) ગામડીઆ.	સહી (અ) નક્કી.
	પીટાય (ક્રિ) ઝીકાય.	ફળ (ના) ફાયદો.
છેલ (વિ) વરણાગીઓ.	પોઠીઆ (ના) સાંઢીઆ.	વળગી (કૃ) બાઝી.
ઠગાય (ક્રિ) છેતરાય.	દુર્ગુણ(ના) ખરાબ ગુણ.	એળે (વિ) ફોકટ.

(કવિતાની સમજુતી). (૧૨).

બેહેકેલો સેહેલાણી છોકરો ખતા ખાઈને છેતરાય છે, તે જૂવે રમનારાની સંગત કરે છે ને ઘણી ઠોકરો ખાય છે; ભૂતની પેઠે તે ભટકે છે ને બાપ તેને નઠારો છોકરો કેહે છે, એવા બીન સમજના ચાર મળતિયા હોય તે સાંઢીઆની માફક માર ખાય છે. (૧).

જૂગાર રમવો એ ખરાબ ટેવ છે, એમાં ઘણા લોકને નુકસાન થાય છે; માણસને એ બાઝી પડે તો તેથી તે પાછો હઠે નહીં; જૂગાર રમવો એ ખરાબ ટેવ છે એ નક્કી એમાં કાંઈ પણ ફાયદો નથી; જે માણસ એને બાઝી રહ્યો તેનું જીવતર ફોકટ ગયું એમ જાણવું (એટલે એથી પૈસાની તથા આબરૂની ખરાબી થાય છે). (૨).

પાઠ ૮૨ મો.	વેહેમ (ના) શક.	ખોલ (ના) બખોલ; ગુફા.
વણજારો (ના) પોઠી ઉપર અનાજ નાંખી વેપાર કરનારો.	સગપણ (ના) સગાઈ.	ભાઈબંધી (ના) દોસ્તી.
	કુટુંબી (ના) પીતરાઈ.	**પાઠ ૮૩ મો.**
પેઢી (ના) ઓલાદ.	બાપદાદા (ના) ઘરડા વડા.	દોસ્ત (ના) ભાઈબંધ.
શિઆળ (ના) કોલ્હા જેવું જાનવર.	જંગલ (ના) વન; વગડો	ભોળો (વિ) નીખાલસ.
	ઠીંગણાં (વિ) બટકા.	ગોઠવું (ક્રિ) ચેન પડવું.
		પરાયું (વિ) પારકું.

સંતાઇ (કૃ) છુપાઇ.
પધારજો (ક્રિ) આવજો.
રામરામ (ના) જુહાર.
કુકડી (ના) મરઘી.
પસ્તાવા(કૃ)દલગીરથવા.
વહાલાં (વિ) પ્યારાં.
ઝાઝો (વિ) બહુ
દિવસે (ના) દાહાડે.
નવરાશ (ના) ફુરસદ.

પાઠ ૮૪ મો.

કરતૂક (ના) કાવતરાં.
મુદ્દો (ના) સાબિતી.
દાવો (ના) હક;સંબંધ.
સંબંધ (ના) વળગણુ.
બરાડવા (કૃ) પોકારવા.
છોડાવ્યું (ક્રિ) મૂકાવ્યું.
ચંડાળ (વિ) પાપી હુઇ.
લુચ્ચા (વિ) ઢોંગા.
કાણું કર=માં સંતાઇ.
ખડા (ના) મરઘાનું રેહેઠાણુ.
લાજ (ના) એબ; શરમ
ખોટા (વિ) ખરાબ.
સ્વભાવ (ના)ખાશિઅત
સાર (ના) મતલબ.
મતલબ (ના) સ્વાર્થ.
સાધવા (કૃ) પાર પાડવા
લાંબો (વિ) ઊંડો; ઘણો.

પાઠ ૮૫ મો.

ઉદાસ (વિ) દલગીર.
સંતાપ (ના) દુઃખ.
સ્લેટ (ના) પથ્થર પાટી
છાનોમાનો (વિ) મુંગોમુંગો; ચૂપકીથી.
હવેલી (ના) ઊંચી બાંધણીનું ઘર.
પાઇ (ના) એક પઇ.
ઘટારત (વિ) લાયક.
રળિઆમણું (વિ) શોભાવંતો.
થંડો (વિ) ટાઢો.
સુંદર (વિ) સારાં.
વાણી (કૃ) ચૂંટી.

પાઠ ૮૬ મો.

ડોશી (ના) ઘરડી બાયડી.
સાજાંતાજાં (વિ) સારાં; સારી પેઠે.
ગમત (ના) રમૂઝ.
અંધાપો (ના) આંધળાપણું.
લાચાર (વિ) નાચાર.
વાળું (ક્રિ)ધીરજ૪પમાડ્યું.
માચીને (કૃ) વીચીને.
દસ્કત (ના) અક્ષર.
મજેની (વિ) સારી.

પાઠ ૮૭ મો.

ભાગ્યવાન (વિ) નસીબવાળો.
હાલ (ના) દશા; હવાલ.
પીડા (ના) દુઃખ.
મટ્યો (ક્રિ) દૂર થયો.
શાબાશ (અ) ધન્ય છે.
કરકરા (વિ)ખડબચરા.
ખાલી (ના) ઝઝણી.
અંગારો (ના) ચણગારો.
દાઝે (ક્રિ) બળે.
ભૂલતો (ક્રિ) વીસરતો.

પાઠ ૮૮ મો.

કબૂલત(ના)હા કેહેવી તે.
ઉત્તર (ના) જવાબ.
વાળ્યો (ક્રિ) દીધો.
ધૂણાવ્યું (ક્રિ)હલાવ્યું.
પાંગોઠું(ના)પગના ઘુંટણું આગળનો ભાગ.
ઉઠાડવા (કૃ) ઉભો કરવા.

માથાફોડ (ના) મેહેનત.
ઉચ્ચાર(ના) વેણ; શબ્દ.
રો રો (ના) રડ રડ.
બાથ(ના)બે હાથનું છા-
તી સાથનું દબાણ.
ભત્રિજો (ના) ભાઇનો
છોકરો.
બેહેરો (વિ) કાને સાંભ-
ળે નહીં તે
મુંગો (વિ) મોંડે બોલે
નહીં તે.

પાઠ ૮૯ મો.

આસનાવાસના (ના) સે-
વા ચાકરી.
સદ્ગૃહસ્થ(ના)સારા મા-
ણસો.
ફાળ (ના) ફિકર; ધાસ્કો.
ઇશારત (ના) નિશાની.
ઢોર (ના) મુરખ.
ચાળ (ના) કારણ.
લોવા (કૃ) લુછવા.
હૃદય (ના) અંતઃકરણ.

પાઠ ૯૦ મો.

દશા (ના) હાલ.
અવતરે (ક્રિ) જન્મે.
કાકો (ના) નાનો છોકરો.
ઉજડ (વિ) વસ્તી વગ-
રનો; અવાગરો.
જન્મથી (ના) અવતરે
ત્યારથી.
ઉપયોગ (ના) ખપ.

પાઠ ૯૧ મો.

અવસ્થા (ના) હાલ.
ગાયન (ના) રંગતાન.
ઝડપ (ના) ઉતાવળ.
સ્વાદ (ના) ચાખવું તે.
વાસ (ના સુગંધ.
ગુલાબ, મોગરો (ના)
ખુશબોદાર ફૂલનાં ના
મ.
અવગુણ (ના) નુકસાન.
નરસો (વિ) ખરાબ.
માર્ગ (ના) રસ્તો.
છુટકો (ના) નીકાળ.

પાઠ ૯૨ મો.

શિખર (ના) ટોચ; ઉપ-
લો ભાગ.
જ્વાળામુખી (વિ) બળ-
તા મોંનો.
ચમત્કાર (ના) અચંબો.
પુણ્ય (ના) ધર્મ.
ભકિતમાન (ના) ભકિત
કરનાર.
ક્ષેત્ર (ના) ખેતર.
ઓગળેલો (કૃ) રસ થઇ
ગયલો.
ધડાકો (ના) મોટો અ-
વાજ
ધગધગતો (વિ)બહુ ઉ-
નો ઉનો.
ચોતરફ (અ) ચારે બા-
જુએ.
સડસડ (વિ) દડદડ.
મોંઘી (વિ) ઘણી કિમતી
દોલત (ના) માયા; પુંજી
આભરણ (ના) ચાલ.
લીલો (વિ) તાઢો.
અજ્ઞાની (વિ)ભોળા; વ-
ગર ભણેલા.
ઇશ્વરી (વિ) દેવતાઇ.
ઉગરી (ક્રિ) બચી.

પાઠ ૯૩ મો.

કેફ (ના) નીશા.
નિંદા (ના) બદબોઇ.
ઉચરવું (ક્રિ) બોલવું.
ભ્રાંતિ (ના) વેહેમ.
કીર્તિવંત (વિ) આબરૂ-
દાર.

- કરંત (ક્રિ) કરવું.
- રોષ (ના) ગુસ્સો.
- શિર (ના) માથું.
- જગ (ના) જગત.
- કેફી (ના) નીશા કરનારો.
- લાજ (ના) આબરૂ.
- વિશ્વાસ (ના) ભરોસો.
- સોંપે (ક્રિ) ધીરે.
- કાજ (ના) કામ.
- ભંગી (ના) ભાંગ પીનારો માણસ.
- અફીણી (ના) અફીણ ખાનારો માણસ.
- કન્યા (ના) કુંવારી છોકરી.
- નવ (અ) નહીં.
- સોબત (ના) સંઘત.
- રખે (અ) નહિંતો; રખેને.
- મનુષ્ય (ના) માણસ.
- વ્યસની (વિ) ટેવ રાખનારો; વ્યસનખોર.
- પસ્તાય (ક્રિ) દલગીર થાય.
- દોષ (ના) ઠપકો.
- લજવાય (ક્રિ) શરમાય.
- નાત (ના) જાત; જાતના માણસો.
- ચેતો (ક્રિ) સમજી લેઓ.
- નર (ના) મરદ; ભાયડો.
- નાર (ના) બઇરી.
- જીવતર (ના) જીંદગાની.
- ધિક્કાર (ના) તિરસ્કાર.
- વળગશે (ક્રિ) બાઝશે.
- રેલ (ના) બાહારનાં ચઢી આવેલાં ભરપૂર પાણી.
- ખેલ (ના) રમત.

(કવિતાની સમજુતી). (૧૩).

જે કેફી હોય છે તેની દુનિયામાં આબરૂ ગણાતી નથી; તેથી તેનો ભરોસો કરીને કોઇ કામ સોંપતું નથી; જે માણસ ભાંગ પીએ છે અફીણ ખાય છે ને કેફ કરે છે, તેને કોઇ છોકરી પરણાવતું નથી. (૧). તેન કેફીની સંગત કરતાં બધા માણસો બીએ છે, કે રખેને એની સંગત કરીશું તો લોકો આપણી બદબોઇ કરશે; કોઇ બીજા માણસ કંઇ વસ્તુ ઘરની ચોરી જાય, તો તેનો વેહેમ કેફીને માથે આવે કે એણે લીધી હશે. (૨). કોઇ સારૂં આબરૂદાર માણસ હોય, તો તરત તે કેફીનો ભરોસો કરતું નથી; માટે જે કોઇ માણસ કેફ કરવાનીટેવ પાડે છે તે પછી મનમાં ઘણો અફસોસ કરે છે (કેમકે કેફ કરવાની ટેવ પડેલી તે પછી જતી નથી). (૩). કેફી માણસ પોતાનો ગુસ્સો બીજા ઉપર કાહાડે, ને પોતાને જે ખરાબ ટેવ પડી હોય તેનો ઠપકો તેને મૂકે છે; જ્યાં એબલો બેઠો હોય ત્યાં શર-

માય છે, ને પોતાની ન્યાતના કોઈ માણસો પોતાના જેવા થાય થાય તેવા ઘલાજ જોયા કરે છે. (૪). તે માટે તમે સઘળા માણસો સમજી લેઓ, ને એવા કેફી માણસ સાથે તમે બોલો ચાલો નહીં; જે બઈરી કેફીને પરણી હોય છે, તેના જીવવાને ધિક્કાર છે. (૫). કેફી વસ્તુ (ભાંગ, અફીણ, માઝમ, તાડી, દારૂ) વગેરેની સંગત તમે કરો નહીં, નહિંતો તમારે ગળે તે બંધાશે; સાપ, કેફ, ને રેલના ચઢેલાં પાણી, એ ત્રણ સાથે તમારે રમત કરવી નહીં, કેમકે (સાપ કરડે, કેફ ગળે બાઝે ને પાણી બૂડાડે). (૬).

પાઠ ૭૪ મો.

સાબરી (ના) એક જાતની હરણી.
હાણ (ના) નુકશાન.
અવિચાર (ના) વગર વિચાર.
પડછાયો (ના) ઓળો.
નિહાળવું (ક્રિ) જોવું.
વખોડવું (ક્રિ) વગોવવું.
ભરાવ (ના) શોભા; દેખાવ.
બડાઈ (ના) મોટાઈ.
લજવી (ક્રિ) એબ લગાડી; શરમાવી.
મુદ્દલે (વિ) બીલકુલે.
શિકારી (વિ) શિકાર કરનારા.
ખેંચતાણ (ના) ખેંચાખેંચ.
ધિક્કારતી (કૃ) તિરસ્કાર કરતી.
સંકટ(ના) દુઃખ; આપદા.
વખાણી ખાચડી દાંતે વળગે = જેની તારીફ કરીએ તેથી માઠું થાય; (જેના વખાણ કરીએ તે માથે ચઢી જાય).
ફાયદાવાળી=ગુણવાળી.
અવગણના (ના) તિરસ્કાર; ધિક્કાર.

પાઠ ૭૫ મો.

સાર (ના) મતલબ.
નાન્યતર (ના) નપુસક; નર પણ નહીં ને નારી પણ નહીં.
તિરાહીત (વિ) ત્રીજો.
સર્વનામ(ના) નામને ઠેકાણે વપરાતો શબ્દ.
ઓળખાય(ક્રિ) જણાય.
ચંદનઘો (ના) સરડાના જેવું બિયામણું જાનવર.
ધજા (ના) નિશાન.
એક વચન (ના) જેમાં એકનીજ સંખ્યા માલમ પડે તે શબ્દ.
બહુવચન (ના) જેમાં

એક કરતાં વધારે સં-
ખ્યા જણાય તે શબ્દ.
વારેઘડીએ (અ) હર વ-
ખત.
અડચણ (ના) હરકત.

પાઠ ૯૬ મો.

પુરૂષ (ના) મરદ--નરની
જાતી.
શખ્સ (ના) માણસ.
આપ (સ) તમે ને ઠેકા-
ણે વાપરવાનો માન
ભરેલો શબ્દ.
આસામી (ના) સખસ.
ગુરૂજી (ના) ઉસ્તાદ.
હલકો (વિ) ઉતરતો.
વડાસો (વિ) હેતેસરી.
સંદેહ (ના) વેહેમ.

પાઠ ૯૭ મો.

તળી (ના) જોડાનું તળિ-
એનું જાડું ચામડું.
મીરજાઈ (વિ) પીશોરી-
ના જેવો, પણ બેઠે-
લી ચાંચનો.
ખાલું (ના) જોડાનું ઉ-
પલું ચામડું.
પિશોરી (વિ) ઉભી ચાં-
ચનો; પારસી સાઈ.
નરી (ના) ઊંચી જાતનું
સાફ ચામડું.
ચંપલ (ના) ખાલું, ચાં-
ચ ને ખડા વગરનો
જોડો.
કાલબૂત (ના) જોડામાં
ઠોકવાનું મોચીનું લા-
કડાનું ઓજાર.
સપાટ (ના) ચાંચ તથા
ખડા વગરનો જોડો.
આર (ના) સોય જેવું કા-
ણા કોચવાનું મોચી-
નું હથિઆર.
મુગલાઈ (વિ) વાળેલી
ચાંચનો ઊંચી એ-
ડીનો.
મોચી (ના) જોડા સીવ-
નારો.
ચકતી (ના) ચામડાના
ગોળ કકડા.
દખણી (વિ) સરખા ખા
લાનો; દક્ષિણી લોકો
ને પેહેરવાનો.
ગામડીઆ (વિ) એકસ
રખા ખાલાના; ગા-
મડાના લોકોને પેહે-
રવાના.

પાઠ ૯૮ મો.

ઊથલાવવું (ક્રિ) ફેરવી
નાંખવું.
પાળ (ના) કોરાણું.
સુખતળી (ના) માંઝર.
મગનીશીંગ (ના) વિલા-
યતી શીંગ.
અવળું (વિ) ઊંધું.
સવળું (વિ) ચત્તું.
કોર (ના) બાજુ; પાળ.
ગાળા (ના) ઢીલી ચામ-
ડાની વાધરી.
મેલ (ના) ધુળ કચરો વ
ગેરે.
ખંખેરી (કૃ) ઝાપટી.
રક્ષણ (ના) બચાવ.
ઠોકર (ના) ઠેસ.

પાઠ ૯૯ મો.

અશોક (ના) સુખ; ચેન.
પિંડ (ના) ગોળો.
બીચ (અ) વચમાં.
કુઠામ (ના) નઠારી જગો.
કીચ (ના) કાદવ.
કાયા (ના) શરીર.

ગરથ (ના) પૈસો.
ગાંઠ (અ) પાસે; સોડે.
પીજીએ (ક્રિ) પીજઈએ
કીજીએ (ક્રિ) કરીએ.
વડાઇ (ના) મોટાઇ.
વસો (ક્રિ) રેહો.
કશો (વિ) કંઇ પણ.
વસ્યો (ક્રિ) રહ્યો.
અસુખ (ના) બેચેનપણું.
ઉલટું (વિ) સામું; ખ-
માણું.
સૂઝે (ક્રિ) જણાય.
સૂલટું (વિ) સીધું.
ખચીત (અ) નક્કી.
પઢું (ક્રિ) કહું; ભણું.
વેણ (ના) શબ્દ.
પાધરૂં (વિ) સીધું.
છપાય (ક્રિ) જણાઇ આવે.
પ્રભુજી (ના) ઇશ્વર.
ચૌટું (ના) બજાર.
ચેત્યો (ક્રિ) ખબર પડી.
નીચ (વિ) હલકો
લપટાણી (ક્રિ) ખરડાઇ.
માયા (ના) પુંજી.
પદવી (ના) જગા; દરજ્જો.
નિર્લજ (વિ) બેશરમો.
ફોકટ (વિ) નકામો.
ફજેત (વિ) બેહુરમત.

(કવિતાની સમજુતી). (૧૪).

કદી કેફી વસ્તુ પીવી નહીં, ને વિચારીને કામ કરવું; જેથી લોકોમાં આબરૂ વધે, ને હંમેશાં સુખમાં રેહો; કેફ કરવામાં કંઇપણ લેહેજત રહી નથી, એથી કરી સામું જીવને બેચેનપણું થાય છે, ને પાધરૂં કામ હોય તે પણ જણાતું નથી; તમારા મનમાં હું બરાબર પાધરોજ શબ્દ કહું છું એવું નક્કી જાણજો; જે માણસ કેફ કરે છે તેની અક્કલ ઘણીજ ઘટે છે; જ્યારે પાપનો ગોળો પાપથી ભરાય છે, ત્યારે કેફી માણસ તેની નીશાથી પકડાઇ આવે છે; તે માટે વિચારીને જે માણસ કેફ કરવી મૂકી દેશે, તેના પર પરમેશ્વર રાજી થશે. (૧).

કેફી માણસ કેફ કરીને પછી તે બજારની માંહે આવ્યો, ત્યાં સારી કે નઠારી જગોએ તે પડી ગયો, તોપણ (કેફની ધુનમાં) તે નઠારાને ખબર પડી નહીં; તેને ખબર પડી નહીં તોપણ તેનું આખું શરીર કાદવમાં ખરડાઇ ગયું, અને તેથી લૂગડાંને છેડે જે પૈસા બાંધેલા હતા તે તે મૂરખ

ખોઇ બેઠો (કોઇ છોડી ગયું); તેથી **દલપતરામ** કવિ કેહે છે કે તે નફ્ફટ થઇને આખી પૃથ્વી ઉપર ફર્યો, ને કેફ કરીને નકામો બેહુરમત થયો. (૨).

પાઠ ૧૦૦ મો.

સાહુ (ક્રિ) પકડવું.
શત્રુતાઇ (ના) દુશ્મનાઇ
મિત્રતાઇ (ના) દોસ્તી.
સદાઇ (અ) રોજ.
સજનાઇ (ના) સલૂકાઇ
મેળવું (ક્રિ) મેળવવું.
વાસના (ના) ખુશબો.
સુખદાઇ (વિ) સુખ ઉપજે એવું.
દ્વેષ (ના) કીનો.
બાઇ (ના) બેહેન; બાઇડી.
સાહી (કૃ) પકડી.
તજી (કૃ) છોડી; મૂકી.
સગાં (વિ) એક મા તથા એકજ બાપના પેટના.
સંપીને (કૃ) હળી મળીને.
લુચાઇ (ના) દોંગાઇ.
ઠગાઇ (ના) ઠગબાજી; છેતરવાનું કામ.
ભલાઇ (ના) સાલસાઇ.
ટળે (ક્રિ) મટે; જાય.
દુખદાઇ (વિ) દુઃખ ઉપજે એવો.
મીઠાઇ (ના) મીઠાસ.
તન (ના) શરીર.

(કવિતાની સમજુતી) (૧૫).

અરે બાયડીઓ ને મરદો તમે બધાની સાથે સગાઇ પકડીને જેવાં એકજ માબાપના પેટથી જન્મેલાં ભાઇ બેહેન રોજ હળી મળીને રેહે, કે જેની લડાઇ માણસમાં જણાઇ એમ લડયા નહીં, એવી માણસાઇ પકડી દોંગાઇ ખંધાઇ છોડીને અને બોલવામાં આબરૂની ખુશબો મેળવીને, વેર ભાવ કાહાડી નાંખો તમે મનમાં સ્નેહ ભાવ રાખો; એથી તમને સુખ થાય એવું માન મળે ને દુઃખ ઉપજે એવી અદેખાઇ તમારી જતી રેહે, માટે મોંઢે સારા સારા શબ્દ બોલો કે તમારા શરીરમાં સુખ થાય (નિરાંતે ઊંઘ આવે)

પાઠ ૧૦૧ મો.

ખટપટ (ના) કડાકુટ.
ટાઢક (ના) ઠંડક.
પટેલ (ના) ગામનો ઉપરી.
કસબો (ના) તાલુકાનું સૌથી મોટું ગામ.
હરખાતા (કૃ) ખુશીથતાં.
મૂલ (ના) કિમ્મત.

ભાવ્યાં (ક્રિ) સારાં લાગ્યાં; સ્વાદ લાગ્યાં.
વડો (વિ) મોટો.
ઠળિઆ (ના) કળિઆ.
રોપીશ (ક્રિ) વાવીશ.
દાડમડી (ના) દાડમનું ઝાડ.
ખેડૂત (ના) જમીન ખેડનારો.
ડાહ્યો (વિ) શાણો.
ઓસડ (ના) દવા.
જોડવાની (કૃ) એકઠા કરવાની.
લોભિયો (વિ) લાલચુ.
તરશ (ના) સોષ.
હરખ (ના) ખુશી.
બરચી (ના) બોકી.

પાઠ ૧૦૨ જો.

શોધ (ના) ખોળ.
ખાઇ (ના) ઊંડી ખાડી.
ભુસ્કો (ના) કૂદકો.
મટાડી (ક્રિ) ઓલવી.
જુગતી (ના) તદબીર.
કરાડા (ના) કોરણ.
ટેકાવે (ક્રિ) અધેલી ને મૂકે.
વાર (ના) ઢીલ.
ઉગારવા (કૃ) બચાવવા.
જોખમ (ના) ધાસ્તી.
આપમતલબી (વિ) સ્વાર્થી.
લેખે (ક્રિ) ગણે; માને.

પાઠ ૧૦૩ જો.

ઉજળો (વિ) સફેત.
ચળકતો (વિ) તેજ કરતો; ઝળકતો.
ગાળ્યો (ક્રિ) રસ કર્યો.
છાપ (ના) આકાર.
લેખણ (ના) કલમ.
ચાંપશો (ક્રિ) દાબશો.
ગાંધી (ના) કરીઆણું વેચનાર; નેસ્તી.
હાટે (ના) બજાર.
ગલ્સો (ના) કાણાવાળી નાની ઇસકોતરી.
કીકી (ના) નાની છોકરી.
ઊંચકી (કૃ) ઉપાડી.
તકરાર (ના) રગઝક.
ભાગ (ના) હિસ્સો.

પાઠ ૧૦૪ થો.

ઝુંટવવું (ક્રિ) છીનવી લેવું; ખુંચી લેવું.
સંતોખવું (ક્રિ) તરપત થવું.
હરખાવું (ક્રિ) મગન થવું.
પૂછપાછ (ના) તપાસ.
ચોખ્ખા (વિ) સાફ દાનતની.
સાથી (ના) સોબતી.
ઠર્યો (ક્રિ) નક્કી થયો.
ધીરજ (ના) સબૂરી.
વાટ (ના) રાહ.
કાયર (વિ) હેરાન.
ઉઘાડી (કૃ) ખુલ્લી કરી.
ખરચાય (ક્રિ) વપરાય.
દીકરી (ના) છોકરી.
રૂએ (ક્રિ) રડે.

પાઠ ૧૦૫ મો.

વેગળેથી (અ) આઘેથી—
રોઇને (કૃ) રડતાં રડતાં.
ઝાંપો (ના) પરાંનું નામ.
હીંડતાં (કૃ) ચાલતાં.
બાપુ (ના) ભાઇ.
થાક (ના) આરામ
ધણી (ના) માલિક.

પાઠ ૧૦૬ ઠો.

અટકચાળો (વિ) વાંચીત્રો

અટપલો (વિ) અટકચાળો; વીચીત્રો.
ફાંકડા (ના) રંગીલો; છેલ.
ડારો (ના) ધમકી.
ધીર (ના) હિમ્મત; ધીરજ.
ડબી (ના) દાબડી.
ચૂરા (ના) કકડા.
ઝૂમ્યા (ક્રિ) બાઝ્યા.
ચસ્મા (ના) અક્ષર મોટા દેખાય એવા કાચનો સંચો.

ઝુંબ (અ) ધબ.
ખાડાળાં (વિ) ચપટાં.
અતિશે (વિ) ઘણાં.
અટપલાં (ના) અટકચાળાં; આડાં અવળાં કામ.
છરા (ના) ચપ્પુ
સાન (ના) સમજણ.
ડાબલી (ના) દાબડી.
આનંદ (ના) ખુશી.
તત્કાળ (અ) તુરત.
જબરૂં (વિ) ભારે; ઘણું.

શોર બકોર (ના) અવાજ; સાદ.
ચેક (ના) છોથી બાંધેલી જમીન.
અંધો (વિ) આંધળો.
હસવું (ના) હાંસી; મજાક
હાણ (ના) નુકસાન.
લાડકડો (ના) લાડવાયો; વાહાલો છોકરો.
વસ્માં (વિ). કપરાં.
દાટ (ના) જુલમ.
ઘડ્યો (ક્રિ) બનાવ્યો.

(કવિતાની સમજુતી). (૧૬).

એક અટકચાળો છોકરો, જેનું નામ જીવો હતું, તે જે ઠેકાણે જઈને બેસે ત્યાં ઘણા અટકચાળાં (આડાં અવળાં કામ) કરતો હતો. (૧). કાગળ કે કલમ કે પછી ચપ્પુ. જે જે ચીજ તે જોતો, તે ગમે તેવી સારી હોય. તોપણ તેને ઝટપથી બાઝી પડતો હતો. (૨). તેને ના કહીએ પણ તે માને નહીં, અને કોઈનું કહેલું રશું તે કાને ધરે નહીં, તોપણ તેને એકજ દાહાડામાં, બધી સમજણ આવી ગઈ. (૩). ઘરડો માણસ ચસ્મા ને દાબડી (તપખીરની), મેલીને માળ ઉપર ગયો, એટલે તે અટકચાળે (જીવાએ), તુરત ઘણા હરખ ભેર તે બંને વાના લઈ લીધા. (૪) પછી તે ચસ્મા જે ઘણાં ચપટા હતા તેને જીવાએ નાક ઉપર ભેરવ્યા, અને પગ વતી ધબ દેતાં કે દાબડી હતી તે જોવા સારૂ લીધી. (૫). તે દાબડાનું ઢાંકણું મ-

મજબૂત દીધેલું હતું, તેથી તે ઉઘાડવાને તેણે ઘણું જોર કીધું, એટલે જોરથી તે ઉઘડતાં ઘણું ઉછળ્યું, ને ઘણો અવાજ થયો. (૬) તેમાંથી પછી તેના મોં ઉપર બધે તપખીર તપખીર થઇ રહી, એટલે તે ફાંકડો (સહેલાણી) પાછી ફાંફાં મારવા લાગ્યો, ને હિમ્મત રાખી શક્યો નહીં. (૭). પછી ચશ્મા તે છોના ચોકમાં નાંખ્યા, ને છીંકો ખાવા લાગ્યો, ને થાકીને ગભરાયો એટલે થુ થુ કરી, પછી જીવો ત્યાં રડવા લાગ્યો (૮). તે આંખને ઘણી ચોળવા જાય છે, તો આંખે તે આંધળો થાય છે, એવામાં ડોસાએ છોકરાને જોયો, અને ચશ્માના કકડા થયલા દીઠા. (૯). પછી તે ડોસાએ જીવાને કહ્યું કે ભાઇ હાંસી હસારત થઇ ને વળી નુકસાન થયું, માટે હે લાડકવાયા જીવા તું એજ મતાનો જાણજે. (૧૦). ચશ્મા તો કકરા થઇ પડ્યાં (માંહેના કાચ ભાંગી ગયા), ને દાબડીએ જુલમ કર્યો (માંહેની તપખીર વેરાઇ ગઇ), પછી જીવાએ કોઇ દહાડો પણ બીજી વાર પોતાની જીંદગાનીમાં એવો ઘાટ બનાવ્યો નહીં (એવું કામ કીધું નહીં). (૧૧).

પાઠ ૧૦૭ મો.

નાનો કાંટો=કલાક કાંટો.
મોટો કાંટો=મિનિટકાંટો; લાંબો કાંટો.
ચિત્ર (ના) છબી; તસવીર.
કુંડાળું (ના) ચકરડું.
અંતરે (ના) છેટે.
આંકડા (ના) નંબરો; અંકો.
મિનિટ (ના) ૨॥ પળ.

પાઠ ૧૦૮ મો.

મધરાત (ના) વચલી રાત, (રાતના ૧૨ વાગતાનો વખત).
એકીવારે=સામટા.
સવાલ (ના) પ્રશ્ન.
નક્કી (અ) ખચિત્ત.
ઝટ (અ) જલદી.

પાઠ ૧૦૯ મો.

રૂતુ (ના) મોસમ.
વર્ણન (ના) બયાન; વિસ્તાર.
શીતળ (વિ) ઠંડો.
પાનખર (ના) ઝાડનાં પાંતરાં ખરી જાય તે મોસમ.

તંબોળ (ના) પાન.
શાલ (ના) ઉનનું કિમતી લૂગડું.
સરોવર (ના) મોટું તલાવ.
વનસ્પતિ (ના) લીલોતરી, ઝાડ પાંતરાં વગેરે.
વણુતોલ = તોલ નહીં થાય તે; ઘણુંજ.
મલાર (ના) રાગનું નામ, (ચોમાસામાં ગાવાનો રાગ).
ખેતીકાર (ના) ખેતીવાળા.
ચાખડી (ના) પાવડી.
શિઆળો (ના) ટાઢની મોસમ.
કઠોળ (ના) અડદ, ચણા, વટાણા, વાલ વગેરે ધાન્ય.
ડગલી (ના) બેવડી અંગરખી.
ઘટે (ક્રિ) ઓછો થાય.
ઉનાળો (ના) તાપની મોસમ.
જળ (ના) પાણી.
પાન (ના) પાંતરાં.
કેસુડાં (ના) પીળો રંગ કાહાડવાનાં ફૂલ.
રૂડાં (વિ) સારાં.
ગુણવાન (વિ) ફાયદાવાળા.
હોજ (ના) પાણીનો બાંધેલો કુંડ.
ફુવારા (ના) પાણીની સેરો પોતાની મેળે ફુટે તેવો હોજ.
બાગ (ના) મોટી વાડી.
ચંદન (ના) સુખડને પાણી સાથે ઘસીને કરેલો લોંદો.
પંખા (ના) વીંજણા.
કોયલ (ના) મધુર રાગનું કાળું પક્ષી.
ચોમાસું (ના) વરસાદની મોસમ.
ખાસું (વિ) મઝાનું.
ડુબાડૂબ (વિ) બૂડાબૂડ.
ઊચારે (ક્રિ) બોલે.
ચંપા, ચંબેલી } ફૂલનાં જૂઈ, ગુલાબ } નામ.
ફૂલાય (ક્રિ) ખાલી આવે.
સુખમાટ (ના) સુખને સારૂં
હીંચોળા (હીંચકા.
ખાટ (ના) ખાટલો.

(કવિતાની સમજુતી). (૧૭).

ટાઢની રૂતુ (કારતગ, માગસર, પોસ) માં ઠંડો પવન આવે છે, ને પાનખર રૂતુ (ફાગણ, ચૈત્ર માં ઘઊં પાકે છે; શીઆળે ગોળ થાય છે ને કપાસ કઠોળ પણ પાકે છે, ને લોકો શરીરે તેલ ચોપડે છે ને પાન ચાવે છે. (૧). વળી શિઆળામાં લોકો ડીલમાં ઉન બનાતના ડગલા પેહેરે છે ને શાલ ઓઢે છે, ને ગરીબ લોકોના પગ ને ગાલ

ફાટી જાય છે (તેઓને ડગલા શાલ મળતા નથી); શિયાળામાં દહાડો ટુંકો ને રાત મોટી હોય છે, ને શરીરમાં ખોરાકથી જોર આવે છે. (૨). તાપની રૂતુમાં ભોંયમાં પાણી ઘણાં ઊંડાં જતાં રેહે છે, ને નદી તળાવનાં પાણી સૂકાઇ જાય છે; બધી લીલોતરીનાં ઝાડને નવાં પાંદડાં આવે છે, ને કામમાં આવે એવા સારા પીળા રંગના કેસુડાનાં ફૂલ થાય છે. (૩). ઉનાળામાં પાણીનાં કુંડ, ફુવારા, બાગ બગીચા સારા લાગે છે, અને સુખડનું ચંદન તથા વીંજણા પણ વાહાલો લાગે છે (તેથી ઠંડક વળે છે); કોયલ પક્ષી સારા મધુર શબ્દ બોલે છે, અને ગરમી એટલી પડે છે કે તેનું તોલ થતું નથી, (એટલે તે કહી શકાતી નથી). (૪). વરસાદની રૂતુ બહુ મઝાની લાગે છે, તેવારે બધે ઠેકાણે પાણી ભરપૂર થઇ રહ્યું હોય છે; લોકો મલાર રાગ ગાય છે (કે તેથી વરસાદ આવે). ને ખેતીવાળાઓ ખેતરમાં રોપણી ચલાવે છે. (૫). ચંપા, ચંબેલી ને જૂઇ, તેમજ ગુલાબનાં ફૂલ સારાં ખીલે છે; ચોમાસામાં વરસાદને સારૂ છત્રીઓ હોય છે, ને સૂવા બેસવાને હીંચકો ને ખાટલો તથા ચાલવાને પાવડીઓ રાખેલી હોય છે. (૬).

પાઠ ૧૧૦મો.

લાવરી (ના) ચંદોળ પક્ષી.
લણવું (ક્રિ) કાપણી કરવી.
નચિંત (વિ) બેફિકર.
ફોકટ (વિ) નકામું.
ચિંતા (ના) ફિકર.
આડોશી પાડોશી (ના) પાસેના ઘરના રેહેનારા.
ટાંપીને (કૃ) તાકીને.
માલ (ના) જીવ.
ભાઇભાંડું (ના) ભાઇ તથા ભાઇ બેહેનનાં છોકરાં છૈયાં.
લણણી (ના) કાપણી.
બીનાં (ક્રિ) બીધાં.
સમાચાર (ના) ખબર.

પાઠ ૧૧૧ મો.

ધારણા (ના) દિલાસો.
પંડે (વિ) જાતે; પોતે.
આપ મુઆ વિના સ્વર્ગે ન જવાય=પોતાનું કામ

પોતાથી જેવું સારૂં થાય તેવું બીજાથી નહીં થાય.
મેઘ સમાન જળ નહીં=બીજું ગમે એટલું પાણી આવાને પડે. પણ વરસાદના પાણીની બરાબર નહીં થાય.
આપ સાન બળ નહીં=આપણું કામ કરવામાં આપણું જેર જેટલું કરે છે તેટલું બીજાથી થતું નથી.
મેઘ (ના) વરસાદ.
સમાન (વિ) બરાબર.
બળ (ના) જેર.
નજર (ના) નીધા.

પાઠ ૧૧૨ મો.

ગુરૂ (વિ) દીર્ઘસ્વરવાળો.
થડકવું (ક્રિ) ભારથી બોલવું.
લઘુ(વિ)હ્રસ્વસ્વરવાળો
અનુસ્વાર (ના) બિંદુ.
હ્રસ્વ (વિ) ટુંકો.

ગણ (ના) ત્રણ અક્ષરની ટોળી.
દીર્ઘ (વિ) લાંબો.
માત્રા (ના) ઉભી રેફ.
ભેદ (ના) પ્રકાર.
જેડાક્ષર (ના) જેડેલા દસ્કતો
પત્ર (ના) કાગળ.
ઠરાવેલા (કૃ)નક્કી કરેલા.
વિગત (ના) તપસીલ.

પાઠ ૧૧૩ મો.

પ્રકાર (ના) જાત; રીત
માત્રામેળ (વિ) માત્રા ઉપરથી થયલા.
અક્ષરમેળ (વિ) અક્ષર ઉપરથી થયલા.
પદ (ના)ગમે તેટલી માત્રાનું એક ચરણ-લીટી.
ચોપાઈ (ના) જેમાં ચાર પદ આવેલાં તે.
પિંગળ(ના) કવિતા બનાવતાં શીખવાની ચોપડી.
ચરણ (ના) પદ.

પાઠ ૧૧૪ મો.

વિસ્તાર (ના) એહેવાલ.
લક્ષણ (ના) બ્યાન.
લંબાણ (ના) લાંબો વિસ્તાર.
વિસામો (ના) આરામ.
આરંભતા(કૃ)શરૂ કરતાં.
વર્ણમેળ(વિ)વર્ણથી થયલા.
વિશેષ (વિ) વધારે.

પાઠ ૧૧૫ મો.

વિશ્રામ (ના) વિસામો.
અનુપ્રાસ (ના) મળતા ઉચ્ચારના અક્ષરો.
કવિત(ના)મનહર છંદ.
શબ્દો (ના) બોલ.
ત્રિભંગી (વિ) ત્રણ પદથી તુટે ને ચોથે પદે બંધ બેસે એવો.

પાઠ ૧૧૬ મો.

ઘાટ (ના) આકાર.
કૌવત (ના) જેર.
સરજી (ક્રિ) પેદા કરી.
મૂળથી (અ) પેહેલાં.
જીંડવા (ના) દીંડવા.
ઉખેડે (ક્રિ) મૂળ સાથે ખેંચી કાહાડે.

પીલીને (કૃ) દાબીને.
આદમી (ના) માણુસ.
રૂપ (ના) ઘાટ; આકાર.
બદલે (ક્રિ) ફેરવે.

પાઠ ૧૧૭ મો.

સંપ(ના)એક મત ; એક્કો.
મંત્રી (ના) પ્રધાન.
નૃપ (ના) રાજા.
ચખ (ના) આંખ
નિજ (વિ) પોતાના.
મહી (ના) પૃથ્વી.
ભ્રાત (ના) ભાઈ.
આદિક (અ) એશિવાય.
પ્રધાન (ના) વજીર.
સંવત (ના) વિક્રમનો સન, (હાલ ૧૯૪૦).
તેર ત્રેપન (વિ) ૧૩૫૩
વિક્રમ (ના) રાજાનું નામ છે.
દિલી (ના) હિંદુસ્તાનમાં જમના નદી ઉપર શેહેર છે.
અલાઉદ્દીન (ના) ગીલજી વંશનો બીજો બાદશાહ.
તખ્ત (ના) રાજ્ય ગાદી.
મલેક (ના) મલેક કાફુર; ગીલચી વંશનો ચોથો બાદશાહ.
જબ (અ) જેવારે; તેવારે.
અમલ (ના) રાજ; હકુમત.
રૂચી (ના) ભાવ; ઇચ્છા.
વિખ (ના) ઝેર.
શાહ (ના) બાદશાહ.
શાહજાદો (ના) બાદશાહનો છોકરો.
એક માસ દીન પંચ (વિ) પાંત્રિસ દિવસ.
સંપજે (ક્રિ) ઉપજે.
સેવ્યો (ક્રિ) રાખ્યો.
વણ (અ) વગર.
કુંવર (ના) રાજાનો છોકરો.
હણ્યો (ક્રિ) માર્યો.
પિતુમાતે (ના) માબાપે.
શુભ (વિ) સારૂં.
સેવતે (ક્રિ) રાખતા.
રંક (ના) ગરીબમાણસ.
પીડાય (ક્રિ) દુઃખી થાય.
ધન (ના) પૈસા; દ્રવ્ય.
ધારતું (ક્રિ) વિચારતું.

(કવિતાની સમજુતી). (૧૮).

જ્યારે વિક્રમાજીત સંવત ૧૩૫૩ નું વર્ષ હતું, ત્યારે દિલીના રાજ્યની ગાદી ઉપર અલાઉદ્દીન બાદશાહ બેઠો ; એટલે તેના વજીર મલેક કાફુરને રાજ્ય કરવાની મરજી થઈ, તેથી તેણે અલાઉદ્દીન બાદશાહને ઝેર ખવાડીને મારી નાંખ્યો ને તેના છોકરાની આંખ પણ ફોડી નાંખી; પણ પછી તે મલેક કાફુર ફકત પાંત્રિસ દહાડા રાજ્ય કરીને ખરાબ રીતે મુઓ,

માટે ખચિત્ત વિચારીને જુવો કે સંપ મૂકી ને કામ કરે તો કદી સુખ થાવ નહીં. (૧).

દિલ્લી શેહેર વગેરે બીજા દેશોમાં આજ સુધીમાં જે જે રાજાઓ થયા, તેઓમાં જેમણે સંપ રાખ્યો નહીં તેઓ બધા વગર મોતે (કમોતે) મુઆ; તેમાં કોઇ રાજાને પોતાના છોકરાએ માર્યો, અને કોઇને પોતાના ભાઇએ માર્યો; તેમ કોઇ રાજાને પોતાના વજીરે માર્યો; એ પ્રમાણે સારી રીતે સંપ રાખતા નથી તો રજા અને રંક એટલે (પૈસાદાર અને ગરીબ) બંનો જણ દુઃખી થાય છે; પૈસા થકી સુખ થાય છે એવું કોઇ વિચારતું નથી, પણ સંપ રાખેથીજ સુખ થાયછે. (૨).

પાઠ ૧૧૮ મો.

તેજાનો (ના) જાયફળ, જાવંત્રી, તજ વગેરે મસાલો.

ખુશબોદાર (વિ) સુગંધ દાર.

જાવંત્રી (ના) જાયફળ ઉપરની છાલ.

ટાપુ (ના) બેટ.

ખાસાં (વિ) મઝાનાં.

ઝૂમખા (ના) લૂમખા.

શોભિતું (વિ) શોભાય માન; સારૂં.

બીજ (ના) ફળ; ગર.

જામફળ (ના) જમરૂખ.

દેખાવડું (વિ) શોભાવંતુ.

ચૂંટી (કૃ) તોડી.

પાઠ ૧૧૯ મો.

બાદીઆન (ના) એક જાતનો તેજાનો.

ભભકદાર (વિ) શોભિતો; બાલતો.

તજ (ના) લવેંગના ઝાડની છાલ.

ગળપણ (ના) મીઠાસ.

નિપજે (ક્રિ) પાકે.

કુંપળ (ના) ફણગો.

સૂરમ (ના) વાસ.

તમાલપત્ર (ના) તજનાં પાંતરાં.

જાંબુડો (વિ) જાંબુના જેવો, (ભૂરો આસમાની).

પાઠ ૧૨૦ મો.

ખીસકોલી (ના) કોલ્હાં જેવું જાનવર.

છટકી જવું (ક્રિ) નાસી જવું; હાથમાં નહીં આવવું.

શિકારી (ના) પારધી; શિકાર કરનારો.

અણીદાર (વિ) અણીવાળું.
ગોડે (અ) પેઠે.
છાંટ (ના) રંગની ભાત.
ખોલ (ના) ખોલ; ખો.
ખો (ના) ખાઈ.
સંધ્યાકાળ (ના) સમીસાંઝ, (દીવા બત્તીનો વખત).
કોળ (ના) મોટો ઊંદર.
કૂકડા (ના) મરઘા.
બગાડ (ના) નુકસાન.
ખબરદાર (વિ) હોંશિઆર.
ખબરદાઈ (ના) ખંધાઈ; ખબરદારી.
ખંધું (વિ) લુચ્ચું.

પાઠ ૧૨૧ મો.

ડુંગર (ના) મોટો ઊંચો ટેકરો.
કઢણ (ના) ઢાળ.
સેંકડો (વિ) સો.
પક્કી (વિ) પાકી; હોંશિઆર.
કાળા માથાનું = બોલી શકે એવું અક્કલવાળું.
માનવી (ના) માણસ.

પાઠ ૧૨૨ મો.

મહાસાગર (ના) મોટા સમુદ્ર, (પૃથ્વી ઉપર એવા પાંચ છે).
કાંઠો (ના) કિનારો.
હિંદી (ના) હિંદી મહાસાગર. (હિંદુસ્તાનની દક્ષિણનો).
આટલાંટિક (ના) એશિયા ખંડની પશ્ચિમ તરફનો મહાસાગર.
પાસિફિક (ના) સ્થિર પાણીનો મહાસાગર.
રોકવું (ક્રિ) ઘેરવું; ફરી વળવું.
સાગર (ના) સમુદ્ર.
મેર (ના) બાજુ.
વીંટી (કૃ) લપેટી; ઘેરી.
પીવાજોગ=પીવા લાયક
પથરાએલું (કૃ) ફરી વળેલું.

પાઠ ૧૨૩ મો.

ચમત્કાર (ના) અચંબા; અજબ ખેલ.
ખોખું (ના) જીવ વગરનું ખોળીઉં.
વમળ (ના) પાણીના ભમરા.
વંટોળીઓ (ના) પવનનું જોરથી વાવું.
કંઠાળ (ના) દરિઆ કઠેનો દેશ.
શંખલા (ના) છીપોમાં થતાં જીવડાં.
ભરતી (ના) જુવાળ; પાણીનું આવવું.
ઓટ (ના) પાણીનું ઉતરવું.
પરવાળું (ના) ઝીણા લાલ પથરા જેવી ચીજ દરિઆમાં થાય છે.
વાદળી (ના) કાણા કાણાવાળી પાણી ચૂસે એવી પોચી ચીજ.

પાઠ ૧૨૪ મો.

ડેરા (ના) તંબુ.
તંબુ (ના) નાનો ડેરો.
બારૂં (ના) બંદર.
વહેવારીઓ (ના) આબરૂદાર— શાખવાળો માણસ.

દીવાનખાનું (ના) આગલા માળનો બેઠકનો ઓરડો.
અનુકુળ (વિ) ઠીક; પાધરૂં.
ઢાળે (ક્રિ) ઢળતી રાખેછે
પેદાસ (ના) આવક;નીપજ.
જીવે છે (ક્રિ) ગુજારો કરે છે.
ખુંટી (ના) ખાલી.
હુશિઆર (વિ) અક્કલ વાળા; કાબેલ.

પાઠ ૧૨૫ મો.

કળા (ના) હુન્નર;યુક્તિ
યંત્ર (ના) સાંચો.
પ્રતિ (ના) નકલ.
મુદ્રાછાપ (ના) બીબા છાપ.
શિળાછાપ (ના) પથરા ઉપર અક્ષર પાડી છાપવું તે.
પુસ્તકો (ના)ચોપડીઓ.
સુમારે (અ) આસરે.
છાયલ, છીદડી (ના) બાયડીઓને પેહેરવાનાં સૂતરાઉ લૂગડાં.
છીપા (ના) લૂગડાં છેકનારા લોકો.
શાઇ (ના) રૂશનાઇ.
બેડોળ (વિ) ખરાબ આકારના; ઘાટ વગરના.
સુધારો (ના) સારો ફેરફાર; ખામી મટાડવી.
છાપખાનું (ના) પુસ્તકો વગેરે છાપવાનું ઠેકાણું.
નકલ (ના) ઉતારો;પ્રત.
હિકમત (ના) તદબીર.

પાઠ ૧૨૬ મો.

કૃત્ય (ના) કામ.
શ્રેષ્ઠ (વિ) મોટો.
નિર્જીવ (વિ) જીવ વગરના.
વર્ગ (ના) જાતિ; પંક્તિ
વનસ્પતિ (ના) લીલોતરી.
કરમાય (ક્રિ) ચીમળાય.
વેદના (ના) પીડા;દુઃખ.
પદાર્થ (ના) ચીજ;વસ્તુ.
મુદ્દલ (વિ) બીલકુલ.
ખરેખાતના (વિ) સાચે સાચા.

પાઠ ૧૨૭ મો.

ટંટો (ના) ઝગડો
પતાવનાર (ના) સમાધાન કરનાર.
ઝગડો (ના) ટંટો.
પરીક્ષા (ના) તપાસ.
પંચ (ના) પાંચ માણસની ટોળી.
ઇનામ (ના) ચોપડી વગેરેનો સરપાવ.
ઠરાવ (ના) નિશ્ચય.
નારાજી (વિ) નાખુશી.
ડાવકી (વિ) ડાહી.
ફર્યાદ (ના) રાવ.
ગુનો (ના) વાંક.
મસ્તી (ના) તોફાન.
સાંખી (કૃ) ખમી.
ખબરદારી (ના) હોંશિઆરી.
ભલમનસાઇ (ના) દાનાઇ; સાલસાઇ,

પાઠ ૧૨૮ મો.

ઉપરાણું (ના) તરફદારી.
વહાલાં (વિ) હેતેસરી.

લાજતી (કૃ) શરમાતી.
બેનપણી (ના) સહિયેર.
વારી (ક્રિ) અટકાવી.
ઝંખવાણા (વિ) ઝાંખ; વીલાં.
ધન (અ) શાબાસ.
અસર (ના) લાગણી.
ભુંડી (વિ) ખરાબ.
ઝાઝી (વિ) ઘણી.

પાઠ ૧૨૯ મો

ભેજ (ના) ભીનાસ; સરદી.
સંધિવા (ના) હાથ પગ રહી જાય એવા વા.
સળેખમા (ના) સરકમ: મગજ ભારે થાય તે.
વીનવું (ક્રિ) વારી વારી ને સમજાવવું.
ભોંયતળીઉં (ના) પેહેલા માળ નીચેની જમીન.
રસોડું (ના) રાંધણી.
ખબરઅંતર (ના) સમાચાર.
સોહેતું (કૃ) સદતું; માફક આવતું.
અવસ્થા (ના) હાલત.
વાંકા (વિ) નબળા
ગ્રહ પીડા (ના) ગ્રહના જોગનું દુઃખ.
નડે છે (ક્રિ) હેરાન કરે છે.
કીચડ (ના) કાદવ.
નસીબ (ના) ભાગ્ય.
મટ્યો (ક્રિ) દૂર થયો.

પાઠ ૧૩૦ મો.

નામિચો (વિ) જાણીતો; પ્રખ્યાત.
રણ (ના) રેતીનું મેદાન.
સરેરાસ (વિ) સરાસરી.
લેખાય (ક્રિ) ગણાય.
જૈન ધર્મી=શ્રાવક લોકો ના ધર્મના.
રળિઆમણાં (વિ) શોભાયમાન.
અખાત (ના) પાણીવાળી મોટી ખાડી.
તંગાસ (ના) તાણ; ખોટ.
રેતાળ (ના) રેતીવાળી.
જાર (ના) જુવાર.
ડાંગર (ના) ભાત.
પંકાય (ક્રિ) સરસ કેહેવાય.
સરસ (વિ) સારા.

પાઠ ૧૩૧ મો.

શોભાયમાન (વિ) સારૂં, શોભાવતું.
ધામ (ના) મુકામ.
પ્રલાકો (ના) જેમાં ઘણાં સંસ્થાનો આવેલાં તે.
છાવણી (ના) પડાવ.
જીલ્લો (ના) જેમાં ઘણા એક તાલૂકા આવેલ તે.
સંસ્થાન (ના) રાજાના વસાવેલા ખંડિઆ મૂલક.
રેસીડેંટ (ના) સરકાર તરફથી છાવણી નાંખી રેહેનારો.
ગાદી (ના) તખ્ત.
સરકાર (ના) હાકેમ.
સંઘ (ના) ટોળાં.
સાહુકાર (ના) પૈસાવાળો આબરૂદાર ગ્રહસ્થ.
ફુંડ (ના) છોથી બાંધી લીધેલો ગોળ ઝરો.

અધિકારી (ના) ઓહ્દે-
દાર; હાકમીવાળો.
મુદ્દત (ના) ઠેરવેલો વ-
ખત.
પટ્ટું (ના) તાણો;હવાસો.

પાઠ ૧૩૨ મો.

વાઝોટું (ના) પવનનું
તોફાન.
સૂઝી (ક્રિ) માલમ પડી.
વારો (ના) વખત.
તાપણી (ના) બળતું.
ઞટ્ટો (ના) ઠરેલા રસનો
ગાંગડા.
જુગ્તી (ના) તદબીર.
કારખાનું (ના) વખાર.
સોડા (ના) એક જાતનો
ખાર.
નિર્મળ (વિ) ચોખ્ખો.
લોંદો (ના) લચકો.
ઘેર (ના) ઘેરાવો, ફેર.

પાઠ ૧૩૩ મો.

ખિલોરી (ના) હાંડીની
જાતનો કાંચ.
ખપોટી (ના) એક જા-
તની રેતી.
પારદર્શક (વિ) જેમાંથી
આરપાર જોવાય તે.
કંદીલ (ના) કાચનું
પ્યાલું.
હાંડી (ના) દીવો સળ-
ગાવવાનો કાચનો
દબ્બો.
પ્યાલા (ના) જામ; પ-
વાલાં.
ખરડ (વિ) ભાંગી જાય
એવો.
કણી (ના) રજ; રજકણ
પ્રકાર (ના) જાત.
મેળવણી (ના) ભેગ.
પોટાશ (ના) એક જા-
તનો ખાર.
બાટલીઓ (ના) સીસી-
ઓ.
આરપાર (અ) આગલા
પડથી પાછલા પડ
સુધી.
પૈસાદાર (વિ) તાલેવંત.

પાઠ ૧૩૪ મો.

ઊસ(ના) સાબુ બનાવ-
વાનો ખાર.
કાંકણુ (ના) ધોળા ટપ-
કાવાળી કાળી ચપટી
ધારવાળી બંગડી.
પ્રખ્યાત (વિ) નામીચા.
ખેતરવા (ના) ખેતરપૂર
જગ્યા.
વોહોરા (ના) વ્હોરા લોક.
બ્રાહ્મણવાડો (ના) બ્રા-
હ્મણ લોકોનો જથો-
પુષ્કળ (વિ) ઘણો.
કાપડાં (ના) ચોળી કાં-
ચળી.
બાપો (ના) આરસી;
આરસીના કાચના ઝી-
ણા ઝીણા કકડા.
મકાન (ના) ઘર; મુકામ
મૂલ (ના) કિમ્મત.

પાઠ ૧૩૫ મો.

પડછાયો (ના) ઓળો.
સંતોષ (ના) આનંદ.
તીરે (ના) કાંઠે.
ભોગવવું (ક્રિ) વાપરવું.
ઇચ્છે (ક્રિ) ચાહે.
અનીતિ (ના) ગેર રીતી;
બીન વિવેક.
લોભે લક્ષણ જાય=લો-
ભથી આખર જવી
રેહે.

મૂળગાં (વિ) સમૂળાં; બીલકુલ.
ઉદ્યોગ (ના) મેહેનત.
સ્થિતિ (ના) હાલત.
તકાવવું (ક્રિ) ધારી રેહેવું; તાકી રેહેવું.
ઠાલા (વિ) ખાલી.
ખાળદો (ક્રિ) કુડાવવો.
લોભને થોભ નહીં=લોભનો કંઈ છેડો નથી.

પાઠ ૧૩૬ મો.

કાર (ના) વેહેવાર.
પ્રૌઢી (વિ) મોટી; ઘણી.
હળવો (વિ) હલકો.
પોષાવું (ક્રિ) પંકાવું.
સમૂળું (વિ) બધું.
ક્ષોભ (ના) દલગીરી.
મોહ (ના) મોહિણી.
ન્યૂન (ના) ખોટ; બટ્ટાદ
વપુવાન (વિ) શરીરવાળો.
માનમરજાદા (ના) આબરૂ.
ભાર (ના) વકર.
વેહેવાર (ના) આપ લેનો સંબંધ.
નવ (અ) નહીં.
પુણ્ય (ના) ધર્મ; દાનનું આશિષ.
લક્ષણ (ના) ગુણ.
શૂળ (ના) પેટ સું થાય એવો રોગ.
બે લોક=આ લોક ને દેવ લોક.
દોષ (ના) અપરાધ.
સંતોષી (વિ) આનંદી.
પૂરણ (વિ) પૂરૂં; બધું.
મહીપતિ (ના) રાજા.
ધાન (ના) અનાજ.
અર્થ (ના) મતલબ.
ગાંડા (વિ) ઘેલો.
ગર્થ (ના) પૈસો.

(કવિતાની સમજુતી). (૧૯).

લોભ કરવાથી ચાલતો વેહેવાર બંધ થઈ જાય છે, અને લોભથી ઈજત આબરૂ ઓછી થાય છે, લોભે સારી રીત રેહેતી નથી, તેમ લોભથી એક બીજામાં સારૂં હેત પણ રેહેતું નથી. (૧). લોભ કરવાથી ભાર વકર રેહેતો નથી, ને લોભથી આપ લેનો સંબંધ ચાલતો નથી, લોભથી સઘળા ગુણ ઓછા થાય છે, ને લોભથી ભારેનો હલકો થાય છે. (૨). લોભથી વિદ્યા પંકાતી નથી, ને લોભથી પુન્ય કરેલું બધું જતું રેહે છે; લોભે કરીને સઘળાં ગુણ શુળ જેવા જાણવા, અને લોભ એ સઘળા પાપનું મૂળ જાણવું, (એટલે અતિ લોભે સર્વ જતું રેહે છે). (૩). આ લોકને દેવ લોક એટલે (મૃત્યુ લોક ને સ્વર્ગ લોક) એ બેમાં બૂડાડે એવો લોભ

છે, પણુ તેમાં મોહિણી મૂકેલી છે એ મોટી દલગીરીની વાત છે; લોભ કરવા વિષે ઘણા અપરાધ કહેલા છે, પણ સુખી થવાનો માર્ગ તો આનંદ રેહેવું તે છે. (૪). જે આનંદી છે તેને બહુ માન આવકાર હોય છે, ને આનંદી માણુસ શરીરે સારો દેખાય છે, આનંદી માણુસને શી બાબતની ખોટ હોય છે? (કશી વાતની ખોટ હોતી નથી), તેમ આનંદી માણુસને પૂરૂં પુન્ય હોય છે એટલે તે પુન્યાત્મા કેહેવાય છે. (૫). આનંદી માણુસને રાજાના જેવા માન આલિંગન થાય છે, ને આનંદીને ખાવાને પુષ્કળ ધન ધાન્ય હોય છે; આનંદીનો ઉપર કહ્યો તેજ અર્થ છે, પછી ગાંડો થઇને નાણું શોધવા જાય નહીં. (૬).

પાઠ ૧૩૭ મો.

દ્વારકા (ના) કાઠિયાવાડની પશ્ચિમે જાત્રાનું મોટું ધામ છે.

શંખ, ચક્ર, ગદા, પદ્મ } ચાર છાપનાં નામ છે; વિષ્નુના ચાર આયુધ્ય છે.

સ્થાપના (ના) મંડાણુ.

ધાટ (ના) ઓવારો.

માથાદીઠ (વિ) માણુસદીઠ; અકેકા આદમીએ

તપાવીને (કૃ) ગરમ કરીને; ઊનું કરીને.

ડામ (ના) ધગધગતા લોઢાનો ઉનો ચપકો.

બૈરાગી (ના) સાધુ; બાવા.

મજલ (ના) દસ પંદર ગાઉનો ટપ્પો.

જાત્રાળુ (વિ) જાત્રા જનારા.

બોઢાણો (ના) એક રજપૂત ભક્ત થઇ ગયો.

પાઠ ૧૩૮ મો.

ગુણુકારી (વિ) ફાયદાકારક; ફાયદાવાળી.

ખજૂર (ના) ખજૂરીનાં ફળ.

સાંથવો (ના) શીરા જેવા લચકા.

પેશી (ના) પીશી.

મુસાફર (ના) જૂદા જૂદા દેશમાં ફરનારા; પ્રવાસી.

ધટા (ના) ફેલાવો; પથરાઇ જવું.

ટાઢક (ના) ઠંડક.

ઠળિઓ (ના) કળિઓ.

નકામો (વિ) વગર ખપનો.

પાઠ ૧૩૯ મો.

બુતારો (ના) સાવરણી.

નીરો (ના) કેફ વગરની મીઠી તાડી.

બેવકૂફ (વિ) મૂરખ.

સાવરણી (ના) બૂતારો.
તાડી (ના) ખજૂરીમાં-
 થી ઝરપેલો રસ.
મેડો (ના) માળ.
પીઢીઆ(ના)ભારોટીઆ.
ગાઢવાં (ના) લાંબા મોં-
 ના કાદવનાં ઢોચકાં.
છેદ (ના) કાણું; વેહ.
ખેલાઇ (ના) ગાંડાઇ; ના
 દાની.

પાઠ ૧૪૦ મો.

રાજધાની (ના) રાજ-
 ગાદીનું શેહેર.
રાજનગર(ના)રાજધાની
મસીદ (ના) હોરા, મુસ-
 લમાન વગેરેને ની-
 માજ ભણવાનું ઠેકા-
 ણું-મકાન.
પુસ્તકશાળા (ના)પુસ્ત-
 કો રાખવાનું ઠેકાણું.
પ્રખ્યાત (વિ) પંકાયલું.
વચ્ચોવચ (અ) મધ્ય
 ભાગે.
ભદ્ર (ના) જેમાં ભદ્રકા-
 ળી માતા છે તે મકાન
પ્રાચીન (વિ) જૂનું.
કેદી (ના) ગુનેહગાર લો
 કો; અપરાધીઓ.
તુરંગ (ના) કેદખાનું.
શુમાર (ના) અડસટ્ટો.
સૂતર(વિ)સેહેલ; સૂગમ

પાઠ ૧૪૧ મો.

ઘાટીલાં (વિ)ઘાટવાળાં.
વિશાળ (વિ) લાંબુ પો-
 હોળું.
તરેહતરેહવાર (વિ)જુ-
 દી જુદી જાતનો.
દેશાવર (ના) પરદેશ.
કિનખાબ (ના) રેશમનું
 કસબના બુટ્ટાદાર લૂ-
 ગડું.
મશરૂ (ના) એક જાતનું
 રેશમી કપડ.
વખણાય (ક્રિ) પંકાય.
તોપખાનું (ના) તોપો
 રાખવાનું ઠેકાણું.
કરંજા (ના) પાણીનાં
 ફુંવારા.
ઇમારતો (ના) ઊંચી
 બાંધણીનાં ઘરો.
ખંડેર (ના) જુનાં મકા-
 નો પડી ગયેલા તેની
 ખુલ્લી જમીન.
મ્યુનિસિપાલ (વિ) શે-
 હેર સૂધારાનું.
સૂધરાઇ (ના) સૂધારો.
સડક (ના) કાચો બાંધે-
 લો રસ્તો.
કાંપ (ના) લાવણી.
ગોરા (વિ) ટોપીવાળા.

પાઠ ૧૪૨ મો.

મુખવાળાં=મોંઢાવાળા.
સામગ્રી (ના) સામાન.
કારમી (વિ) અજબ;
 ભારી.
સ્વર્ગ (ના) કૈલાશ.
સ્કુલ (ના) નિશાળ.
નર્ક (ના) જહાનમ.
દિસે (ક્રિ) જણાય.
ભયંકાર (વિ) બિયામ-
 ણું.
કાળાં (વિ) નઠારાં.
કૃત્ય (ના) કામ.
જશ (ના) આબરૂ.
ઉજળા (વિ) પંકાયલા;

સફેત.
જન (ના) માણસ.
સમાન (વિ) જેવું; બરાબર.
રત્ન (ના) કિમતી જવાહિર.
અમૂલ (વિ) જેની કિમ્મત થઈ શકે નહી.
મનરંજ (વિ) મન ખુશ થાય એવું.
કારંજ (ના) ફુંવારો.
ચડતે = પોહોરે=દહાડો ચડતાં; સૂરજ ઉગેતે.
ઠરવાનું (કૃ) ખુશી થવાનું; ગમવાનું.

(કવિતાની સમજુતી). (૨૦).

ભદ્ર એટલે કલ્યાણ એ સોથી સારૂં નામ એવો અર્થ થાય છે તે તો બધી દુનિયાના લોકો જાણે છે, પણ કોણ જાણે કયા કારણે કાળાશથી ભદ્ર નજરે બિયામણું દેખાય છે. (૧). તો કેહે તેમાં કાળાં મોંડાંવાળા (કેદી લોકો) રેહે છે, તેઓ નઠારાં કામના કરનારા છે, તે કારણ કાળાશથી ભદ્ર નજરે બિયામણું માલમ પડે છે. (૨). તેના કરતાં દુનિયામાં જેની આબરૂ ઘણી છે તે તે, અને તેવા માણસોથી ભરેલી જશવાળી તું પુસ્તકશાળા જો. (૩). કાચા કાચના જેવા (એટલે ભણતા વિદ્યાર્થિ), કે જેઓ ભણ્યેથી તેની ઘણી કિમ્મત આવે છે, અને પછી તેઓનું સારૂં મૂલ આવે છે એટલે (સારા પગારદાર થઇ જાય છે), એવા ભણનારાને વાસ્તે આ નિશાળ મોટી છે તે જો. (૪). સ્વર્ગ, નર્ક, અને આ દુનિયાના લોકના રસ્તા સઘળા સેહેલા છે, તે રસ્તે જવાના જુઓ આજ ત્રણ દરવાજા છે, એટલે (અમદાવાદમાં ત્રણ દરવાજા છે તેને સ્વર્ગ, નર્ક, ને આ લોકમાં જવાના એવા ત્રણ દરવાજાની ઉપમા આપી છે). (૫). સુખનો બધો સામાન જ્યાં મનને ખુશ લાગે એવો મળે છે, એવો તું વિચારી જો કે આ કારંજ કેવો બનેલો છે. (૬). દર સુકરવારે આ જગોએ એટલે (**અમદાવાદમાં**) શોભા સારી બને છે, અને દર રોજ સહવારે સૂરજ ઉગતે માણેક ચોકમાં સારો બજાર ભરાય છે. (૭). એ ચોકના બજારમાં બે ઘડી બેસેથી

જીવ ખુશ થાય છે, તે જોઇને દલપતરામ કવિ મનમાં ઘણા ખુશ થયા છે. (૮).

પાઠ ૧૪૩ મો.

બહાદુર (વિ) હિમ્મતવાળો.
મડમ (ના) સાહેબ લોકની સ્ત્રી.
ઉતારૂ (ના) વહાણમાં બેસનારા લોકો.
સાહેબ (ના) યુરોપીયન ગ્રહસ્થ; ટોપીવાળો.
વીલો (વિ) સુનો; છુટો.
ગેલ (ના) લાડ.
ડોળ્યું (ક્રિ) વાંકું વળ્યું.
પાધરૂં જ (અ) તુરતજ.
મછવો (ના) નાની હોડી.
પાસે (ના) બાજુએ.
હલેસાં (ના) ચાટવા.
ભાન (ના) બુદ્ધિ.

પાઠ ૧૪૪ મો.

લંગર (ના) વહાણ અટકાવવાને પાણીમાં નાંખવાની લોઢાની બિલાડી.
કળતર (ના) દુખાવો.
ખલાસી (ના) ખારવા.
અણુસારો (ના) ઇશારત.
તક (ના) વખત; દાવ.
સંકટ (ના) દુઃખ.
ડુબકી (ના) બુડકી.
દાંતીઆ (ના) મૂરકીઆ
લગભગ (અ) નજીક; પાસે.
જડબું (ના) ડાચું.
ઉગર્યો (ક્રિ) બચયો.

પાઠ ૧૪૫ મો.

તરતબુદ્ધિ (ના) દુઃખની વખતે તુરત ઘટતો ઉપાય સૂઝે એવી અક્કલ.
કુકડી (ના) મરઘી.
ખડો (ના) વાસ; રેહેઠાણ.
સપનું (ના) ઊંઘમાં આવતો ખોટો વિચાર.
સંદેહ (ના) વહેમ.
હિંમત (ના) બહાદુરી.
હારતાં (કૃ) મુકી દેતાં.
તોડ (ના) નીકાલ.

પાઠ ૧૪૬ મો.

ખાતર (ના) ઘાસ, પાણ વગેરે કોહી ગયલો કચરો.
ધરૂ (ના) તરૂ, ઝીણાં કુમળાં છોડ.
કોળા (ના) ચોડા.
હળ (ના) જમીન ખેડવાનું લોઢનું અણીદાર હથિઆર.
વરાળયંત્ર (ના) બાફનો સંચો.
ધમધોકાર (વિ) ઝડપથી, ઝપાટાબંધ.
પાક (ના) અનાજની નિપજ.
ચાસ (ના) હળ ફેરવવાને જમીન પોચી પાડે છે તે.
વાવણી (ના) રોપણી.
હારદોર (વિ) હારબંધ.

કણુસ્રા (ના) કણુસલા
ઊંબી(ના)કણુસલું; કંડી.
ક્યારડો (ના) પાણી ભરાયલો નાનો ખાડો.

પાઠ ૧૪૭ મો.

જડ (ના) મૂળ.
ઝપણવું (ક્રિ) ઝાટકવું; ઝાપટવું.
માફક(વિ)ઠીક; અનુકુળ
નીંદી (કૃ) સાફકરી; કાહાડી નાંખી.
ખરીફ (ના) ચોમાસા પાકનું ધાન્ય.
રવી (ના) શિઆળા પાકનું ધાન્ય.
તર (વિ) તરપત.
વાવેતર (ના) રોપણી.
રોપા (ના) છોડવા.
ખળી (ના) દાણા કાહાડવાનું ઠેકાણું.
પાર (ના) કણુસલા, કંઠી વગેરેમાંથી દાણા કાહાડવાનું ઠેકાણું.
ફોતરાં (ના) છોતરાં.
આગલાગટ (અ) વરસોવરસ.
હેરફેર (વિ) વારાફરતી; એકેક વરસને આંતરે.
એકાદ (વિ) એક.
પડતર (વિ) ખાલી.
કસ (ના) રસ.

પાઠ ૧૪૮ મો.

અમીર (ના) મોટો માણસ.
પાલણપોષણ (ના)ગુજરાન.
નાહર (ના) વરૂ; ફાડી નાખનારાં જાનવરો.
મસ્ત (વિ) જબરા.
છે(ના)દગો;વિશ્વાસઘાત.
ઇતબારી (વિ) ભરોસાદાર.
ધણીઆણી (ના) બાયડી; બઇરી.
કડકડતી (વિ) સખત.
ધણી (ના)શેઠ.
વચન (ના) કબૂલાત.
ઇલાજ (ના) ઉપાય.
લાચારી (ના) નાચારી.
સાર (ના) મતલબ.
સંકટ (ના) આફત.
પાલણ (ના) પોષણ.

પાઠ ૧૪૯ મો.

ગુલામ (ના) વેચાણ લીધેલો ચાકર.
સિંહ (ના) મોટું ચોપગું જાનવર; જાનવરોનો રાજા.
ભયંકર(વિ)બિયામણો.
મોતીઆં (ના) હાંઝાંજ.
ઇરાદો (ના) ધારણા.
અસલ (અ) અગાઉ.
જુલમ (ના) ગજબ.
વગડો (ના) વન; રાન.
ઢગલેઢગલા(વિ)ઘણુંજ.
રખડારખડી (કૃ) ભટકી ભટકી.
ભયોભય (અ)ઝપોઝપ.
આય (ના) શકિત.
નિરાશ (વિ) દલગીર.
શોર (ના) અવાજ.
રાંકડું (વિ) દયા ઉપજે એવું; ગરીબડું.
અયબો (ના) નવાઇ.

ધીરજ (ના) હિમ્મત.

પાઠ ૧૫૦ મો.

ટાંટિઓ (ના) પગ.
સૂણેલો (કૃ) મૂકેલો.
આજારી (વિ) માંદો.
કરાર (ના) સુખ; ચેન.
માયા (ના) હેત.
ભાઇબંધ (ના) દોસ્તદાર.
ઓચિંતો (અ) એકદમ.
નિર્દય (વિ) દયાવગરનો.
હવાલે કર્યા (ક્રિ) સોંપ્યો.
હાકેમ (ના) સરકાર.
જુલમી (વિ) સખત; જુલમખોર.
કાયદા (ના) ધારા.

પાઠ ૧૫૧ મો.

હિંસા (ના) હત્યા.
મેદાન (ના) મોટી ખુલ્લી જગો.
કમકમી (ના) ધ્રૂજારી.
તમાશો (ના) મેળો.
મેદની (ના) ઠઠ.
ઉદાસી (વિ) દલગીર
ફાળ (ના) કૂદકો.
ખરાડા (ના) બૂમ; મોટો ધાંટો.

ફાડ (ના) ચીર.
કાચા હૈયાનું=નબળું પોચું; નરમ.
હોશ (ના) હાંઆ; ગાત્ર
તલપ (ના) ડાકુ.
લાડ (ના) ગેલ.
જાતિ સ્વભાવ (ના) મુળ ખાશિઅત.
કથા (ના) વારતા.
માંડીને (કૃ) વિસ્તારીને.
વગડાઉ (વિ) જંગલના.
વીસરવો (ક્રિ) ભૂલવો.
બદલો (ના) પાડ

પાઠ ૧૫૨ મો.

પાંસરા (વિ) સીધા.
કડકા (ના) ટુકડા; કકડા
ખોસવી (ક્રિ) ઘોચવી
અભિમાન (ના) અહંકાર
વહેંચી (કૃ) ભાગ પાડી.
પેચ (ના) આંટો.
પોષાક (ના) પહેરવાનાં લૂગડાં.

પાઠ ૧૫૩ મો.

લોભિઓ (ના) લાલચુ માણુસ.

બંદર (ના) નદી કે દરિઆ કાંઠે આવેલું શેહેર.
ટંગાવું (ક્રિ) લટકાઇ રેહેવું.
ત્રણ પૈસા=ત્રણ દોકડીઆ.
ભાવ (ના) કિમ્મત.
પાઇ (ના) એક પઇ.
રાન (ના) જંગલ; વન.
રાની (વિ) જંગલી.
મફત (વિ) પૈસા વગર.
ભરાવે (ક્રિ) ભેરવે; અડકાડે.
જાળવાને (કૃ) સાચવાને
લટકી (કૃ) ટીંગાઇ.

પાઠ ૧૫૪ મો.

થોભ (ના) પાર; છેડો.
તૃષ્ણા (ના) તરસ.
ધરાવું (ક્રિ) તરપત થવું.
આજિજી (ના) કાલાવાલા; ખુશામત.
છોડીશ (ક્રિ) મૂકીશ.
પંડ્યાજી (ના) ભટજી.
સામટા (વિ) એકદમ; એકે જથે.

પછડાઇને (કૃ) ઝીકાઇને.
અતિશે (વિ) ઘણું.
લોભ (ના) લાલચ.
શોભા (ના) આબરૂ.
સદા (અ) રોજ; નિત્ય.
ધન (ના) પૈસો; દ્રવ્ય.

(કવિતાની સમજુતી). (૨૧).

જ્યાં લોભનો છેડો નહીં એટલે અતિશે લોભ થાય છે ત્યાં સઘળી શોભા આબરૂ જતી રેહે છે, જે માણસ હરેક વાતની તૃષ્ણાથી રોજ તરસ્યો રેહે છે તે કોઇ દહાડો પૈસાથી ધરાતો નથી.

પાઠ ૧૫૫ મો.

કડાકો (ના) અપવાસ.
મણા (ના) કસર.
ડાવકું (વિ) ડાહ્યું.
નિશા (ના) ખાતરી.
ભક્ષ (ના) શિકાર; ખાવાનું.
સડપ (અ) ધપ; પાધરી
મધુરો (વિ) સારો.
અડપ (અ) ઝડપથી.
સૂર (ના) ગાવાનો સોર.
ખાલી (વિ) અમથા.
ખોળતું (કૃ) શોધતું.
વિજોગે (અ) પરમેશ્વરના કરવાથી.
રૂપ (ના) શરીરની કાન્તિ.
રૂપાળી (વિ) શોભિતી-
ઘાટ (ના) આકાર.
સાદ (ના) અવાજ.
ફૂલી (કૃ) ચહડી; ફૂલાઇ.
ઉપાડી (કૃ) ઊંચકી.

પાઠ ૧૫૬ મો.

ટટ્ટુ (ના) નાનો ઘોડો.
મિઓ (ના) મુસલમાન.
બૂઢો (વિ) ઘરડો.
પાંસે (અ) પાછળ.
ભાગ્ય (ના) નસીબ.
ઘટારત (વિ) લાયક.
અસ્વાર (ના) ઘોડે બેસીને સ્વારી કરનાર.
કઠણ (વિ) વજ્જર.
હીંડાડે (ક્રિ) ચલાવે.
મેણા (ના) ઠપકાના બોલ.
ઓળું (ના) ટોળું.

પાઠ ૧૫૭ મો.

ગજબ (ના) જુલમ.
રેહેમ (ના) દયા.
ઠબકવું (ક્રિ) અટકવું.
જીવાળ (વિ) જીવવાળો; કસદાર.
ઓળી (ના) ગાંસડી.
ખમતી (વિ) ઊંચકી શકે એવી.
આસામી (ના) માણસ.
માહેત વાર=થોડો વખત.
અવિચારી (વિ) વગર વિચારના; અણસમજુ.
વળી (ના) સાકટી.
પછાડા (ના) શરીર અફાળવું તે.
કરાડો (ના) કીનારો; પાણીમાં ઊંડો ખાડો.
લજવાઇને (કૃ) શરમા-

પને.
સારૂં નરસું (વિ) સારૂં નઠારૂં.
રૂડું (વિ) સારૂં.

પાઠ ૧૫૮ મો.

ભુંડું (વિ) બૂરૂં; માઠું
ભલું (વિ) સારૂં; રૂડું.
કાચકી (ના) પાણીના સોષથી ગળે બોલાય નહીં તે.
બોટવો (ના) માટીનો કુચડો.
મજેના (વિ) સારા.
સોબતી (ના) સાથી.
ટકોરા (ના) આંગળીના ટચકારા.
આફાળી (કૃ) પછાડી.
ભરી આપ=બેઠેલા પૈસા આપ.
ન્યાત (ના) જાત.
ખાર (ના) અદાવત.

પાઠ ૧૫૯ મો.

હલકો (વિ) તુચ્છ.
પ્રજા (ના) રૈયત.
પરિવાર (ના) વંશ; વિસ્તાર.
ધનહીણા (વિ) પૈસા વગરના.
અભ્યાસ (ના) આભેપ.
કુટુંબી (ન) કુટુંબના
પિતા (ના) બાપ; તાત.
ધનવાન (વિ) પૈસાદાર.
સમાન (વિ) બરાબર.
અવગુણ (ના) સારા ને બદલે નઠારૂં.
સજ્જન (ના) સારા માણસ.
સુવાસ (ના) સારીગંધ; સારી ખુશબો.
કાળ (ના) રીસ.
આળ (ના) અટકચાળું; ખોટું કામ.
આજ્ઞાની (વિ) અણુસમજુ.
દયાળ (વિ) રેહેમવાળા.

(કવિતાની સમજુતી) (૨૨).

આ દુનિઆમાંના બધા લોકો તે પરમેશ્વરની પ્રજા છે, અને આપણું બધા એક કુટુંબના, અને તે એક બાપના છોકરાં છિઆં છઇએ. (૧).

તેમાં કોઇ શરીરે કાળા હોય છે ને કોઇ ગોરા હોય છે તેમ કોઇ ગરીબ હોય છે ને કોઇ સરખા પૈસાદાર હોય છે, તે બધાને ગણવા, કોઇને પણ હલકો ગણવો નહીં. (૧).

ભુંડાને બદલે ભલું કરવું (નઠારાને બદલે સારૂં કરવું) એ સારા માણસની રીત છે, જેમકે સૂખડને સળગાવીને બાળીએચ ત્યારે ઉલટી માંહેથી સારી ખુશબો નીકળે છે તેમ. (૩). વળી નાનું બચ્ચું જરા બાલ ખેંચે

(કંઇ અટકચાળું) કરે તો રીસ ચડતી નથી, તેમજ કોઇ અણસમજુ માણસ કાંઈ નુકસાન કરે તો દિલમાં દયા રાખવી (ગુસ્સે થવું નહીં). (૪).

પાઠ ૧૯૦ મો.

રતીપૂર (વિ) જરાક.
આકરૂં (વિ) કપરૂં.
પરેજી (ના) કરી.
કરી (ના) પરેજી.
આપમત (ના) પોતાનું ડાહ્યાપણું.
પાટણ (ના) ગુજરાતની ઉત્તરે શેહેર છે.
મુળાડીઆં (ના) મૂળીઆં.
જેર (ના) મારો; જારી રાખવું.
મતલબ (ના) સાર.
પીડાય (ક્રિ) દુઃખી થાય

પાઠ ૧૯૧ મો.

ઉપયોગ (ના) ખપ; વાપરવું.
માતબર (વિ) ફળદ્રુપ.
નરાજ (ના) કોશ.
સુરંગ (ના) નેહેર; ભોંયમાં ખાડો ખોદી માંહે દારૂ ભરી સળગાવે છે તે.
થર (ના) પડ.
ભાગળ (ના) દરવાજા જેવું.
ખડકો (ના) ખાણ કે સમુદ્રની નીચે આવેલા મજબૂત પથરા.
ભડાકો (ના) અવાજ.
મિશ્ર (ના) ભેગ.
વખાર (ના) માલ ભરવાનું ઠેકાણું.
ગાળે (ક્રિ) રસ કરે.
જૂદી (વિ) છૂટી; નોખી

ગુજરાત દેશનો સંક્ષિપ્ત ઈતિહાસ.

(ચાવડા વંશ).

આપણા ગુજરાતમાં જૂનામાં જૂનું રાજ્ય વલભીપુરનું ગણાય છે. એ વલભીપુર કાઠિઆવાડ વિભાગમાં ભાવનગરની ઉત્તરે થોડાગાઉ ઉપર વળા કરીને ગામ છે તેની થડમાં હતું. એ રજપૂત રાજ્યની મોટી રાજધાની હતી. એ રાજ્ય કયાંથી તે કયાં સુધી ચાલ્યું તે નક્કી માલમ પડતું નથી, પણ કેટલાએક લેખ ઉપરથી એમાં પાંચમો રાજા શીલાદીત્ત થયો ત્યારથી એ રાજ્યની કેટલીએક હકીકત જણાઈ આવે છે. એ શીલાદીત્ત રાજા ઈ૦ સન ૩૨૯માં લડાઈમાં મરાયો. એ રાજા વેદ ધર્મી ને શિવ માર્ગી હતો ને પૈસાની વાતમાં બહુ કંજૂસ હતો. અને તેજ સબબથી એ વલભીપુરનો નાશ થયો હોય એમ લાગે છે. વલભીપુરના નાશ થવાના કારણો બે કેહે છે. એક તો લોકો એમ કેહે છે કે વલભીપુરની પાસે ઈ...વળાના ડુંગર આગળ એક સાધુ પોતાના ચેલા સાથ ઉતર્યો હતો તે સાધુ પછી વલભીપુરમાં ભીખ માંગવા ગયો પણ કોઈએ તેને ભીખ આપી નહીં તેથી તેણે શ્રાપ દઈ કહ્યું કે એ શેહેર ઊંધું વળજો ને ધુળ મળજો, તે કેહેતાંજ વલભીપુર દટાઈ ગયું ને તેનો નાશ થયો. બીજું કારણ એ કેહે છે કે એ વલભીપુરમાં મારવાડના પાલી શેહેરથી કોઈ કાકુ વેપારી આવીને વસ્યો હતો, તેની છોકરી પાસે જડાવ સોનાની કાંસકી હતી તે એક દિવસે ઉપલા શિલાદીત્ત રાજાની છોકરીએ જોઈ તેથી તે કાંસકી જોર જુલમથી શીલાદીત્તે તેની પાસેથી લઈ લીધી, તેથી તે કાકુ વેપારી મલેચ્છ લોકો પાસે ગયો અને તેમને એક લાખ સોનૈયા આપવા કબૂલ કરીને શીલાદીત્ત રાજા ઉપર

ચઢાઇ કરાવી, જેમાં શીલાદીત્ત માર્યો ગયો અને વલભીપુરનો નાશ થયો.

વલભીપુરનો નાશ થયા પછી ચાવડા વંશના રજપૂત રાજાઓએ ગુજરાતમાં રાજ્ય કર્યું. વલભીપુર પછી એ રાજયની ગાદી કચ્છના રણ આગલ ઝીંઝુવાડાની પાસે પંચાસર નગર છે ત્યાં સ્થાપવામાં આવી. ત્યાં ચાવડા વંશનો પેહેલો રાજા જયશીખરી ઈ૦ સ૦ ૬૯૬થી રાજય કરવા લાગ્યો. એ રાજાની પાસે ઘણીજ દોલત હતી, અને તેની રાણી રૂપસુંદરી ઘણીજ ફુટડી હતી. એ વેળા કનોજ દેશમાં કલ્યાણ નગર છે ત્યાં સોલંકી વંશનો ભૂવડ નામે મોટો બળવાન અને પ્રાક્રમી રાજા રાજ્ય કરતો હતો તેને જયશીખરીની મોટાઇ તથા બળની વાત કાને પડી, તથા ગુજરાત દેશની આબાદાનીની ઘણીક વાતો એક શંકર નામના કવિને મોંડે તેણે સાંભળી. તેથી તેણે જયશીખરીની સામાં લડવાનું નક્કી કીધું. અને પછી તેની સાથે મોટી લડાઇ કરી. તે લડાઇ બાવન દિવસ સુધી ચાલી. તેમાં આખરે જયશીખરી હાર્યો ને માર્યો ગયો, ને ગુજરાતનું રાજ્ય ભૂવડ રાજાને હાથ આવ્યું.

હવે જયશીખરી લડાઇમાં મરાયો ત્યારે તેની રાણી રૂપસુંદરી ગર્ભવંતી હતી તેને જયશીખરીએ મરતાં પેહેલાં તેના ભાઇ સુરપાળ સાથે વનમાં મોકલી દીધી હતી. હવે સુરપાળ તેને ત્યાં મુકીને પાછો ફરતાં પોતાના બનેવી જયશીખરીના મરણની વાત તેણે સાંભળી, એટલે તે સોરઠના ડુંગરમાં ભરાઇ રહ્યો. હવે ત્યાં પેલી રૂપસુંદરીએ વનમાં ફળ ફૂલ ખાઇને દહાડા કાહાડયા. ત્યાં એક ભીલડીએ તે બાઇનું રક્ષણ કર્યું. બાદ થોડક દહાડે રૂપસુંદરીને છોકરો અવતર્યો. એ છોકરો વનમાં અવતર્યો માટે એનું નામ તેણે વનરાજ (વનનો રાજા) પાડયું. વનરાજ ૭ માસનો થયો તેવારે એક શીલગુણસુરી નામનો ગોરજી ત્યાં આવ્યો. તે

જયશીખરીની રાણી તથા વનરાજને પોતાને ઘેર તેડી ગયો. ને ત્યાં વનરાજને ઉછેરીને મોટો કર્યો.

એ વનરાજ આગળ જતાં મોટો શૂરો ને સમજણો થયો એટલે પછી તેણે પોતાના મામા સુરપાળ અને બીજાઓની મદદથી પોતાના બાપનું ગયલું રાજ્ય પાછું મેળવ્યું. ને ઈ૦ સ૦ ૭૪૬ માં એટલે સવંત ૮૦૨ ની શાલમાં અણહિલવાડ નગર વસાવ્યું, ને ત્યાં પોતાની રાજધાની કરી. અણહિલવાડને હાલ સિદ્ધપોર પાટણ કેહે છે, ને તે ગુજરાતમાં સરસ્વતી નદી ઉપર છે.

કોઇ અણહિલ નામના ભરવાડે વનરાજને જવા આવવાના રસ્તા બતાવેલા તે ઉપરથી વનરાજે પોતાની રાજધાનીનું નામ અણહિલવાડ પાડ્યું. શ્રીદેવી નામની કોઇ સ્ત્રીએ વનરાજની ચાકરી કરી હતી તેથી તે બાઇ પાસે ગાદીએ બેસતી વખત વનરાજે ટિલક કરાવ્યું; અને ચાંપો નામે વેપારી આગળ તેનો કારભારી હતો તેને વનરાજે પોતાનો પ્રધાન બનાવ્યો. એ ચાંપાએ ચાંપાનેર શેહેર વસાવ્યું. ચાંપાનેર શેહેર રેવા કાંઠામાં હાલોલ કસબાની પાસે છે. વનરાજ ૬૦ વરસ રાજ્ય કરીને ઈ૦ સ૦ ૮૦૬ માં મરણ પામ્યો.

જેમ જયશીખરી પછી તેનો છોકરો વનરાજ ગાદીએ બેઠો, તેમ વનરાજ પછી તેનો છોકરો યોગ્યરાજ ગાદીએ બેઠો, યોગ્યરાજ પછી તેનો છોકરો ખેમરાજ, ખેમરાજ પછી તેનો છોકરો ભૂવડ, ભૂવડ પછી તેનો છોકરો વિજયસિંગ, વિજયસિંગ પછી તેનો છોકરો રતનાદીત્ત, અને રતનાદીત્ત પછી તેનો છોકરો સામતસિંગ ગાદીએ બેઠો.

વનરાજ મોટો જોરાવર ને બાહાદુર રાજા થઇ ગયો. યોગ્યરાજ ઘણું ભણેલો હતો, ને તીર મારવાનું કામ સારૂં જાણતો હતો. ને તેણે ઉપજમાં વધારે કીધો હતો. ખેમરાજ જરા મીજાસી સ્વભાવનો હતો ને

તેણે પણ દેશની દોલત વધારી હતી રતનાદીત્ત સાચો ને સારા ગુણવાળો માણસ હતો. સામતસિંગ સારો માણસ હતો નહીં, હમણાં બોલે કંઈ તો ફરીને બોલે જૂદું. સામતસિંગ ચાવડા વંશમાં છેલ્લો રાજા થઈ ગયો. ચાવડા વંશ ઈ૦ સ૦ ૬૯૬ થી સન ૯૪૨ સુધી એટલે ૨૪૬ વરસ ચાલ્યો ચાવડા વંશમાં બધા મળીને આઠ રાજા થઈ ગયા તેમનાં નામ, તથા રાજ કર્યાના વરસની વંશાવળી નીચે મુજબ.

		કયારે ગાદીએ બેઠો.	કયારે ગાદી પરથી ઉઠેયો	કેટલાં વરસ રાજય કીધું.
જયશીખરી.	ઈ૦ સ૦	૬૯૬	૭૪૬	૫૦
વનરાજ.	ઈ૦ સ૦	૭૪૬	૮૦૬	૬૦
યોગયરાજ.	ઈ૦ સ૦	૮૦૬	૮૪૨	૩૬
ખેમરાજ.	ઈ૦ સ૦	૮૪૨	૮૬૬	૨૪
ભૂવડ.	ઈ૦ સ૦	૮૬૬	૮૯૫	૨૯
વિજયસિંગ	ઈ૦ સ૦	૮૯૫	૯૨૦	૨૫
રતનાદીત્ત.	ઈ૦ સ૦	૯૨૦	૯૩૫	૧૫
સામતસિંગ.	ઈ૦ સ૦	૯૩૫	૯૪૨	૭

(પરિક્ષાના સવાલો).

ગુજરાતમાં જૂનામાં જૂનું રાજ્ય કયું ગણાય છે? વલભીપુર નગર કેણી તરફ છે? વલભીપુર કયા રાજ્યની રાજધાની હતી? વલભીપુરનું રાજ્ય કયાંથી તે કયાં સુધી ચાલ્યું? શીલાદીત્ત રાજા કયા સનમાં મરણ પામ્યો? શીલાદીત્ત રાજા કયો ધર્મ માનતો હતો ને તે કેવો હતો? વલભીપુરનો નાશ થવાનું કારણ શું? વલભીપુરનો નાશ થવાનું બીજું કારણ લોકો શું કેહે છે? વલભીપુરનો નાશ થયા પછી કયા રાજાઓએ ગુજરાતમાં રાજ્ય કર્યું? વલભીપુર પછી ગુજરાતની ગાદી કયા નગરમાં સ્થાપવામાં

આવી? પંચાસર નગર કેણી તરફ છે? પંચાસરમાં ચાંવડા વંશનો પેહેલો રાજા કયો થયો? જયશીખરી પાસે કેટલી દોલત હતી? જયશીખરીની બાયડીનું નામ શું? રૂપસુંદરી દેખાતી કેવી હતી? જયશીખરી પંચાસર નગરની ગાદીએ બેઠો તેવારે કનોજ દેશના કલ્યાણ નગરમાં કયો રાજા રાજ કરતો હતો? ભૂવડ રાજા કેવો હતો? ભૂવડ રજા જયશીખરી સાથે લડાઇ કરવાને શાથી ઉસકેરાયો? ભૂવડ રાજાને ને જયશીખરીને પછી લડાઇ થઇ કે નહીં? તે લડાઇ કેટલા દિવસ સુધી ચાલી? તે લડાઇમાં કોણ હાર્યું ને કોણ જીત્યું? પછી ગુજરાતનું રાજ્ય કોને હાથ આવ્યું? જયશીખરી ભૂવડ રાજા સાથે લડાઇમાં મરાયો ત્યારે તેની રાણી રૂપસુંદરી કેવી હાલતમાં હતી? તે રૂપસુંદરીને જયશીખરીએ મરતાં પેહેલાં કયાં મોકલી દીધી હતી? કોની સાથે મોકલી દીધી હતી? સુરપાળે જયશીખરીના મરણની વાત સાંભળી ત્યારે તે કયાં ભરાઇ રહ્યો? રૂપસુંદરી વનમાં શું ખાતી હતી? રૂપસુંદરીની બરદાસ વનમાં કોણે લીધી હતી? રૂપસુંદરીને દહાડા હતા તો તેને શું અવતર્યું? વનરાજ શાથી નામ પાડયું? વનરાજ છ મહિનાનો થયો ત્યારે તેને કોણ તેડી ગયું? રૂપસુંદરી પછી કયાં રહી? વનરાજ આગળ જતાં કેવો રાજા થયો વનરાજે પછી પોતાના બાપનું ગયલું રાજ્ય પાછું મેળવ્યું કે નહીં? વનરાજે પાછું રાજ્ય મેળવ્યું તો કોની મદદથી મેળવ્યું? વનરાજે કયું નગર વસાવ્યું? વનરાજે અણહિલવાડ કયા શાલમાં વસાવ્યું? વનરાજે પોતાની રાજધાની કયાં કરી? અણહિલવાડને હાલ શું કેહે છે? સિધ્ધપોર પાટણ કેણી તરફ છે? વનરાજે પોતાની રાજધાનીનું નામ અણહિલવાડ કેમ પાડયું? વનરાજ ગાદીએ બેઠો ત્યારે ટિલક કઇ બાઇરા પાસે કરાવ્યું? તે બાઇરા પાસે ટિલક કરાવવાનું શું કારણ? વનરાજ ગાદીએ બેસતી

વખત પ્રધાન કોને બનાવ્યો હતો? ચાંપા પ્રધાને કયું શેહેર વસાવ્યું? ચાંપાનેર કેણી તરફ છે? વનરાજે કેટલાં વરસ રાજ્ય કીધું? વનરાજ કયા સાલમાં મરણ પામ્યો? જયશીખરી પછી કોણ ગાદીએ બેઠું? વનરાજ પછી કોણ ગાદીએ બેઠું? યોગ્યરાજ પછી કોણ ગાદીએ બેઠું? ખેમરાજ પછી કોણ ગાદીએ બેઠું? ભુવડ પછી કોણ ગાદીએ બેઠું? વિજયસિંગ પછી કોણ ગાદીએ બેઠું? રતનાદીત્ત પછી કોણ ગાદીએ બેઠું વનરાજ કેવો રાજા થઇ ગયો? યોગ્યરાજ કેવો રાજા હતો, ને તે શું કામ જાણતો હતો? ખેમરાજ કેવી રીતનો માણુસ હતો? રતનાદીત્ત કેવો માણુસ હતો? સામતસિંગ સારો માણુસ હતો કે નહીં? ચાવડા રજપૂતોમાં છેલ્લો રાજા કોણ થઇ ગયો ચાવડા વંશ કેટલાં વરસ સુધી ચાલ્યો? ચાવડા વંશમાં બધા મળીને કેટલા રાજા થઇ ગયા? ચાવડા વંશના આઠે રાજા કયારે ગાદીએ બેઠા, કયારે ગાદી ઉપરથી ઉઠયા, ને દર એક જણે કેટલાં વરસ રાજ્ય કીધું તે સામટું કહી જાઓ?

(સોલંકી વંશ).

ચાવડા વંશના છેલ્લા રાજા સામતસિંગને પેટે કાંઇ છોકરૂં હતું નહીં એટલે ચાવડા વંશના રાજ્યની ગાદી સોલકી વંશમાં ગઇ. એવી રીતે કે સામતસિંગની બેહેન લીલાદેવી કરીને હતી તે કનોજના રાજા ભુવનાદિત્યના છોકરા રાજ સાથે પરણી હતી. તે લીલાદેવીને મૂળરાજ નામે છોકરો થયો. એ મૂળરાજ મૂળ નક્ષત્રમાં જન્મ્યો તેથી તેનું નામ મૂળરાજ પડ્યું. એ મૂળરાજે પોતાના મામા સામતસિંગને મારી નાંખ્યો ને તેની ગાદીએઇ૦ સ૦ ૯૪૨ માં બેઠો. મૂળરાજ ગાદીએ બેઠો તેવારે ઉત્તરેથી અજમેરનો રાજા ચઢી આવ્યો. અને દક્ષિણથી તેલંગણના રાજાએ પોતાના

સરદાર બાર્પને સ્વારી કરવા મોકલ્યો, તેમાં મૂળરાજે અજમેરના રાજાને તો કાંઇક ધન આપીને પાછો વાળ્યો, અને સરદાર બાર્પને લડાઇમાં હરાવી નસાડી મૂકયો. ત્યાર પછી મૂળરાજે સોરઠના રાજા ઉપર ચઢાઇ કરી ને તેને હરાવી પોતાની આણ મનાવી અને તેની મદદે આવેલા કચ્છના રાજા લાખાને માર્યો મૂળરાજે કેટલાંએક શિવાલય બંધાવ્યાં, અને સિદ્ધપોરમાં એક મોટું રૂદ્રમાળ દેહેરૂં બંધાવ્યું અને ઔદીચ બ્રાહ્મણોને ગુજરાતમાં વસાવ્યા. એ મૂળરાજ સોલંકી વંશનો પેહેલો રાજા લોભી તેમ પરાક્રમી હતો. તે ૫૫ વરસ રાજ્ય કરીને ઈ૦ સ૦ ૯૯૭ માં મરણ પામ્યો.

મૂળરાજ પછી તેની ગાદીએ તેનો છોકરો ચામૂડ બેઠો. ચામૂડને ત્રણ છોકરા હતા (વલ્લભસેન, દુર્લ્લભસેન ને નાગરાજ), તેમાં ચામૂડે ૧૩ વરસ રાજ્ય કરીને પોતાના મોટા છોકરા વલ્લભસેનને ગાદી સોંપી ને પોતે કાશીએ જઇ રહ્યો વલ્લભસેન થોડા મહિના રાજ્ય ભોગવી શૈયકના રોગથી મરણ પામ્યો. એ વલ્લભસેન પછી તેની ગાદી તેના ભાઇ દુર્લ્લભસેનને મળી. દુર્લ્લભસેને સારી રીતે રાજ્ય ચલાવ્યું, દેશની આબાદાની કરી, અને તળાવ દેહેરાં બંધાવ્યાં તથા બીજાં ધર્મનાં કામો કીધાં.

દુર્લ્લભસેન પછી ચામૂડના ત્રીજા છોકરા નાગરાજનો છોકરો ભીમદેવ ગાદીએ બેઠો. એ ભીમદેવના વખતમાં ગિજનીના સુલતાન મહમૂદ બાદશાહે ઈ૦ સ૦ ૧૦૨૪ માં ગુજરાત ઉપર સ્વારી કરી તેથી ભીમદેવ નાઠો, ને મહમૂદે કાઠિઆવાડની નૈરૂત્ય દિશાએ પ્રભાસ પાટણમાં સોમનાથનું દેહેરૂં છે તે લૂટી લીધું, ને ત્યાંથી બહુ પૈસો મેળવી પોતાના દેશ તરફ ચાલતો થયો. એ ભીમદેવના વખતમાં વીમળશાહ નામે પૈસાદાર શ્રાવકે આબુ ઉપર અને આરાસૂર ઉપર સારા આરસપાહાણના જૈન ધર્મનાં દેહેરાં બંધાવ્યાં. ભીમદેવ માહા બાણાવળી ને જોરાવર રાજા હતો. તેને ત્રણ

છોકરા હતા (કરણ, ખેમરાજને, મૂળરાજ), તેમાંભીમદેવ ૫૦ વરસ રાજ્ય કરીને ઇ૦ સ૦ ૧૦૭૨ માં પોતાના છોકરા કરણને રાજ્ય સોંપી પોતે તિર્થવાસી થયો. કરણ રાજા ગાદીએ બેઠા પછી તેણે ધંધુકા, મેહેવાસ વગેરેના કોળી રાજાઓને વશ કર્યા તેથી એના વખતમાં લડાઇઓ થઇ નથી. એ કરણ રાજાએ પાટણની દક્ષિણે મોઢેરા ગામ છે ત્યાં કરણ સાગર નામે મોટું તળાવ બંધાવ્યું, તથા કરણાવતી નામે શેહેર વસાવ્યું. એ કરણાવતી શેહેર કયાં છે તે માલમ પડયું નથી.

કરણ રાજા દક્ષિણ માંડેલા ચંદ્રાવતી નગરના રાજા રાજકેશીની છોકરી મીનળદેવી સાથે પરણ્યો હતો. તેને સિદ્ધરાજ નામે કુંવર થયો. એ સિદ્ધરાજ ૧૧ વરસનો થયો એટલે કરણ રાજા મરણ પામ્યો. સિદ્ધરાજની નાની ઉમ્મરમાં બાપ મરણ પામ્યો તેથી થોડાં વરસ સિદ્ધરાજની મા મીનળદેવીએ રાજ્ય ચલાવ્યું. એ મીનળદેવીએ અમદાવાદ જીલ્લાના વીરમગામ કસબામાં મુનસર, ને ધોળકા કસબામાં મલાવ એવાં બે તળાવો બંધાવ્યાં સિદ્ધરાજ નાનો હતો ને તેની મા મીનળદેવી રાજ્ય ચલાવતી હતી તે વખત માળવાના રાજા યસોવરમાને એ રાજ્ય પર ચઢાઇ કરી. પણ પાછળથી સિદ્ધરાજ તેની સાથે બાર વરસ સુધી લડયો ને અંતે તે યસોવર માન રાજાને હરાવીને કેદ કીધો. વળી કોઇ કુંભારને ત્યાં ઉછરેલી છોકરી નામે રણીક દેવી કરીને હતી. તેની સાથે સિદ્ધરાજનો વિવાહ થયલો હતો, તે કુંવરીને સોરઠનો રાજા રાખેંગાર જોર જુલમથી લઇ જઇને પરણ્યો, તેથી તે કન્યા પાછી લેવા સારૂ સિદ્ધરાજે તે સોરઠના રાજારાખેંગાર સાથે મોટી લડાઇ કરી, તેમાં રાખેંગાર હાર્યો ને સિદ્ધરાજે રાણીક દેવીને પાછી આણી; પણ પછી તે રાણી રાણીકદેવી પાછી સિદ્ધરાજ સાથે પરણી નહીં ને

વઢવાણ આગળ સતી થઇને બળી મોઈ. સિદ્ધરાજે પાટણમાં સહસ્ર-લિંગ તળાવ બંધાવ્યું, અને સિદ્ધપોરમાં રૂદ્રમાળ બંધાવ્યું, ને બીજાં ધર્મનાં કામો કરીને લોકોને સુખી કર્યા તેથી તેની ઘણી નામના થઇ. સિદ્ધ-રાજ એ હીંદુ રાજાઓમાં સૌથી મોટો વિદ્વાન અને પ્રતાપી રાજા થઇ ગયો. તેણે રૈયતને સુખ થાય એવી રીતે રાજ્ય ચલાવ્યું તેથી હાલ તેને સિદ્ધ-રાજ જયસિંહ કે સધરા જેસંગ કેહે છે. એ રાજા ૪૯ વરસ રાજ્ય કરીને સન ૧૧૪૩માં મરણ પામ્યો.

સિદ્ધરાજને કાંઇ છોકરો હતો નહીં તેથી તેનું રાજ્ય તેના ઓરમાન કાકા ખેમરાજના વંશમાં ગયું. ખેમરાજને દેવપ્રસાદ કરીને છોકરો હતો, દેવપ્રસાદને ત્રિભોવનપાળ કરીને છોકરો હતો, અને ત્રિભોવનપાળને મહી-પાળ, કીરતીપાળ, ને કુમારપાળ એવા ત્રણ છોકરા હતા-તેમાં સિદ્ધરાજ પછી તેની ગાદીએ તે ખેમરાજના છોકરાનો છોકરો, ને તેનો છોકરો કુમાર-પાળ બેઠો. કુમારપાળને ગાદીએ બેસાડવાની સિદ્ધરાજની તો મરજી હતી નહીં પણ સિદ્ધરાજ મુવા પછી તેના પ્રધાનોએ કુમારપાળને ગાદીએ બેસા-ડયો. એ કુમારપાળે ઘણાં શિવાલય તથા પારસનાથનાં દેહેરાં બંધાવ્યાં. એ રાજા ૩૧ વરસ રાજ્ય કરીને રગત પીતના રોગથી મરણ પામ્યો, અને કેટલાક કેહે છે કે તેના ભત્રિજા અજેપાળે ઝેર દઇને તેને મારી નાંખ્યો. કુમારપાળ પછી તેનો ભાઇ મહીપાળનો છોકરો અજેપાળ ગાદીએ બેઠો. એ રાજા વૈશ્નવ ધર્મને માનતો તેથી જૈન ધર્મનાં ઘણાંક દેહેરાં તેણે તો-ડાવી નાંખ્યાં. એને રાજ્ય કરતાં ત્રણ વરસ થયાં એટલામાં એની દેવ-ડીના કોઇ માણસે કટાર મારી એનો જીવ લીધો. એ અજેપાળ પછી તેની ગાદીએ તેનો નાનો છોકરો મૂળરાજ બેઠો. એ મૂળરાજને બચપણમાં ગાદી મળી તેથી તેનું નામ બાળ મૂળરાજ પડયું. એની નાની ઉમ્મરને

લીધે થોડી મુદ્દત એની માએ રાજ્યનો વહિવટ ચલાવ્યો. એ બાળમૂળરાજના વખતમાં મહમદ શાહબુદ્દીન ગોરી નામના મુસલમાન બાદશાહે ગુજરાત ઉપર ચઢાઇ કરી હતી, પણ તેને બાળમૂળરાજના કાકા ભોળા ભીમદેવે હરાવીને પાછો કાહાડયો. બે વરસ સુધી બાળમૂળરાજનું રાજ્ય ફકત નામનું ચાલ્યું, પછી તેની ગાદીએ તેનો કાકો ભીમદેવ બેઠો. એ ભીમદેવ રાજા ચઢાઉ ને અવિચારી હતો તેથી તેને ભોળો ભીમદેવ કેહે છે. એ ભોળા ભીમદેવને ને દીલ્હીના ચોહાણ જાતના પૃથુરાજને મોટી લડાઇ થઇ હતી. કારણ કે પૃથુરાજનો વિવાહ જે આબુના રાજાની છોકરી સાથે થયો હતો તે કન્યા ભોળા ભીમને જોઇતી હતી; પણ તેમાં ભોળો ભીમ હાર્યો ને તેનું કાંઇ ચાલ્યું નહીં. ભોળો ભીમ ૬૩ વરસ રાજ્ય કરીને મરણ પામ્યો. ત્યાર પછી તેની ગાદીએ ત્રિભોવનપાળ બેઠો. એ ત્રિભોવનપાળ સોલંકી વંશનો છેલ્લો રાજા થઇ ગયો. તેણે ફકત બેજ વરસ રાજ્ય કીધું એટલામાં વાઘેલા વંશના વિશળદેવ રાજાએ તેને ગાદી ઉપરથી ઉઠાડી મૂકયો, ને પછી એ સોલંકીના રાજ્ય પર વાઘેલા રાજાની સત્તા બેઠી. ત્રિભોવનપાળ રાજાના વખતમાં કાંઇ જાણવા જોગ બીના બની નથી. સોલંકી વંશ ઇ૦ સ૦ ૯૪૨થી સન ૧૨૪૪ સુધી એટલે ૩૦૨ વરસ ચાલ્યો. સોલંકી વંશમાં બધા મળીને ૧૨ રાજા થઇ ગયા તેમનાં નામ, તથા રાજ્ય કર્યાના વરસની વંશાવળી નીચે મુજબ.

	કયારે ગાદીએ બેઠો.	કયારે ગાદીપરથી ઉઠયો.	કેટલાં વરસ રાજ્ય કીધું.
મૂળરાજ.	ઇ૦ સ૦ ૯૪૨	૯૯૭	૫૫
ચામુંડ.	ઇ૦ સ૦ ૯૯૭	૧૦૧૦	૧૩
વલ્લભસેન.	ઇ૦ સ૦ ૧૦૧૦	૧૦૧૦	થોડા મહિના.

દુર્લભસેન.	ઇ૦ સ૦	૧૦૧૦……	૧૦૨૨…………	૧૨
ભીમદેવ.	ઇ૦ સ૦	૧૦૨૨……	૧૦૭૨…………	૫૦
કરણ.	ઇ૦ સ૦	૧૦૭૨……	૧૦૯૪…………	૨૨
સિદ્ધરાજ.	ઇ૦ સ૦	૧૦૯૪……	૧૧૪૩…………	૪૯
કુમારપાળ.	ઇ૦ સ૦	૧૧૪૩……	૧૧૭૪…………	૩૧
અજેપાળ.	ઇ૦ સ૦	૧૧૭૪……	૧૧૭૭…………	૩
બાળમૂળરાજ.	ઇ૦ સ૦	૧૧૭૭……	૧૧૭૯…………	૨
ભોળોભીમદેવ.	ઇ૦ સ૦	૧૧૭૯……	૧૨૪૨…………	૬૩
ત્રિભોવનપાળ.	ઇ૦ સ૦	૧૨૪૨……	૧૨૪૪…………	૨

(પરીક્ષાના સવાલો).

ચાવડા વંશના છેલ્લા રાજા સામતસિંગને પેટે શું છોકરાં હતાં? સામતસિંગ મુવા પછી ચાવડા વંશની ગાદી કયા વંશમાં ગઇ? સામતસિંગની બેહેનનું નામ શું? લીલાદેવી કોની સાથે પરણી હતી? મૂળરાજ કોનો છોકરો? મૂળરાજ શાથી નામ પડ્યું? સામતસિંગ પછી તેની ગાદીએ કોણ બેઠું? મૂળરાજ સામતસિંગનો શું સગો થાય? મૂળરાજને સામતસિંગે ખુશીથી ગાદી ઉપર બેસાડયો કે? મૂળરાજ કયા વરસમાં સામતસિંગની ગાદીએ બેઠો? મૂળરાજ ગાદીએ બેઠો ત્યારે કયા કયા રાજા ચઢી આવ્યા? પછી તે રાજાઓએ શું કીધું? ત્યાર પછી મૂળ રાજે કયાં ચઢાઇ કરી ને કોને માર્યો? મૂળરાજે ધર્મનાં શું શું કામો કીધાં? કઇ જાતના બ્રાહ્મણોને મૂળરાજે ગુજરાતમાં વસાવ્યા? મૂળરાજ કેવો રાજા હતો? મૂળરાજે કેટલાં વરસ રાજ્ય કીધું, ને કયા સાલમાં મરણ પામ્યો? મૂળરાજ પછી તેની ગાદીએ કોણ બેઠું? ચામૂડને કેટલા છોકરા હતા તેનાં નામ દે-

ઓ? ચામુંડ પછી તેની ગાદીએ કોણ બેઠું? વલ્લભસેને કેટલા વરસ રાજ્ય કીધું? વલ્લભસેન શાથી મરણ પામ્યો? વલ્લભસેનની ગાદી કોને મળી? દુર્લ્લભસેને કેવી રીતે રાજ્ય ચલાવ્યું ને શું શું કામો કીધાં? દુર્લ્લભસેન પછી કોણ ગાદીએ બેઠું? ભીમદેવના વખતમાં કયા બાદશાહે ગુજરાત ઉપર સ્વારી કરી હતી? કયા વરસમાં સ્વારી કરી હતી? તેમાં ભીમદેવનું શું થયું? સુલતાન મહમૂદે પછી કયું દેહેરું લૂટ્યું? તે દેહેરામાંથી શું શું તેણે લૂટી લીધું? સોમનાથનું દેહેરૂં કેણી તરફ છે? ભીમદેવના વખતમાં આબુ ઉપર ને આરાસુર ઉપર કોણે દેહેરાં બંધાવ્યાં? ભીમદેવ કેવો રાજા હતો? ભીમદેવને કેટલા છોકરા હતા તેના નામ દેઓ? ભીમદેવે કેટલાં વરસ રાજ્ય કીધું, ને કયા સાલમાં રાજ્યની ગાદી છોડી? ભીમદેવે રાજ્યની ગાદી કોને સોંપી? કરણ રાજાએ ગાદીએ બેઠા પછી તેણે કયા લોકોને વશ કર્યા? કરણ રાજાના વખતમાં લડાઇઓ કેવા થઇ? કરણ રાજાએ કયું તળાવ બંધાવ્યું? ને કયું શેહેર વસાવ્યું? કરણ સાગર તળાવ કયાં છે? કરણાવતી શેહેર કયાં છે? કરણ રાજા કોની સાથે પરણ્યો હતો? કરણ રાજાના છોકરાનું નામ શું? સિદ્ધરાજ કેટલાં વરસનો થયો ત્યારે કરણ મરણ પામ્યો? સિદ્ધરાજ નાની ઉમ્મરનો હતો ને તેનો બાપ મરણ પામ્યો ત્યારે થોડાં વરસ રાજ્ય કોણે ચલાવ્યું? સિદ્ધરાજની માનું નામ શું? મીનળદેવીએ કયા કયા તળાવો બંધાવ્યાં? મીનળદેવી રાજ્ય ચલાવતી હતી તે વારે તેના રાજ્ય ઉપર કોણે ચઢાઇ કરી હતી? પછી તે યસોવરમાન રાજાનું શું થયું? સિદ્ધરાજનો વિવાહ કોની સાથે થયો હતો? રાણીકદેવી કોની છોકરી હતી? રાણીકદેવીને કોણ પરણી લઇ ગયું હતું? રાણીકદેવીને સારૂ કોને કોને લડાઇ થઇ હતી? સોરઠના રાજા પાસેથી રાણીકદેવી સિદ્ધ-

રાજને હાથ આવી કે નહીં? સિદ્ધરાજે કયાં તળાવ બંધાવ્યું, અને રૂદ્રમાળ કયાં બંધાવ્યું? સિદ્ધરાજની નામના શાથી થઇ? સિદ્ધરાજ એ હિંદુરાજાઓમાં કેવો રાજા થઇ ગયો? સિદ્ધરાજ જયસિંહ અથવા સધરા જેસંગ કેમ કેહે છે? સિદ્ધરાજે કેટલાં વરસ રાજ્ય કીધું, ને કયા શાલમાં મરણ પામ્યો? સિદ્ધરાજને કેટલા છોકરા હતા? સિદ્ધરાજને કંઇ છોકરૂં હતું નહી ત્યારે તેની ગાદી કોના વંશમાં ગઇ? ખેમરાજને કેટલા છોકરા હતા? દેવપ્રસાદને કેટલા છોકરા હતા? ત્રિભોવનપાળને કેટલા છોકરા હતા? સિદ્ધરાજ પછી તેની ગાદીએ કોણ બેઠું? સિદ્ધરાજની મરજી કુમારપાળને ગાદીએ બેસાડવાની ખરી કે નહીં? કુમારપાળને સિદ્ધરાજની ગાદીએ કોણે બેસાડયો? કુમારપાળે શું શું ધર્મનાં કામો કીધાં? કુમારપાળે કેટલાં વરસ રાજ્ય કીધું? કુમારપાળ શા કારણથી મરણ પામ્યો? કુમારપાળ પછી તેની ગાદીએ કોણ બેઠું? અજેપાળ કયો ધર્મ પાળતો હતો? અજેપાળને કોણે મારી નાંખ્યો? અજેપાળ પછી કોણ ગાદીએ બેઠું? બાળમૂળરાજ શાથી નામ પડયું? બાળમૂળરાજ નાનો હતો તેથી થોડી મુદ્દત કોણે રાજ્ય ચલાવ્યું? બાળમૂળરાજના વખતમાં કયા મુસલમાન બાદશાહે ગુજરાત ઉપર ચઢાઇ કરી હતી? પછી તે ચઢાઇમાં શું થયું? બાળમૂળરાજે કેટલાં વરસ રાજ્ય કીધું? બાળમૂળરાજ પછી તેની ગાદીએ કોણ બેઠું? ભીમદેવ ભોળો ભીમદેવ શાથી કેહે છે? ભોળા ભીમદેવને કોની સાથે લડાઇ થઇ હતી? શા કારણથી ભીમદેવને પૃથુરાજ સાથે લડાઇ કરવી પડી હતી? પછી ભીમદેવનું તે લડાઇમાં શું થયું? ભોળો ભીમ કેટલાં વરસ રાજ્ય કરીને મરણ પામ્યો? ભોળા ભીમની ગાદીએ કોણ બેઠું? સોલંકી વંશમાં છેલ્લો રાજા કોણ થઇ ગયો? ત્રિભોવનપાળે કેટલાં વરસ રાજ્ય કીધું? ત્રિભોવનપાળને ગાદી ઉપરથી કોણે ઉઠાડી મૂકયો? સોલંકી વંશ પછી કયા વંશના રાજાઓ થયા? ત્રિભો

વનપાળના વખતમાં શું શું જાણવા જોગ બીના બની? સોલંકી વંશ કેટલાં વરસ ચાલ્યો? સોલંકી વંશમાં બધા મળીને કેટલા રાજાઓ થઇ ગયા? સોલંકી વંશના બારે રાજા ક્યારે ગાદી પર બેઠા, ક્યારે ગાદી પરથી ઉઠયા, ને દર એક જણે કેટલાં વરસ રાજ્ય કીધું તે સામટું કહી જાઓ?

(વાઘેલા વંશ)

કોઇ વાઘેલો રજપૂત લવણ પ્રસાદ વાઘેલા ગામમાં રેહેતો હતો તથી વાઘેલા વંશ નામ પડ્યું. એ લવણ પ્રસાદ સોલંકી વંશના ભોળા ભીમદેવ રાજાનો પ્રધાન બન્યો હતો. પાછળથી અકેકને અણબનાવ થયો તેથી લવણ પ્રસાદે બંડ ઉઠાવી તેનો મૂલક બધો કબજે કરી લીધો. એ લવણ પ્રસાદને વીરધવળ નામે પરાક્રમી છોકરો હતો તેણે બાપના રાજ્યમાં વધારો કર્યો. એ વીરધવળને વસ્તુપાળ ને તેજપાળ એવા બે પ્રધાન હતા. તેઓ મોટા લડવૈયા હતા. વીરધવળ રાજા ઇ૦ સ૦ ૧૨૪૦માં મરણ પામ્યો, ત્યાર પછી તેની ગાદીએ તેનો છોકરો વિશળદેવ બેઠો. એ વિશળદેવ વાઘેલા વંશમાં પેહેલો રાજા થયો. વિશળદેવે ઇ૦ સ૦ ૧૨૪૪માં અણહિલવાડ એટલે પાટણ ઉપર સ્વારી કરીને ત્યાંના છેલ્લાં સોલંકી રાજા ત્રિભોવનપાળને હરાવી તેનું રાજ્ય જીતી લીધું, ને પોતે તેની ગાદી ઉપર બેઠો. પછી તેણે ગુજરાત માંહેલાં વીશનગર ને વીજાપોર એવાં બે શેહેરો વસાવ્યાં ને ડભોઇનો કિલ્લો બાંધ્યો. એ વિશળદેવ રાજા કર્ણાટકના રાજાની કુંવરી સાથે પરણ્યો હતો. બિશળદેવે ૧૮ વરસ રાજ્ય કીધું, ત્યાર પછી તેની ગાદીએ અનુક્રમે **અરજુનદેવ, સારંગદેવ, ને કરણ ઘેલો** એવા ત્રણ રાજાઓ થયા. વાઘેલા વંશનો છેલ્લો રાજા કરણઘેલો ઇ૦ સ૦ ૧૨૭૯માં ગાદીએ બેઠો. એ કરણઘેલા રાજાની પાસે માધવ ના-

ને કેશવ એવા બે પ્રધાન હતા, તેમાં માધવની બહેરી ઘણી રૂપવંતી હતી તેને કરણ રાજાએ જોર જુલમથી લઇ લીધી ને વળી કેશવ પ્રધાનને મારી નાંખ્યો. તેથી માધવ પ્રધાન દીલ્હીના અલાઉદ્દીન બાદશાહ પાસે ગયો, ને તેને કેટલીક ભેટ આપીને સમજાવીને ગુજરાત ઉપર તે અલા-ઉદ્દીન પાસે ચઢાઇ કરાવી. પછી કરણ રાજાની ને અલાઉદ્દીનની મોટી લડાઇ થઇ તેમાં કરણ રાજા હાર્યો ને દક્ષિણ તરફ નાસી ગયો, ને તેનું રાજ્ય એ અલાઉદ્દીન ખીલજીએ જીતી લીધું. વળી એ કરણ રાજાની રાણીઓને પકડીને તેને દીલ્હી મોકલી દીધી ને તેમાંની એક કમળાદેવી કરીને હતી તેને અલ્લાઉદ્દીને પોતાની સ્ત્રી કરી રાખી. એ કમળાદેવીને એક છોકરી હતી તે આ વખતે પોતાનો બાપ કરણ નાઠો તેની સાથે હતી. કરણ રાજા તેને લઇને દક્ષિણમાં નાશીકની ઉત્તરે બાગલાણમાં ભરાયો હતો ત્યાં અલાઉદ્દીને ફોજ મોકલીને તે છોકરીને પણ પોતાની પાસે તેડાવી લીધી. એ રીતે વાઘેલા રાજાઓની પડતી આવી ને છેલ્લો રાજા કરણ જ્યારથી લડાઇમાં અલાઉદ્દીન ખીલજી સાથે હાર્યો ત્યારથી ગુજરાતની ગાદી મુસલમાનના હાથમાં ગઇ. વાઘેલા વંશમાં બધા મળીને ચાર રાજાઓ થઇ ગયા તેમનાં નામ, તથા રાજ્ય કર્યાના વરસની વંશાવળી નીચે મુજબ.

	ક્યારે ગાદીએ બેઠો.	ક્યારે ગાદીપર થી ઉઠ્યો.	કેટલાં વરસ રાજ્ય કીધું.
વિશાળદેવ	વિ૦ સં૦ ૧૨૪૪	૧૨૬૨	૧૮
અરજુનદેવ	વિ૦ સં૦ ૧૨૬૨	૧૨૭૫	૧૩
સારંગદેવ	વિ૦ સં૦ ૧૨૭૫	૧૨૭૯	૪
કરણ ઘેલો	વિ૦ સં૦ ૧૨૭૯	૧૨૮૪	૫

(પરિક્ષાના સવાલો).

વાઘેલા વંશ શાથી નામ પડ્યું ? લવણ પ્રસાદ કોનો પ્રધાન બન્યો હતો ? ભોળા ભીમદેવનો મૂલક શા કારણથી લવણ પ્રસાદે બધો લઇ લીધો ? લવણ પ્રસાદના છોકરાનું નામ શું ? વીરધવળને કયા બે પ્રધાનો હતા તેનાં નામ દેઓ ? વીરધવળ રાજા કયા વરસમાં મરણ પામ્યો ? વીરધવળ પછી તેની ગાદીએ કોણ બેઠું ? વાઘેલા વંશમાં પેહેલો રાજા કયો થયો ? વિશળદેવે કયાં સ્વારી કરી ને કયા વરસમાં ? વિશળદેવે કોનું રાજ્ય જીતી લીધું ? વિશળદેવ રાજાએ કયા કયા શેહેરો વસાવ્યાં ? વિશળદેવ રાજા કોની છોકરી સાથે પરણ્યો હતો ? વિશળદેવે કેટલાં વરસ રાજ્ય કીધું ? વિશળદેવ પછી તેની ગાદીએ કયા કયા રાજાઓ થયા ? વાઘેલા વંશનો છેલ્લો રાજા કયો ? કરણ ઘેલો કયા સાલમાં ગાદીએ બેઠો ? કરણ રાજા પાસે કયા કયા બે પ્રધાનો હતો ? કરણ રાજાનું રાજ્ય કોણે જીતી લીધું ? કરણ ઘેલાને કોની સાથે લડાઇ થઇ હતી ? કરણ ઘેલાને ને અલાઉદ્દીન ખીલચીને લડાઇ થવાનું કરણ શું ? રાજા કરણ લડાઇમાં હાર્યો તો નાશીને કયાં જતો રહ્યો ? કરણ રાજાની રાણીઓને પકડીને અલાઉદ્દીને કયાં મોકલી દીધી ? કરણની બધી રાણીઓમાંથી કઇ રાણીને અલાઉદ્દીને પોતાની બઇરી બનાવી ? કમળાદેવીને એક છોકરી હતી તે કરણ નાઠો તેની સાથે હતી કે અલાઉદ્દીન પાસે હતી ? કમળાદેવીની છોકરીને કરણ પાસેથી અલાઉદ્દીને શી રીતે તેડાવી લીધી ? વાઘેલા રાજાઓની પડતી કયારથી આવી ? ગુજરાતની ગાદી મુસલમાનના હાથમાં કયારથી ગઇ ? વાઘેલા વંશમાં બધા મળીને કેટલા રાજાઓ થઇ ગયા ? વાઘેલા વંશના રાજાઓનાં નામ, અને તેઓના રાજ્ય કર્યાના વરસની સંખ્યાવળી બોલી જાઓ ?

"રીપન પ્રીનટીંગ પ્રેસ," ઘોભીતળાવ.

ખબર.

નીચે લખેલી ચોપડીઓ **સુરત**માં ચોક બજાર, નાણાવટ, અને ભાગા તળાવના બુક સેલરો; **મુંબઈ**માં ભુલેશ્વર આગળ ડાહ્યાભાઈ જગજીવનદાસ, કાળકાદેવી આગળ દામોદરદાસ ઈશ્વરદાસ તથા શેરાબાદજી હોરમસજી બુક સેલરો, ધોબીતળાવ આગળ એરચશાહ બેજનજી કરાણી બુકસેલર, કોટમાં જાહાંગીરજી બેજનજી કરાણી તથા શાપુરજી ફરામજી માંડણ બુક સેલરો; **પુના**માં સદર બજારમાં છગનલાલ ખોડીદાસ માસ્તર; **વલસાડ**માં દુવારકાદાસ પરભુદાસ બુક સેલર, **ભરૂચ**માં કતોપોરના બજારમાં કાગદી કાદરભાઈ ચાંદાભાઈ બુકસેલર; **રાજકોટ**માં પરશા. લખમીચંદ ઉત્તમચંદ બુક સેલર; અને **કરાંચી**માં કાંપના બુક સેલર પાસેથી વેચાતી મળશે. ચોપડીઓના કમીશન વગેરેનો બંદોબસ્ત કરવો હોય તો સુરત સગરામપરે મી૦ નગીનદાસ ફકીરભાઈ કાશીદાસને પોષ્ટપેડ કાગળથી લખી જણાવવું.

૦	૧	૬	ગુજરાતી પેહેલી ચોપડીના અર્થ.	૦	૩	૬	રાજાઓની વંશાવળી.
૦	૨	૦	ગુ૦ બીજીના અર્થ.	૦	૬	૬	કોહેડા સંગ્રહ.
૦	૩	૦	ગુ૦ ત્રીજીના અર્થ.	૦	૩	૦	ચિત્રપોથી.
૦	૪	૬	ગુ૦ ચોથીના અર્થ.	૦	૧	૦	આંકની ચોપડી.
૦	૫	૦	ગુ૦ પાંચમીના અર્થ.	૦	૧	૦	કોષ્ટકની ચોપડી.
૦	૬	૦	ગુ૦ છઠ્ઠીના અર્થ.	૦	૪	૦	અંગ્રેજી પેહેલીના મીનિંગ તરજુમાં સહીત.
૦	૭	૦	ગુ૦ સાતમીના અર્થ.				
૦	૨	૦	સુરત જીલ્લાની ભૂગોળ.	૦	૬	૦	અંગ્રેજી બીજીના મીનિંગ તરજુમા સહીત
૦	૧	૬	મુંબઈ ઇલાકાની ભૂગોળ.				
૦	૩	૦	હિંદુસ્તાનની ભૂગોળ.	૦	૧૨	૦	અંગ્રેજી થર્ડના મીનિ

એ શિવાય અંગ્રેજી બુકોનાં તમામ મીનિંગો પણ મળશે.